
યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૬ અંક - ૫-૬ મે-જૂન-૨૦૧૯
Postal Registration No. GAMC 1417/2018-2020 Valid up to 31-12-2020 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-







પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૭૫મા પ્રાગટ્ય
પર્વે મહાનિશાધ્યાન પછી પૂજ્ય સ્વામીજી ભાવસમાધિમાં
તા. ૪-૫-૨૦૧૯, સવારે ૧-૩૦ કલાકે



ગુજરાત રાજ્યના આદરણીય રાજ્યપાલ મહોદય
શ્રી ઓમપ્રકાશ કોહલીજીનું શિવાનંદ આશ્રમમાં ભવ્ય
આગમન-પૂજ્ય સ્વામીજી દ્વારા સન્માન (તા. ૩-૫-૨૦૧૯)



આદરણીય શ્રી પી.કે. લહેરીજીનું સન્માન ''માનવભૂષણ'' (તા. ૩-૫-૨૦૧૯)



ડૉ. મિહિર ઉપાધ્યાયજીનું સન્માન
''સંસ્કૃતભૂષણ'' (તા. ૩-૫-૨૦૧૯)



પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું જાહેર સન્માન
''ગુજરાત રત્ન ગૌરવ'' (તા. ૧-૫-૨૦૧૯)



પૂજ્યા સ્વામિની વિદ્યાપ્રકાશાનંદ માતાજી દ્વારા
પૂજ્ય સ્વામીજીનું અભિવાદન
(તા.૨૯-૪-૨૦૧૯)









શ્રીમદ્ દેવી ભાગવત કથા : તા. ૧૯ એપ્રિલથી તા. ૨૭ એપ્રિલ સુધી. પૂજ્યશ્રી આચાર્ય મહામંડળેશ્વર
સ્વામી વિશોકાનંદજી મહારાજ તથા પૂજ્યા શ્રી આનંદમૂર્તિ ગુરુમાનું કથા દરમિયાન ભવ્ય આગમન

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૧૬ અંક : ૫-૬ મે-જૂન-૨૦૧૯



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)**
**શ્રીમતી રૂપા મજમુદાર**

O

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**

**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

O

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

O

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

**न वित्तेन तर्पणीयो मनुष्यो लप्स्यामहे वित्तमद्राक्ष्म चेत् त्वा ।**
**जीविष्यामो यावदीशिष्यसि त्वं वरस्तु मे वरणीयः स एव ॥**

**कठोपनिषद: १-१-२७**

આપ જાણો જ છો, ધનથી મનુષ્ય ક્યારેય તૃપ્ત થઈ શકતો નથી. અગ્નિમાં ઘી હોમવાથી આગ વધુ ભભૂકે છે તેવી જ રીતે ધન અને ભોગની પ્રાપ્તિથી ભોગ-કામનાનો વિસ્તાર થાય છે. ત્યાં તૃપ્તિ કેવી ? ત્યાં તો દિવસ-રાત અપૂર્ણતા અને અભાવની આગમાં શેકાવું પડે છે. આવા દુઃખમય ધન અને ભોગની કોઈ પણ બુદ્ધિમાન પુરુષ માગ કરતો નથી. મને મારા જીવનનિર્વાહ માટે જેટલા ધનની આવશ્યકતા હશે એટલું તો આપનાં દર્શનથી એમ ને એમ જ પ્રાપ્ત થઈ જશે. હવે રહી દીર્ઘ આયુષ્યની વાત! તો જ્યાં સુધી મૃત્યુના પદ પર આપનું શાસન છે ત્યાં સુધી મને મરવાનો ભય પણ કેમ હોય ? માટે જ કોઈ પણ દૃષ્ટિથી મને બીજું વરદાન માગવાનું ઉચિત નથી લાગતું, એટલે મારી પ્રાર્થના તો તે આત્મતત્ત્વવિષયક વરદાન જ છે. હું તેને પાછું લઈ શકતો નથી.

## શિવાનંદ વાણી

### ગુરુનો જય થાઓ!

"હે મહાન, પરમ સન્માનનીય ગુરુ ! હું આદરપૂર્વક તમને નમસ્કાર કરું છું. હું તમારા ચરણકમળ પ્રત્યે અચૂક ભક્તિભાવ કેવી રીતે પ્રાપ્ત કરી શકું અને તમારાં દયાળુ ચરણોમાં મારું મન હંમેશાં ભક્તિભાવપૂર્વક કેવી રીતે રચ્યું-પચ્યું રહે તે મહેરબાની કરીને મને કહો" એમ કહીને ખૂબ નમ્રતાપૂર્વક અને આત્મસમર્પણની ભાવનાથી શિષ્યે ગુરુને દંડવત્ પ્રણામ કરવા અને તેમની પાસે કાલાવાલા કરવા.

સાક્ષાત્ ઈશ્વર જેવા સર્વોચ્ચપદ પામેલા ગુરુનો જય થાઓ ! ગુરુનો યશ ગાતાં ધર્મશાસ્ત્રોનો જય થાઓ ! આવા ગુરુનો જેણે એકમાત્ર આશ્રય લીધો છે તેવા સાચા શિષ્યનો જય થાઓ !

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કઠોપનિષદ્ | ................................ | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | ................................ | ૪ |
| ૩. | સંપાદકીય | તંત્રી........................... | ૫ |
| ૪ | રાષ્ટ્રીય વિકાસ-આપણી કન્યાઓ અને પર્યાવરણરક્ષા | શ્રી શ્યામસુંદર પાલિવાલજી ........... | ૬ |
| ૫ | વર્તમાન શિક્ષણ (કેળવણી) આપણું ભવિષ્ય | ડો. નીરજા અરુણ ગુપ્તા ............... | ૮ |
| ૬ | સંસ્થા આયોજન-પ્રયોજન વિશે ચિંતન | શ્રી અરુણભાઈ ડી. ઓઝા .............. | ૧૦ |
| ૭ | આચાર પ્રભવો ધર્મઃ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી ............ | ૧૧ |
| ૮ | વર્તમાન રાષ્ટ્રના પરિપેક્ષ્યમાં આપણું કર્તવ્ય | ડો. શ્રી સ્વામી મુક્તાનંદજી ............ | ૧૪ |
| ૯ | માનસિક શાંતિના સચોટ ઉપાયો | પ્રજાપિતા બ્રહ્માકુમારી શિવાનીદીદી ...... | ૧૬ |
| ૧૦ | ઈચ્છા નહીં હોવા છતાં મનુષ્ય પાપ કેમ આચરે છે ? | શ્રી સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજી ........ | ૧૮ |
| ૧૧ | અધ્યાત્મયાત્રાની બે પાંખ : વિવેક અને ધૈર્ય | શ્રી સ્વામિની અનંતાનંદતીર્થજી ......... | ૨૧ |
| ૧૨ | અંતરયાત્રા | શ્રી સ્વામી અસંગાનંદજી ............... | ૨૪ |
| ૧૩ | અધ્યાત્મદર્શનનું મૂર્તસ્વરૂપ : શ્રી રામકૃષ્ણદેવ | શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી ........... | ૨૬ |
| ૧૪ | માનવતા સે | રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજી ....... | ૨૯ |
| ૧૫ | આમુખ | ...................................... | ૩૩ |
| ૧૬ | અમૃતધારા | સંકલિત ...................... | ૩૪-૫૮ |
| ૧૭ | શિવપુરાણ કથા | ............................ | ૫૯ |
| ૧૮. | હૃષીકેશમાં શ્રીમદ્ ભાગવત કથા | ............................ | ૬૦ |
| ૧૯. | વૃત્તાંત | .............................. | ૬૨ |


## તહેવાર સૂચિ

### જૂન-જુલાઈ-૨૦૧૯

**જૂન**

| તા. | તિથિ | (વૈશાખ વદ) |
|---|---|---|
| ૧ | ૧૩ | સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો સંન્યાસ દિવસ |
| ૩ | ૩૦ | સોમવતી અમાવાસ્યા |
| | | **(જયેષ્ઠ સુદ)** |
| ૧૨ | ૧૦ | શ્રી ગંગા દશહરા |
| ૧૩ | ૧૧ | નિર્જળા એકાદશી |
| ૧૪ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૧૭ | ૧૫ | વટ-દેવસ્નાન પૂર્ણિમા |
| | | **(જયેષ્ઠ વદ)** |
| ૨૧ | ૪ | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ |
| ૨૯ | ૧૧ | યોગિની એકાદશી |
| ૩૦ | ૧૨ | પ્રદોષ પૂજા |

**જુલાઈ**

| | | |
|---|---|---|
| ૨ | ૩૦ | દર્શ અમાવાસ્યા |
| | | **(અષાઢ સુદ)** |
| ૪ | ૨ | શ્રી જગન્નાથ રથયાત્રા |
| ૧૨ | ૧૧ | દેવશયની એકાદશી, ચાતુર્માસ વ્રતારંભ |
| ૧૪ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૧૬ | ૧૫ | શ્રી ગુરુ પૂર્ણિમા |
| | | **(અષાઢ વદ)** |
| ૨૪ | ૭ | સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૫૬મો આરાધના દિવસ |
| ૨૮ | ૧૧ | કામિકા એકાદશી |
| ૨૯ | ૧૨ | પ્રદોષ પૂજા |

**''અનુરોધ-અભિલાષા'' ગ્રાહકોને :**

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

## દિવ્ય સ્ફુલિંગ

### ગુરુનિષ્ઠ જીવન

આપણું જીવન ગુરુનિષ્ઠ હોવું જોઈએ. ગુરુની ઈચ્છા તથા ઉપદેશોને સુસંગત એવું આપણું જીવન હોવું જોઈએ. આપણે આ રીતે જ આપણા ગુરુ પ્રત્યેનો આદર પ્રગટ કરી શકીએ અને આપણે તેને રોજેરોજ પ્રગટ કરવો જોઈએ. આપણે ગુરુના ઉપદેશોના સુમેળમાં જ ગુરુનિષ્ઠ જીવન જીવવું જોઈએ. માત્ર રોજિંદું જીવન જ નહીં, સવારથી રાત સુધી પ્રત્યેક કલાકમાં ગુરુના આદેશો સાથે સુસંવાદી રહેવું જોઈએ.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

શિવાનંદ આશ્રમમાં મેરેથોન જેવો ૧૭ દિવસ સુધી આશ્રમનો ઉત્સવ-ત્રિવેણી ઊજવાયો. અનેક મહેમાન આવ્યાં. એક સંન્યાસીએ પૂજ્ય સ્વામીજીને કહ્યું, "હું કોઇ દિવસ એરોપ્લેનમાં બેઠો નથી, મને અમદાવાદ-હૈદરાબાદ-ભુવનેશ્વર એરોપ્લેનમાં જ મોકલજો. આયોજકોએ પૂજ્ય સ્વામીજીને પૂછ્યું. સ્વામીજીએ કહ્યું, 'બધાંને જેટલી દક્ષિણા આપવામાં આવે છે, તેટલામાં તેમની ફ્લાઇટની ટિકિટ થઇ જશે, પરંતુ દક્ષિણા-વસ્ત્રો બધું તેમને આપજો જ."

હવે ફ્લાઇટમાં જવાનું જેવું સરળ દેખાતું હોય છે તેવું હંમેશાં હોતું નથી. ફ્લાઇટ અમદાવાદથી જ મોડી ઉપડી. હૈદરાબાદ કનેક્શન પણ ખાસ્સું ત્રણ કલાક મોડું મળ્યું. તેઓ ભુવનેશ્વર મોડી રાતે એક વાગ્યે પહોંચ્યા. અકળાયેલો જીવ બોલી ઊઠ્યો, આટલું કષ્ટ ટ્રેનમાં હોતું નથી. ટ્રેનમાં પગ લાંબા કરી શકાય, સૂઈ પણ શકાય. અડોસપડોસ પ્રેમથી વાતો પણ કરે. અહીં તો બધું "મોભાસર".

આપણા જીવનની જે સમસ્યા છે તે એ કે બધું હવે 'રેડીમેડ' જોઇએ છે. સરકારે લોનની વ્યવસ્થા કરી. કંઇક ઉદ્યોગ કરો. તમો બીજા દશને તમારી પાસે કામમાં રાખી શકશો. તમે સ્વતંત્રતાથી તમારામાં રહેલી આવડતનો ઉપયોગ કરી શકશો. પૂજ્ય સ્વામીજીને જામનગર ખાતે એક યોગ, આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સાની હોસ્પિટલની મુલાકાતે નિમંત્રવામાં આવ્યા. જે સજ્જને આ હોસ્પિટલનું નિર્માણ કર્યું છે, તેઓ પચાસ વર્ષ પહેલાં કાળી મજૂરી કરતા હતા. મુંબઇ કમાવાની નગરી છે એ જાણીને કાઠિયાવાડમાંથી નાસી ગયેલા આ યુવકે માટીકામ, ધોબીકામ અને ઘરકામ પણ કર્યાં. મહિને ૩૦૦ રૂપિયા કમાતો આ યુવક દોઢસોમાં ગુજારો કરી દોઢસો રૂપિયા બચાવતો હતો. આમ, એક લાખ ભેગા થયા ત્યારે એક ધંધો કર્યો. વર્ષેદહાડે તેમાં તે માત્ર પંદર હજાર કમાયો. ફરીથી નવેસરથી બીજો ધંધો એક લાખ અને પંદર હજારમાં માંડ્યો અને વર્ષાંતે ત્રેવીસ લાખ કમાયો. જેને પોતાની સાઈકલ ન હતી. જ્ઞાતિની છાત્રાલયમાં રહીને ભણેલો તે આ યુવક હવે માત્ર 'વીસ રૂપિયા'માં શહેર વચ્ચે પૂરું ભોજન આપવાનું સદાવ્રત ચલાવે છે. અગણિત સંસ્થાઓનો ટ્રસ્ટી છે, સંતોષી છે, હસમુખો છે, ઉદાર ચરિત છે. પવિત્ર જીવનયાપન કરે છે. જૈન ઉપાશ્રયો, દેરાસરો, મહારાજસાહેબોની ચર્યા, સેવા તેમના જીવનની પ્રાથમિકતા છે.

ખરેખર વિશ્વમાં કંઇ પણ અસંભવ નથી, આવશ્યક્તા છે થોડી વધુ અને આકરી મહેનત કરવાની. પહેલાં તો એક જ બીજ હોય છે, પછી જ તેમાંથી વૃક્ષ અને ફળ થતાં હોય છે અને ફળ આવે ત્યારે ડાળીઓ ઝૂકી જતી હોય છે ત્યારે પૈસો, માન-સન્માન બધું મળ્યા પછી પણ સરળ, સહજ, નિર્મળ અને સૌથી છેવાડાના માણસને કેમ મદદરૂપ થઇ શકાય તેનું ચિંતન કરી તેને આચરણમાં મૂકી અને જે જીવન જીવે છે તે જ જીવન જીવે છે.

એક સંત કહેતા, જેમ સાધન-સગવડ-સુવિધા વધે તેમ 'સાધના' ઓછી થાય. બીજા એક મિત્રએ કહ્યું, 'જેમ જેમ ભજન ઘટે તેમ તેમ વજન વધે". આ વજન એટલે શારીરિક વજન નહીં, અહંકારનું વજન! માટે સત્સંગ-સ્વાધ્યાય, સેવા અને સમર્પણની ચતુષ્પદી ઉપર અધ્યાત્મજીવનનું પાકું મંડાણ કરવું તથા માનવ-જીવન સાર્થક કરવું. **ૐ શાંતિ**

**- સંપાદક**

ॐ

**શિવાનંદ આશ્રમ, અમદાવાદના ઉત્સવ ત્રિવેણી પ્રસંગે આયોજાયેલા જ્ઞાનયજ્ઞ દરમિયાન થયેલાં પ્રવચનોનું સંકલન અને સંપાદન અત્રે પ્રસ્તુત કરતાં હર્ષ અનુભવીએ છીએ, આ વિશિષ્ટ સેવા આદરણીયા શ્રીમતી રૂપા મનીશ મજમુદારે કરેલ છે. સાધુવાદ. ગુરુ ભગવાન શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની મહત્ કૃપાનું વરદાન તેમનું બહુવિધ મંગળ કરો. ૐ શાંતિઃ (તંત્રી)**

# રાષ્ટ્રીય વિકાસ-આપણી કન્યાઓ અને પર્યાવરણરક્ષા

- શ્રી શ્યામસુંદર પાલિવાલજી, સરપંચ : પીપલાંત્રી, તા. રાજસમંડ, (રાજસ્થાન)

**પ્રવચન : ૧**

હું છ વર્ષનો હતો ત્યારે મારી માતાનો દેહાંત થઈ ગયો. વાર્તા અહીંથી શરૂ થાય છે કે પરમાત્મા ગરીબ લોકો પાસે કેવી રીતે કામ કરાવે છે ! માતાના મૃત્યુ પછી ગામની મહિલાઓએ મને મોટો કર્યો. મેં મજૂરી શરૂ કરી. થોડા સમય પછી ગામમાં પાછો ફર્યો. જ્યાં મારા માતા-પિતાનો જન્મ થયો છે તે ગામ તીર્થથી કંઈ કમ નથી. હું પુષ્કર-પ્રયાગરાજ તીર્થને માનું છું પણ એનાથી મોટું તીર્થ મારું ગામ પીપલાંત્રી છે. આખા ભારતવર્ષમાં મારા ગામનો જયજયકાર થાય તેવું હું ઈચ્છું છું.

હું ભણ્યો નહોતો પણ ગામમાં ભણતા વિદ્યાર્થીઓ માટે વાળંદને બોલાવ્યા, તેમના વાળ કપાવ્યા, નખ કપાવ્યા, સાબુથી હાથ ધોતાં શીખવ્યું, સ્વચ્છ કપડાં પહેરતાં શીખવ્યું. આમ, સ્વચ્છતાનું કામ શરૂ કર્યું. ગામનાં બધાં વિચારવા લાગ્યાં કે આ છોકરો કેવું સુંદર કામ કરે છે ! બધાંને થયું, આ જ ગામનો સરપંચ હોવો જોઈએ. મેં પ્રતિજ્ઞા લીધી, જો હું ગામનો સરપંચ થઈશ તો **ઘરેથી કંઈ લાવીશ નહીં અને ઘરે કંઈ લઈ જઈશ નહીં.** આપની ભાવના પર ખરો ઊતરીશ. હું સરપંચ બન્યો.

**"ખુદી કો કર બુલંદ ઈતના કિ હર તકદીર સે પહલે ખુદા ખૂદ બંદે સે પૂછે બતા તેરી રઝા ક્યા હૈ।"**

મેં સરકારની પોલિસી પૂછી. તેમણે કહ્યું, 'સરકારી અમલદારો આવે છે, ખાઈએ-પીએ છીએ, મજા કરીએ છીએ. પણ મેં પ્રતિજ્ઞા કરી કે હું ગામમાં વીજળી મળે, સડક બને, શાળા બને, મહિલાઓને પાણી મળે, બીમારીઓ ખતમ થાય અને હરિયાળી ક્રાંતિ આવે તેના માટે પ્રયત્ન કરીશ. મારા ગામમાં ગરીબ-પૈસાદાર, ઊંચ-નીચનો ભેદભાવ નહીં રહે. અમે ભારતમાં પહેલું એરકન્ડિશન્ડ પંચાયત ભવન બનાવ્યું. નક્કી કરવામાં આવ્યું કે સ્ત્રીઓ નીચે નહીં બેસે, ગરીબ-વિધવા સ્ત્રીઓ, વિકલાંગ બધાં સાથે બેસશે. સાથે મળીને વિકાસની યોજના બનાવીશું. જ્યાં કમ્પ્યૂટર હોય, વેબસાઈટ હોય, ફેક્સ થાય, ફન્ડિંગ થાય. ગામલોકોએ પૈસા આપ્યા. છ-સાત લાખ રૂપિયા એકઠા થઈ ગયા, જેમાંથી શાનદાર પંચાયત ભવન બનાવ્યું. જે મહિલાઓએ મારી માતાના દેહાંત પછી કરુણાવશ મને મોટો કર્યો, જ્યારે હું સરપંચ બન્યો ત્યારે મારા માથા પર હાથ મૂકી મને આશીર્વાદ આપ્યા તેમનું આત્મસન્માન જળવાવું જ જોઈએ તેવું નક્કી કર્યું. ગામમાં કોઈ પણ ખુલ્લામાં શૌચ ના કરે તે માટે ટોઈલેટ બનાવવાનાં શરૂ કર્યાં. આ સ્વચ્છતા અભિયાનની કામગીરી માટે મને ૨૦૦૭માં આદરણીય શ્રી અબ્દુલ કલામજીના વરદ્ હસ્તે પુરસ્કાર પ્રાપ્ત થયો. મેં નક્કી કર્યું, હું ૨૪ કલાક કામ કરીશ.

મારી દીકરી કિરણ લૂ લાગવાથી મૃત્યુ પામી. હું ખૂબ રડ્યો. બાર દિવસ પછી ગામના લોકોએ મારી પાસે આવી મને કામ શરૂ કરી દેવા સમજાવ્યું. મારી દીકરીના નામે છોડ લગાવ્યા. ગાયને ચારો મળે તેવી વ્યવસ્થા કરી. આવારા ગાયને ગોચર જમીનમાં રાખવાની વ્યવસ્થા કરી. સારી જાતની ગાયની નસલ સુધરે તે માટે કામ શરૂ કર્યું. વૃક્ષારોપણ શરૂ કર્યું. મેં જોયું, મારી દીકરીના મૃત્યુ પછી આખું ગામ જે મારો પરિવાર જ છે તેમની આંખોમાં આંસુ હતાં, તે જોઈ મને ખૂબ દુઃખ થયું. મેં ગામની બધી દીકરીઓનાં નામે વૃક્ષારોપણ કરવાનું નક્કી કર્યું. સદ્‌ભાગ્યે જે દિવસે વૃક્ષારોપણ કરવાનું હતું તે દિવસે એક જૈન મહામુનિનું પદાર્પણ થયું. મેં એમને છોડ લગાવવાનું

કહ્યું પણ એમણે કહ્યું, 'હું આશીર્વાદ આપીશ.' ત્યારબાદ જૈન સમાજે મદદ કરી. ગામની બધી દીકરીઓના નામે રૂ. ૩૧,૦૦૦ની એફ.ડી. કરવામાં આવી. જેમને દીકરી નહોતી તેઓ અમારી ગરીબ દીકરીઓને દત્તક લેવા લાગ્યા. દીકરીઓનું સન્માન વધ્યું.

જે તત્ત્વો સરકારી જમીન ઉપર અતિક્રમણ કરતાં હતાં તેઓ વૃક્ષારોપણનો વિરોધ કરવા લાગ્યાં. ગામની મહિલાઓ આગળ આવી. તેમણે રક્ષાબંધનના દિવસે ઝાડને રાખડી બાંધવાનું શરૂ કર્યું. છાપાંમાં એ સમાચાર આવ્યા કે પિપલાંત્રી ગામની સ્ત્રીઓ રાખડી બાંધી વૃક્ષોની રક્ષા કરે છે. વિરોધીઓ સમજી ગયા કે આપણું હવે કંઈ ઉપજશે નહીં. દીકરીઓએ મીડિયાને બતાવ્યું કે આ વૃક્ષો અમારી માએ લગાવ્યાં છે. તેઓ અમારા ભાઈ છે. એક સારા વાતાવરણનું નિર્માણ થયું.

સૌથી વધારે ભ્રષ્ટાચાર પંચાયતીરાજમાં થાય છે. જો એમ ના થાય તો દશ વર્ષમાં ભારત 'સોને કી ચીડિયા' બની જાય. પૈસાનો સદુપયોગ નથી થતો. સરકારના મુખ્યમંત્રીએ અમારા ગામની સ્વચ્છતા અને પ્રગતિ વિશે સાંભળ્યું તો તે જોવા અચાનક જ અમારા ગામમાં આવ્યા. ગામનાં બાળકો પ્રાઈવેટ શાળાઓમાંથી ઊઠીને સરકારી શાળામાં જવા લાગ્યાં. દીકરીઓ શાળાએ જવા લાગી. તેમનું આત્મસન્માન વધ્યું. ગામમાં પીવાનું અને ખેતી કરવાનું પાણી મળવા લાગ્યું. પાણી માટે ઘણી યોજનાઓ શરૂ કરી. વરસાદના પાણીને ભેગું કરી તેને વાપરી શકાય તેવી જોગવાઈ કરી. આ બધી યોજનાઓમાં કામ કરતા મજૂરોએ નક્કી કર્યું કે મજૂરી સિવાય કશું જ ઘરે નહીં લઈ જઈએ. કૂવા-તળાવ- નાળાં, વીજળી માટે યોજનાઓ બની, જેમાં મેં કહ્યું કે કોઈ અધિકારી તમારી પાસે લાંચ નહીં માગે પણ ૧૦ ટકા પૈસા તમારે ગામને આપવા, જે ગ્રામવિકાસમાં કામમાં આવ્યા.

ગામના લોકોનો ખૂબ સહયોગ મળ્યો. ગામમાં ટોઈલેટ બન્યાં, ઘરે-ઘરે નળ આવ્યા, ચિકિત્સાલય ખૂલ્યાં. આજે અમારા ગામમાં સાડા ત્રણ લાખ વૃક્ષો છે, જેમાં સિંદૂરનાં વૃક્ષો પણ છે. કોઈ પણ મહેમાન આવે તો તેનું બીજ લઈ હાથમાં મસળી ચાંલ્લો કરીએ છીએ. આ બધું જોવા મોટી સંખ્યામાં વિદેશથી લોકો આવે છે. ડેન્માર્કની ટીમ આવી. સાઉથમાંથી ટીમ આવી. તેમણે અમારા ગામ પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી, જેની સ્ટોરી એવી છે કે સાઉથમાં કોઈ પણ સ્ત્રીને લગ્ન પછી પહેલી દીકરી જન્મે તો એ અપશુકન ગણાતું અને મારી નાંખે. ભ્રૂણહત્યા થતી. માટે કોઈ પણ દીકરી પ્રેગ્નન્ટ થાય તો ખૂબ ચિંતા કરતી. એક યુવક અને યુવતી પરણે છે. યુવતી પ્રેગ્નન્ટ થાય છે. તેમને ખબર પડી ગઈ કે તેમનું પહેલું સંતાન દીકરી આવવાની છે. તેઓ ખૂબ ચિંતામાં પડી ગયાં. તેમના ધ્યાનમાં પિપલાંત્રી ગામ આવ્યું. કોઈએ કહ્યું, 'તમે ત્યાંના સરપંચ શ્યામસુંદરને મળો.' તેઓ ભાગીને પિપલાંત્રી આવે છે. મારા પાત્રમાં જે હીરો છે તે એમને કહે છે, 'તમે અહીં રહો. મજૂરી કરો. તમારી સુરક્ષા કરવાનું કામ અમારું.' તેની ડિલિવરી થાય છે. દીકરી જન્મે છે. બાલવિકાસની વ્યવસ્થા કરવામાં આવે છે, પછી ફિલ્મમાં બતાવે છે, કે એ કપલના ગામમાં મહામારી (કોલેરા)ની બીમારી ફેલાય છે. ગામના લોકો કહે છે, 'પહેલી જન્મેલી કોઈ છોકરી જીવતી છે, જેના કારણે ગામ પર કોપ ઊતર્યો છે.' તે લોકો એ દીકરીને મારવા પિપલાંત્રી આવે છે. તેઓ આ ગામમાં આવ્યા ત્યારે પિપલાંત્રી ગામમાં કોઈ ઉત્સવની ઉજવણી થઈ રહી હતી. બધાં નાચતાં હતાં. દીકરીઓ પણ નાચતી હતી, ખુશખુશાલ હતી, ઉત્સવ મનાવતી હતી. આ જોઈ એ લોકોનું હૃદયપરિવર્તન થાય છે અને તેઓ પણ નક્કી કરે છે કે પિપલાંત્રી ગામમાં દીકરીઓને આટલું સન્માન મળે છે તો આપણે પણ દીકરીઓની રક્ષા કરીએ અને એ ગામમાં દીકરીઓને મારી નહીં નાખવાનો નિયમ લાગુ કરે છે. આ કથા ઉપર બે કલાકની ફિલ્મ બની છે.

હું છેલ્લા વર્ષે ગામની નાની નાની દીકરીઓ સાથે બેસી ભણ્યો અને એમની સાથે જ મેં ધોરણ-૧૦ની પરીક્ષા આપી અને પાસ થયો. અમારા ગામમાં ક્રાઈમ નથી. જો દરેક નાગરિક પોતાના કાર્યક્ષેત્રમાં પ્રામાણિક હોય, દેશ પ્રત્યે પ્રામાણિક હોય તો દેશ આગળ વધશે. મારા જેવી અભણ વ્યક્તિનો આ અનુભવ છે. જો આમ થશે તો દેશને આગળ વધતાં કોઈ તાકાત રોકી શકશે નહીં. કોઈ એક જગ્યાએ એક સ્ત્રીએ ૫ લાખ છોડ વાવ્યા અને ગિનિસ બુકમાં નામ લખાવ્યું પણ આજે ત્યાં એક પણ વૃક્ષ નથી. કારણ તેણીએ વૃક્ષો માત્ર કાગળ ઉપર જ

રોપ્યાં હતાં, ખરેખર વૃક્ષારોપણ થયું જ ન હતું. આ ખોટું છે.

મેં નક્કી કર્યું કે સરકારીતંત્રમાં ભ્રષ્ટાચાર નહીં થવા દઉં. ૫-૬ કરોડનું ઓડિટ હતું. મને કહેવામાં આવ્યું, ૧ ટકા પૈસા ઓડિટ ટીમને આપવા પડશે. મેં કહ્યું, પહેલાં ઓડિટ ટીમને આપણું ગામ બતાવીએ, કામ બતાવીએ, સાંજે એક જગ્યાએ બેસી સાથે જમીશું. જમતાં સમયે મેં ટીમને પૂછ્યું. 'મારે તમને કંઈ આપવાનું છે ?' ત્યારે તે ટીમના વડા, જે મુસલમાન હતા તેમણે કહ્યું, 'હું હમણાં જ હજ કરીને આવ્યો છું. તમે એટલી ઈમાનદારીથી કામ કર્યું છે કે હું પૈસા નહીં લઈ શકું. જો હું પૈસા લઉં તો પાક મુસલમાન ના કહેવાવું.' વન્ય જીવને બચાવવા માટે ઘોડા, ટાઈગર, પ્રોજેક્ટ પર ચર્ચા થઈ. તે બધાં ઈંગ્લિશમાં બોલતાં હતાં એટલે મને બહુ ખબર પડતી નહોતી એટલે મેં કહ્યું, જીવોને બચાવવાની વાત છે તો આપણે લોકલ ભાષામાં ચર્ચા કરીએ. કુંભલગઢમાં જે લોકો વાઘને પકડી તેમની ખાલ કઢાવતા હતા તેમને ખુલ્લા કર્યા. તેમને સરકારે પદભ્રષ્ટ કર્યા. જો વાતને ઉચિત રીતે નિર્ભિક રીતે મૂકવામાં નહીં આવે તો સમાધાન નહીં આવે.

આપણે બધાં ફરિયાદ કરીએ છીએ, ગરમી બહુ પડે છે. તે ઓછી કરવા વૃક્ષારોપણ કરવું પડશે. વૃક્ષોની કાળજી લેવી પડશે. શું આપણે બધાં આ કામ ના કરી શકીએ? પૃથ્વીને બચાવવા આ પ્રકારની યોજના કરવી જોઈએ.ત્યારે જ માનવજીવન લેવાનું સાર્થક થશે. લોકો કીડી-મંકોડાની જેમ જીવે છે અને મરે છે, આપણે ધરતીમાતા માટે જીવીએ. બધા જ જીવો ધરતીમાતાનું અંગ છે. આપણે કોઈને મારીશું નહીં. જો દીપડાને વનમાં શિકાર મળી જાય તો એ ગામમાં આવી શિકાર નહીં કરે.

હું આપને નિવેદન કરું છું, પ્રકૃતિની સાથે રહીને પ્રકૃતિનું રક્ષણ કરીએ. પ્રભુએ મારી પાસે કોઈ સારું કામ કરાવ્યું છે, માટે જ આપની સામે મજબૂતીથી મારી વાત મૂકી શકું છું. માનવજીવન મળ્યું છે-માનવતા માટે. ગરીબ, સ્ત્રીઓ, દીકરીઓ, વિકલાંગો, પર્યાવરણની રક્ષા માટે. પ્રભુના ચાર હાથ બતાવવામાં આવે છે. સાચે જ ચાર હાથ નહોતા પણ બે વ્યક્તિનું કામ એકલા હાથે કરતા હતા. આપણે પણ મહાપુરુષ બની શકીએ.

આખા દેશના ૫૦૦થી વધારે આઈએએસ ઓફિસરો, અણ્ણા હજારેસાહેબ મારા કોન્ટેક્ટમાં છે. મેં એક કાર્ટૂન ફિલ્મ જોઈ હતી, જે હૃદયસ્પર્શી હતી. એક દીકરો પિતાના પગ દબાવી સેવા કરતો હતો. પિતા કહે છે, આ નાલાયક દીકરો મારી સેવા કરે છે. ભણેલા દીકરા મા-બાપથી દૂર જઈ સ્થાયી થઈ જાય છે, જ્યારે નાલાયક દીકરા જ સેવા કરે છે. સરકારી યોજના પેન્શન અપાવે છે. દીકરીઓનું રક્ષણ થાય છે. વૃદ્ધાઓ સ્વનિર્ભર થઈ રહે છે. વરસાદના પાણીનું સંરક્ષણ કરીએ તો વર્ષ ભર તેનો ઉપયોગ કરી શકીએ. ગૌમાતાનું રક્ષણ કરીએ, ચારાની વ્યવસ્થા કરીએ, વૃક્ષારોપણ કરીએ. ગાયો ચરતી હોય અને ગોવાળો ફળ ખાતા હોય તો જાણે કામધેનું ચરે છે અને કૃષ્ણ ફળ ખાઈ રહ્યા છે અને મિત્રો સાથે આનંદ મંગલ કરે છે તેવું વાતાવરણ સર્જાય. આપણે સાથે મળીને ભારતવર્ષના નિર્માણ માટે ભાગીદાર બનીએ.

# વર્તમાન શિક્ષણ (કેળવણી) આપણું ભવિષ્ય

- ડૉ. નીરજા અરુણ ગુપ્તા (પ્રિન્સિપાલ : ભવન્સ કોલેજ, અમદાવાદ)

**પ્રવચન : ૨**

નમસ્કાર ! મારું અસ્તિત્વ આજે એવા વર્ગ સાથે જોડાયેલું છે કે બધાંને મારી પાસે ખૂબ અપેક્ષા છે, બધાં દુઃખી છે. બધાંની નિરાશાના કેન્દ્રમાં એક શિક્ષક છે, હું તેમનું પ્રતિનિધિત્વ કરું છું. સમાજ જેની પાસે ખૂબ પામવા ઈચ્છે છે ત્યાં જ દુઃખ પહોંચે છે. એક પક્ષીનું બચ્ચું કોઈ શાળામાં જતું નથી છતાં શીખે છે તો મનુષ્યને કેમ શિક્ષક જોઈએ છે ? તેમનું એક જ કર્મ છે-પેટપૂર્તિ, જ્યારે મનુષ્યનું કર્મ-**બહુસ્યામ્**- બધું જ કરવાનું છે, માટે ગુરુ જોઈએ.

ગુરુ છે તો વિશ્વવિદ્યાલય છે. પ્રચલિત વ્યવસ્થા છે તો સમસ્યા શું છે ? આપણા પુરાતન ભારતની પરંપરા છે-પીપળાના વૃક્ષને કાપવું નહીં. હવે કેમ કાપવું નહીં એવો કોઈ પ્રશ્ન નહીં કરે, કારણ કે પીપળો ૨૪ કલાક

ઓક્સિજન આપે છે. એને કાપીશું તો મહાપાપ કરીએ છીએ, આ શુદ્ધ વિજ્ઞાન છે. માટે જ ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યું છે, 'વૃક્ષમાં હું પીપળો છું.'

ભારતીય સંસ્કૃતિ ગુરુપરંપરામાં માને છે. ગુરુ શિષ્યને જ્ઞાન આપે છે. ઉપનિષદ એટલે ગુરુ પાસે નીચે બેસી શિક્ષણ લેવું. પ્રમાણ એટલે ગુરુ જે કહે છે તેને માની અનુસરણ કરવું. પ્રમેય અને પ્રશ્ન એટલે જ્ઞાનને પ્રાપ્ત કરવાની પરંપરા-સંસ્કૃતિ, સભ્યતા, વૈજ્ઞાનિક રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું.

આપણા સાધુ-સંતો, મુનિઓ, દૃષ્ટાઓ, આચાર્યો ભય, વિશ્વાસ-અંધવિશ્વાસ, ધર્મથી જ્ઞાન લોકો સુધી પહોંચાડે છે, કારણ કે એમાં પ્રતિપ્રશ્ન નહીં થાય.

આપણે નદીમાં સિક્કો ફેંકીએ છીએ. પૂછતા નથી કે પૈસા પાણીમાં કેમ ફેંકવાના ? કારણ કે મેટલ પાણીને શુદ્ધ કરે છે. તે થિયરી અનુસાર સોના-ચાંદીના સિક્કા આપણે નદીમાં ફેંકીએ છીએ. ઉત્સવ કે તહેવારે આપણે એકબીજાને મળીએ ત્યારે નમસ્કાર કરીએ છીએ. એ આપણી સંસ્કૃતિ છે, આચારવિચાર છે, કારણ કે નમસ્કાર કરીએ ત્યારે આપણે આકાશીય ઊર્જાને રિસીવ કરીએ છીએ, આત્મસાત્ કરીએ છીએ, જેથી મૂલાધારચક્રથી સહસ્રારચક્ર સુધીનું શુદ્ધીકરણ થાય છે.

આપણને શિક્ષણને લઈ ભવિષ્યની ચિંતા કેમ થાય છે ? આપણું રસોઈઘર વિજ્ઞાનની લેબોરેટરી છે, મેડિકલ ડિસ્પેન્સરી છે, આ સંસ્કૃતિ આપણે દૂર કરી દીધી છે. આજે આપણે વિદ્યાર્થીઓને સીલેબસ આપી દઈએ છીએ. શું જ્ઞાન પુસ્તકમાં સંગ્રહાયેલું છે ? એક શિક્ષક જે પુસ્તક ભણાવે તે તમારું જ્ઞાન છે, એમાંથી બહારનું નહીં પુછવાનું અને જો પુછાય તો વિદ્યાર્થીઓનો નેતા બધી વસ્તુઓની તોડફોડ કરી નાખે. તમે જીવન માટે તૈયાર થવા આવ્યા છો તો out of course કેવી રીતે થયું ? સીલેબસ નહીં બદલાય એવું કોણે નિર્ધારિત કર્યું ? ઘણાં વર્ષ સુધી હાથ કે પગમાં જંજીર કે દોરો બાંધીએ પછી તેને કાઢી નાખીએ તો પણ નિશાન નથી જતાં. આપણી ગુલામીની જંજીર તૂટી છે પણ નિશાન નથી ગયાં. આપણે 'કાગજી શેર' (કાગળના વાઘ) બની ગયાં છીએ. શા માટે કોલેજ કહે છે-student is the center ? ભણાવે છે - શિક્ષક. પરીક્ષા લે છે-શિક્ષક. કેન્દ્રમાં શિક્ષક છે તેને કેમ હટાવી દેવાયા ? - Teacher is the center of education. ટીચરને પદચ્યુત કરી દઈએ છીએ ત્યારે શિક્ષણમાં પ્રશ્નો ઊભા થાય છે. યુનિવર્સિટી પરીક્ષા કેમ લે છે ? મેં મારા વિદ્યાર્થીને ભણાવ્યા છે તો હું પરીક્ષા લઈશ. **'અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય.'** જ્યોતિ ક્યાંથી આવશે ? આપણે અંધારામાં બેઠા છીએ. ટેક્નોલોજીથી ડરીએ છીએ. મોબાઈલ, લેપટોપ, વોટ્સએપ પર લાગી રહ્યા છીએ. પહેલાં તમે ઘરની બહાર જતા હતા. મિત્રો સાથે ફરતા હતા, એકબીજાની તકલીફો જાણતા હતા, તેનાં સમાધાન લાવતાં હતાં. આપણે દોષ દૂર કરવાના બદલે નવી પેઢીને દોષ આપી દુઃખ ઊભું કરીએ છીએ, લખીએ છીએ દીવાલો પર-સ્ક્રીન પર અને રિસ્પોન્સ માગીએ છીએ મનુષ્ય પાસે. Like મળે તો ખુશ થઈ જઈએ. ના મળે તો દુઃખી થઈ જઈએ. બીજાને વધુ Like મળે તો પણ નાખુશ થઈ જઈએ. આપણા સુખનું કારણ મશીન બની ગયું છે.

મારું શિક્ષણ અર્થોપાર્જન તરફ લઈ જતું નથી તો સુખ નથી. જ્યાં એડ્મિશન પર ૧૦૦ ટકા પ્લેસમેન્ટની ગેરંટી આપવામાં આવે તે કોલેજ ગમશે પણ તે કેવી રીતે શક્ય છે? ફી પિતાજીએ ભરી. છોકરાને ભણવું હોય તો ભણે, ના ભણે તો પણ નોકરી તો મળવાની જ છે. વિદ્યાર્થીનું કર્તવ્ય શું ? આજનું શિક્ષણ વિદ્યાર્થીને શિક્ષિત કરે છે, જ્ઞાની નથી બનાવતી. આજની શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થીને નાજુક બનાવે છે. બાળકને બેગ પણ ઊંચકવા નથી દેતા, પગે ચાલવાનું બંધ થઈ ગયું છે, ફળ ખાવામાં વાર લાગે એટલે જ્યૂસ કાઢી આપવામાં આવે છે. માટે જ બાળક મોટું થઈને એવું વિચારે છે કે એવું કયું કામ મળે, જેમાં મહેનત ના કરવી પડે ? પહેલા જ દિવસે બધી સગવડ જોઈએ. એક ભિખારી એક શેઠ પાસે ભીખ માગવા ગયો. શેઠે કહ્યું, 'માણસ નથી.' ભિખારી બીજા દિવસે ગયો, ત્રીજા દિવસે ગયો. દરેક વખતે શેઠે કહ્યું, 'માણસ નથી.' ચોથા દિવસે પણ શેઠે કહ્યું, 'માણસ નથી' ત્યારે ભિખારીએ કહ્યું, 'મહારાજ, એક દિવસ માટે તમે જ માણસ બની જાવને!.'

આપણને ભણાવવામાં આવે છે, ભારતની શોધ ૧૬મી સદીમાં વાસ્કોડીગામાએ કરી, પરંતુ પાંચમી સદીમાં અહીં લોકો ભણતા હતા તો વાસ્કોડીગામા શેની શોધમાં આવ્યો? બીજી વાર સેના લઈને કેમ આવ્યો ? ૨૭ જૂન, ૧૮૫૩માં બ્રિટિશ પાર્લામેન્ટે કાગળ લખ્યો કે નવી સ્કૂલોમાં ભારતીય ભાષા ભણાવવામાં નહીં આવે.

કાશ્મીરના ત્રણ ભાગ કર્યા- લદાખ, કાશ્મીર અને જમ્મુ. કાશ્મીરની રાજ્યભાષા ઉર્દૂ છે. જે કોઈ બોલતું નથી. બીજી ઈંગ્લિશ છે, તે પણ કોઈ બોલતું નથી. સામાન્ય માણસ ડોગરી, જમ્મુ- કાશ્મીરી ભાષા બોલે છે. જ્યારે સરકારી કામકાજ ઉર્દૂ અને ઈંગ્લિશમાં થાય છે, માટે સામાન્ય જનતાને ખબર જ નથી કે સરકાર શું કરે છે ? કાશ્મીરમાં જે કસ્ટોડિયન લેન્ડ છે તે સરકારી માણસોને ૯૯ વર્ષના પટ્ટે આપી દીધી છે. મહાભ્રષ્ટ બ્યુરોકેટ છે. અમે શોધ કરી કે બ્યુરોક્રસીની સ્કૂલમાં જે વિદ્યાર્થીઓ ભણવા જશે તેમને જ ઉર્દૂ અને ઈંગ્લિશ ભણાવાશે. ૧૮૫૩માં બ્રિટને ભારતમાં જે લાગુ કર્યું હતું કે ભારતીય ભાષા નહીં ભણાવવાની, જેથી સરકારી માણસ આપણો થઈ જશે, જે આજે કાશ્મીરમાં થઈ રહ્યું છે.

મારા જેવા શિક્ષકો પોલિસી બનાવે છે, ભણાવે છે અને પછી વિદેશમાં જતા રહે છે ત્યારે ગુસ્સો આવે છે. આપણે ત્યાં વિશ્વવિદ્યાલય બંધ થઈ જાય છે અને પછી લંડનમાં ખૂલે છે. દા.ત. તક્ષશિલા. આપણે ત્યાં વિદ્યાલયમાં આચાર્ય ૧/૪ જ્ઞાન આપતા, ૧/૪ જ્ઞાન એસાઈન્મેન્ટમાંથી મળે કે સ્વયં ઉપાર્જન કરે અને ૧/૪ સહાધ્યાયી સાથે બેસીને શીખવાનું અને ૧/૪ જિંદગી શીખવશે. તક્ષશિલાના બોર્ડ પર લખ્યું છે કે ૨૦ વિષય શીખવવામાં આવશે-ધનુર્વિદ્યા, ગણિત, વ્યાકરણ, નક્ષત્રવિદ્યા... આ એ વિદ્યાઓ છે, જે આપણે ત્યાં શીખવવામાં આવતી. ન્યૂટન ૧૭ વખત ભારત આવ્યો અને ત્રણ ફોર્મ્યુલા તેણે પોતાના નામે કરી દીધી. સૂર્ય સિદ્ધાંતની શોધ વરાહમિહિરે પાંચમી સદીમાં કરી હતી, જેમાં તેમણે પહેલો દાવો કરેલો કે ધરતીને ગુરુત્વાકર્ષણશક્તિ છે. બીજો દાવો કર્યો કે સૂર્યને સાત રંગના તરંગ હોય છે અને ત્રીજો દાવો કર્યો કે પ્રકાશ સીધો ચાલતો નથી. પૂરા ચક્રનું એક જ કેન્દ્ર છે-સૂર્ય. જે શોધની આપણને ખબર નથી, માટે ન્યૂટને પોતાના નામે કરી દીધી. આપણે translated text ભણીએ છીએ.

સેટેલાઈટ ટીવી ચેનલ શરૂ થઈ તો ઈંગ્લિશમાં ૪-૫ ચેનલ જ ખૂલે છે જ્યારે હિન્દી ચેનલો ઘણી બધી છે. એ લોકો આમાં સમય બગાડતા નથી. વૈશ્વિક રૂપથી જોઈએ તો માનવજાતિ ઉન્નતિ ત્યારે જ કરશે જ્યારે તે પોતાની ભાષામાં ભણશે. ઘણી બધી વસ્તુ આપણે શિક્ષણમાં લાવવી છે પણ આલોચના થશે કે શિક્ષણનું ભગવાકરણ થઈ ગયું. આપણા ગ્રંથોનાં જે દેશમાં ભાષાંતર થયાં ત્યાં ૧૯મી સદીમાં અન્વેષણ થઈ ગયાં. સંજયદર્શન એ ટીવી જ છે. લક્ષ્મણરેખા એ CCTV છે. લક્ષ્મણરેખા રાવણ સાધુવેશમાં પણ અંદર નહીં જઈ શકે તેવું CCTV હતું. તુલસીદાસજીએ ૮૦ વર્ષે રામાયણ લખવાનું શરૂ કર્યું. રામલીલાનું દર્શન કરાવ્યું. અકબર બેઠો હોય તો પણ તેઓ 'રામચંદ્ર કી જય' બોલવાની હિંમત કરતા. રામ ચેતના છે, રામ જીવન છે, રામ મોક્ષ છે. આપણે આ ભણાવીએ તો કહે out of course છે. છોકરાઓને માત્ર નોકરી માટે ભણાવીએ છીએ. પરસેવાનો પૈસો જ આનંદ આપશે.

શિક્ષણ પ્રણાલી દોષિત નથી. માતા-પિતા, વૃક્ષ-નદી બધાં શિક્ષક છે. પશ્ચિમના દેશો પાસે શબ્દાવલિ જ નહોતી. આપણી સંસ્કૃત ભાષામાંથી તેમણે શબ્દાવલિ રચી, જેમ કે દાંત-Dental, મન-Mental, હાર્દ-Heart, હસ્ત-Hand, વારિ-Water. આપણને આપણી પરંપરાઓથી દૂર રાખવામાં આવે છે, માટે આપણી શિક્ષણ વ્યવસ્થા દોષી છે. આપણા શિક્ષણે આપણને કાયર, ભીરુ, ચતુર, ચાલાક બનાવ્યા પણ માણસ નથી બનાવ્યા. આજનું શિક્ષણ હૃદયમાં કરુણા, પ્રેમ-સ્નેહ જાગ્રત કરતું નથી. આપણે સાચું શિક્ષણ પ્રાપ્ત કરી સાચા અર્થમાં માણસ થઈએ.

## સંસ્થા આયોજન-પ્રયોજન વિશે ચિંતન

- શ્રી અરુણભાઈ ડી. ઓઝા
પ્રન્યાસી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ

**પ્રવચન : ૩**

'ગુજરાત દિવ્ય જીવન સંઘ'ના તા. ૨૮ એપ્રિલના રોજ યોજાયેલ સંમેલનના ત્રીજા સત્રમાં સંઘના ટ્રસ્ટી શ્રી અરુણભાઈ ઓઝાએ ગુજરાતમાં આવેલી શાખાઓને વધુ સક્રિય કરવા માટે સૂચનો કરતાં જણાવ્યું કે આગામી વર્ષ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના ૭૫મા વર્ષમાં પ્રવેશ સાથે 'અમૃત મહોત્સવ વર્ષ' તરીકે ઊજવવામાં આવનાર છે તે પાછળનો આશય ગુજરાતમાં દિવ્ય જીવન સંઘની પ્રવૃત્તિઓનો વિસ્તાર

થાય, જેમાં વિદ્યાર્થીઓ, યુવાનો અને સમાજના દરેક સ્તરના લોકો મોટા પ્રમાણમાં સામેલ થાય તે જોવાની ફરજ સૌની છે. મહાપુરુષની જન્મ જયંતી ઊજવવા પાછળનો મુખ્ય આશય સંસ્થાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાનો હોય છે. અમૃત મહોત્સવ વર્ષ દરમ્યાન શાખા સ્તરે યોગાસન વર્ગો, અઠવાડિક સત્સંગ, યુવાનો માટે જુદી જુદી સ્પર્ધાઓનું તેમજ પૂજ્ય સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન થાય તે માટે યોજના અને તેના અમલીકરણ માટે પ્રયાસો અત્યારથી જ હાથ ધરવા હાર્દિક અપીલ અરુણભાઈએ સૌ હાજર પ્રતિનિધિઓને કરેલ. વધુમાં પૂ. સ્વામી અધ્યાત્માનંદજીના પણ વિશિષ્ટ કાર્યક્રમો, વ્યાખ્યાન યોજાય તે માટે પણ આયોજન કરવા જણાવ્યું.

અમદાવાદ ખાતે આવેલો શિવાનંદ આશ્રમ ગુજરાતમાં દિવ્ય જીવન સંઘની પ્રવૃત્તિઓનું વડુંમથક છે. આ મુખ્ય કેન્દ્ર ખૂબ જ સક્રિય છે, પરંતુ તેનો નિભાવખર્ચ દર વર્ષે વધતો જાય છે. તેથી કોઈ કાયમી-સ્થાયી આવકનો સ્રોત ઊભો કરવો અનિવાર્ય છે ત્યારે અમૃત મહોત્સવ વર્ષ દરમ્યાન વિશેષ પ્રયાસ કરી **“અમૃત મહોત્સવ શિવાનંદ આશ્રમ નિભાવ ફંડ”**ના નામે કોર્પસ ફંડ એકત્ર કરી કાયમી ડિપોઝિટના વ્યાજમાંથી આશ્રમને સ્થાયી આવક મળી રહે તેવી વ્યવસ્થાના નિર્માણ માટે યોજના બનાવવા વિજ્ઞપ્તિ કરવામાં આવી.

**“દિવ્ય જીવન”** માસિક માટે સભ્યસંખ્યા વધારવા તેમજ તેના પ્રકાશનની સામગ્રીને લોકભોગ્ય બનાવવા માટે વિચારણા કરવાની જરૂર છે તે તેઓશ્રીએ જણાવ્યું. સંઘના કેટલાક ટ્રસ્ટીશ્રીઓએ પણ ચર્ચાસત્રમાં ભાગ લઈ અગત્યનાં સૂચનો કર્યાં હતાં. દર વર્ષની જેમ આ વર્ષે પણ આશરે સવા લાખ નોટબુક છપાવવામાં આવનાર છે જેમાં દિવ્ય જીવનને લગતાં ઉપદેશાત્મક લખાણ, યોગાસન-પ્રાણાયામના ફાયદા, સ્વામી શિવાનંદજી તથા સ્વામી ચિદાનંદજીનાં પ્રેરણાદાયી વાક્યો, કાવ્ય ગાયત્રીમંત્ર, મહામૃત્યુંજય મંત્રની અર્થ સાથે માહિતી વગેરે આપવામાં આવેલ છે. નોટબુકનું મહદ્અંશે વિતરણ વનવાસી-આદિવાસી વિતારોમાં કરવામાં આવે છે.

# આચાર પ્રભવો ધર્મઃ

**- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (અધ્યક્ષ : શિવાનંદ આશ્રમ, અમદાવાદ)**

**પ્રવચન : ૪**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ આપણને નિમંત્રણ આપ્યું કે ૨૦ દિવસ અહીં આવીને રહો અને યોગ શીખવો. હું ચમેલીબાગમાં રહ્યો. એક દિવસમાં ૫ યોગવર્ગ અને ૩ જગ્યાએ પ્રવચન-ફેકલ્ટી, ઓડિટોરિયમ અને હોસ્ટેલમાં થતાં. પૂર્ણાહુતિ સમયે અમદાવાદથી મિનિસ્ટર આવવાના હતા. સમાપનની આગળની સાંજે એમનું હાર્ટફેલ થયું, પૂર્ણાહુતિમાં ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજીને પણ નિમંત્રવામાં આવ્યા હતા. જે મંત્રીનું નિધન થયું તેઓ યુનિવર્સિટીના એડ્વાઈઝરી બોર્ડમાં હતા. માટે યુનિવર્સિટીમાં સમાપનવિધિ નહીં થાય એવો નિર્ણય લેવામાં આવ્યો. દાંડિયાબજારમાં માણેકરાવનો અખાડો છે, ત્યાં સમાપન સમારોહ આયોજાયો. મોટા સ્વામીજી (શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ) એમના જમણા હાથમાં સ્વામી અધ્યાત્માનંદજી અને ડાબી બાજુ રામસ્વરૂપજી ચાલીને રસ્તામાં જતા હતા ત્યાં લાઈટ ઝાંખી થવા લાગી. મેં પૂછ્યું, ‘આ શું થઈ રહ્યું છે?’

રામસ્વરૂપજીએ કહ્યું, ‘આ નવી ટેક્નિક છે. ગુરુમહારાજ સ્ટેજ પર આવશે એટલે એકદમ પ્રકાશ થશે પણ પ્રકાશ થવાના બદલે અંધારું થઈ ગયું. અડધા કલાક સુધી લાઈટ આવે એવી શક્યતા નહોતી. સ્વામીજીએ કહ્યું, ‘કીર્તન કરો.’ પાંચ-સાત મિનિટ કીર્તન કર્યા બાદ ઈલેક્ટ્રિકના ઘોડા પર પેટ્રોમેક્સ મૂક્યું હતું તે ઘોડાને જનતાની વચ્ચે લઈ જવામાં આવ્યો અને હવે તે ઘોડા ઉપર સ્વામીજી બેસી ગયા અને મેં પેટ્રોમેક્સ હાથમાં પકડી

રાખ્યું અને તેમણે પ્રામાણિકપણે ભાવથી પ્રવચન કર્યું. ૨૦ મિનિટ પછી લાઈટ આવી. ગુરુદેવ બોલ્યા, 'લાઈટનારાયણ કહે છે કે હવે સ્ટેજ પર ચાલો.' અમે સ્ટેજ પર ગયા. તમારો શ્રેષ્ઠ ધર્મ તમારું આચરણ છે. સ્વામીજીનું જે આચરણ હતું એ એમનો ધર્મ હતો. ભક્તો શાંત રહ્યા એ એમનો ધર્મ હતો. તિલક-ત્રિપુંડ એ ધર્મ નથી. જ્યારે જે સમયે જે પરિસ્થિતિ હોય તે પ્રમાણે યોગ્ય આચરણ કરવું. આપણા આચરણ થકી આપણે બીજાને મુશ્કેલીમાં મૂકતા નથી તે માટે જાગૃત રહેવાનું છે.

**કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા**
**બુદ્ધયાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્‌।**
**કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ**
**નારાયણાયેતિ સમર્પયામિ॥**

કાયાથી, વાચાથી, મનથી, બુદ્ધિથી અને પ્રકૃતિના સ્વભાવથી જે કંઈ કરીએ તેમાં આપણો સ્વાર્થ ના હોવો જોઈએ. જાણ્યા-અજાણ્યાને કેમ ઉપયોગી થવાય એવું આચરણ થાય તે આપણો ધર્મ છે, કર્તવ્ય છે, માનવતા છે.

આદરણીય રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજી મહારાજ રોજ સ્વયં બાળકોને ભણાવે છે. તેઓ શિક્ષક રાખી શકે છે, પરંતુ ભણાવવું એ પોતાનો ધર્મ સમજે છે. તેમની જેમ નાનકડી દુકાન ચલાવતા માણસો પણ ફૂટપાથ પર બેસીને બાળકોને ભણાવતા હોય છે. આપણું કુટુંબ તો છે જ પણ જ્યારે વિચાર કરીએ ત્યારે આપણા Old Testament પણ કહે છે - 'પાડોશીને પ્રેમ કરો.' બૂમ પાડીને કામ કરાવવાથી લોકો તમારાં વખાણ નહીં કરે. પ્રેમથી બોલો, બીજાને સન્માન આપો, તોછડું નહીં બોલો. આપણી ઉપસ્થિતિથી બીજાને આનંદ થવો જોઈએ. તોછડી પ્રવૃત્તિમાં દિવ્ય જીવન તો દૂરની વાત થઈ પણ વ્યક્તિગત નૌકા પણ લાંબી નહીં ચાલે. તમે માત્ર એક વ્યક્તિ નથી, તમારી સાથે તમારો પરિવાર, સમાજ, રાષ્ટ્ર છે. તમારો એકલાનો સદ્‌-અસદ્‌ વ્યવહાર બધાં પર અસર કરે છે. પાણીમાં બેસી છબછબિયાં કરવાથી લહેર દૂર સુધી જાય છે. હંમેશાં જાગ્રત રહો કે મારાં વાણી- વ્યવહાર- વર્તણૂક કેવાં છે ? કોઈનું જીવન વ્યક્તિગત જીવન નથી. દાંતમાં છોતરું ભરાય તો જ્યાં સુધી નીકળશે નહીં ત્યાં સુધી શાંતિ નહીં થાય.

એક ફિલ્મનો ડાયલોગ છે - **'એક સાલા મચ્છર ઈન્સાન કો હીજડા બના દેતા હૈ.'** તમારો એક નાનકડો વ્યવહાર કોઈને ઉપર ઉઠાવી શકે કે નીચે પણ પાડી શકે, માટે આપણે જાગૃત જીવન જીવીએ. તમારો વિચાર માત્ર તમારો વિચાર નથી પારિવારિક વિચાર છે. ટીવીમાં એક કાર્યક્રમ 'આપ કી અદાલત' આવે છે. એ કાર્યક્રમના ૨૧ વર્ષ પૂરા થયા ત્યારે એ કાર્યક્રમમાં જેટલા લોકોને બોલાવ્યા હતા તે બધાને બોલાવ્યા, જેમાં રાષ્ટ્રપતિ પણ હતા અને એક સંન્યાસી પણ હતા. સામાન્ય રીતે આમંત્રિત વ્યક્તિ વિટનેસ બોક્સમાં બેસે અને રજત શર્મા પ્રશ્ન પૂછે તેવું કાર્યક્રમમાં છે. પણ આ વખતે રજત શર્મા બોક્સમાં બેઠા અને આમંત્રિત વ્યક્તિઓ એમને પ્રશ્ન પૂછે એવું નક્કી થયું. જ્યારે સંન્યાસીનો પ્રશ્ન પૂછવાનો વારો આવ્યો ત્યારે તેમણે રજત શર્માને પૂછ્યું, 'તમને આપ કી અદાલત' વહાલી છે કે તમારી પત્ની વહાલી છે?' રજત શર્માએ જવાબ આપ્યો, 'મને ખબર નહોતી કે સાધુ-સંન્યાસીને પણ બીજાની પત્નીઓમાં રસ છે.' છીછરો પ્રશ્ન છે. તમને યશ-કીર્તિ મળી શકે, તમે તમારી આજુબાજુ ગનમેન રાખી શકો પણ તમારી વિચારધારાનું શું ? તમારા પેટમાં જે ગંદકી પડી છે તેને ઓકી કાઢવાનો તમને અધિકાર નથી.

શિક્ષક, જેમને ભણાવવામાં રુચિ છે તેમણે ભણાવવા માટે વિદ્યાર્થીના સ્તર પર આવવું જોઈએ. વિદ્યાર્થી સમજી શકે તે ભાષામાં બોલવું જોઈએ અને જો કોઈ સારું કામ કરે તો જાહેરમાં એની પ્રશંસા કરવી જોઈએ અને જો કોઈ ખોટું કરે તો તેને એકાંતમાં બોલાવી સમજાવવું જોઈએ. પોતાની આંતરચેતના વ્યક્તિ ચેતના નથી, સમષ્ટિ ચેતના છે. આપણે વિશ્વ સાથે જોડાયેલા છીએ. બધું આપણી અંદર સમાહિત છે. આપણી અંદરની ચેતના વિશ્વચેતના સાથે અનુસંધાનમાં છે. સ્વભાવ માટે જાગૃતિ કેળવો એનું નામ ધર્મ છે, આચરણ છે.

એક વખત ભગવાન રામ એક શિલા પર બેઠા હતા, સાથે જગદ્‌જનની ભગવતી મા સીતા પણ બેઠાં હતાં. ભગવાન રામે સીતાજીને કહ્યું, 'હે જનકનંદિની, તમારાં ચરણ કેટલાં સુંદર છે !' સીતાજીએ કહ્યું, 'હે પ્રભુ ! ચરણ તો આપનાં સુંદર છે. આપનાં ચરણ સાથે મારાં ચરણ સુંદર દેખાય છે.' લક્ષ્મણજીને બોલાવવામાં આવ્યા. તેમને પૂછ્યું, 'કોનાં ચરણ સુંદર છે ?' લક્ષ્મણજીએ કહ્યું, 'આપનાં બંનેનાં આચરણથી તમારાં

ચરણનું સૌંદર્ય છે.' આપણે સારાં વસ્ત્રો પહેરીએ, મેકઅપ કરી તૈયાર થઈએ, બહારથી સુંદર દેખાતા હોઈએ પણ બોલવામાં તોછડા હોઈએ તો કોઈને ગમતું નથી. આ બાબતે જીવનના ઊંડાણમાં પ્રવેશી વિચાર કરવો જોઈએ.

આપણને-દરેક વ્યક્તિને એમ જ લાગે છે કે હું તો સારો જ છું, બીજા જ નકામા છે. માટે સદ્‌ગુરુદેવ સ્વામીશ્રી શિવાનંદજી મહારાજ દૈનિક રોજનીશી રાખવાનો આગ્રહ રાખતા, તેમાં કેટલાક પ્રશ્નોના રોજ જવાબ લખવાના.

- આજે હું કેટલા વાગ્યે ઊઠ્યો ?
- કેટલા જપ કર્યા ?
- કેટલા પ્રાણાયામ કર્યા ?
- કેટલી મિનિટ ધ્યાન કર્યું ?
- અનાવશ્યક વાતોમાં કેટલો સમય બગાડ્યો ?
- પરિવાર સાથે કેટલો સમય ગાળ્યો ?
- કામ પર સમયસર ગયો ?
- દિવસમાં કેટલી વાર ગુસ્સો કર્યો ?
- શા માટે ગુસ્સો કર્યો ?
- ગુસ્સો કેટલા સમય સુધી રહ્યો ?
- એ માટે મેં મારી જાતને સજા કરી ?
- દિવસમાં કેટલી વાર જૂઠું બોલ્યો ?
- આજે નિઃસ્વાર્થ સેવા કરી ?
- દાન આપ્યું ?
- ઘરે સમયસર પાછો આવ્યો ?
- રાત્રે સામૂહિક પ્રાર્થના કરી ?
- અંગત જપ-ધ્યાન કર્યાં ?
- કેટલા વાગ્યે સૂતો ?

શિવાનંદજી મહારાજનો આ રાજમાર્ગ પારાશીશી છે. મારા આચરણમાં ધર્મનું આચરણ કેટલું કરું છું ? જીવન પારદર્શક રાખો. દંભી ના બનો. અન્ય પ્રત્યે રાગ-દ્વેષ ના રાખો. આપણે શું સારું કરી શકીએ એની કોશિશ કરીએ. આપણાં કાર્યોથી પોતાના જીવનને સુગંધિત બનાવી શકાય તે માટે થોડું બળવું પડશે. બળ્યા વગર સુગંધ ના આવે. ચંદનનું લાકડું ઘસાય છે ત્યારે સુગંધ આવે છે.

સંન્યાસી લોકો એક વર્ષ કોઈની પાસે બેસી સંસ્કૃત શીખી સંન્યાસ લઈ પોતાની જમીન લઈ તેના પર કુટીર બનાવે. બધું છોડ્યા પછી એક લંગોટી પાછળ આખી દુનિયા ઊભી કરવાની ? અગત્યનું છે, તમે પવિત્ર ચરિત્ર છો કે નહીં? માટે ગુરુદેવ કહેતા- Serve, Love, Give, Purify, Meditate, Realize, Be good-Do good, Be compassionate, Be kind. વાત નાની હોય પણ એમાં તર્ક હોય છે. નાનો તણખો મોટી આગ લગાડી શકે છે. માટે નાનામાં નાનું કાર્ય પણ સારી રીતે કરીએ.

આપણો જન્મ થયો છે, મૃત્યુ પણ થવાનું જ છે. ક્યારે થવાનું છે એ ખબર નથી. આજે છેલ્લો દિવસ હોઈ શકે. માટે આજનો દિવસ કેટલો પ્રભુપરાયણ થાય, સેવાપરાયણ થાય તે સાચું આચરણ છે. ગુરુમહારાજ કહેતા - DIN-Do It Now અને KIV - Keep in View. સારા કામનો વિચાર આવે તો DIN- તે ક્ષણે જ કરો. નઠારો વિચાર આવે તો KIV- તેના પર વિચાર કરો. સારું કામ, ઊજળું કામ, સેવાનું કામ, તાત્કાલિક કરો - DIN. ખોટું કામ, કોઈને મુશ્કેલીમાં મૂકવાનું કામ-KIV, વિચારીને કરો.

એક દીકરો ૧૪ જાન્યુઆરીએ રિવરફ્રન્ટ પર સ્કૂટર લઈ જતો હતો. એક પતંગની દોરી તેના ગળે ઘસાઈ. તે પડ્યો. ત્યાં બે છોકરા બેઠા હતા. તેઓ તાત્કાલિક તેને હોસ્પિટલ લઈ ગયા. ૧૨૦ ટાંકા આવ્યા. બે છોકરાંઓ, જેઓ તેને હોસ્પિટલમાં લઈ ગયા. તેમને પૂછ્યું, 'તમને આવો ભાવ કેમ આવ્યો ?' એ છોકરાઓએ કહ્યું, 'અમે ચાલીમાં રહીએ છીએ, ભણેલાં નથી પણ અમારા હનુમાનજી મંદિરના પૂજારી કહે છે કે, 'હનુમાનજી જેવો કોઈ સેવક નહીં, એમને રાજી કરવાની તક છોડવી નહીં માટે સેવા કરો. આજે અમને સેવાની તક મળી માટે સેવા કરી. આ સમાચાર વર્તમાનપત્રમાં 'City of Angels' મથાળા નીચે છપાયા હતા. તેમણે સંગ સારો રાખ્યો હતો, માટે આચરણ સારું થયું. ગવર્નર સાહેબને પૂછ્યુ તેમણે તેમને ૨૧ તારીખે લઈને આવવા કહ્યું અમે એ છોકરાંઓને શિવાનંદ આશ્રમમાં બોલાવ્યાં. નવડાવ્યાં, વાળ કપાવ્યાં, સારાં વસ્ત્રો આપ્યાં, બૂટ-મોજાં પહેરાવ્યા. સાફ સૂથરાં કરીને રાજભવન લઈ ગયાં અને રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે તેમનાં આ શુભ કાર્ય માટે એવોર્ડ પ્રાપ્ત થયો.

માટે હંમેશાં જાગ્રતમાં જાગ્રત, સ્વપ્નમાં જાગ્રત, સુષુપ્તિમાં જાગ્રત. વાતો નાની છે પણ જીવન માટે ખૂબ આવશ્યક છે. માનવતાનો ધર્મ-દિવ્ય જીવનનો ધર્મ શ્રેષ્ઠ છે, જે જીવનને અધિકૃત કરી શકે છે.

# વર્તમાન રાષ્ટ્રના પરિપેક્ષ્યમાં આપણું કર્તવ્ય

- ડો. શ્રી સ્વામી મુક્તાનંદજી (અલવર, રાજસ્થાન)

**પ્રવચન : ૫**

આપણો વિષય છે-વર્તમાન રાષ્ટ્રના પરિપેક્ષ્યમાં આપણું કર્તવ્ય, જેમાં બે શબ્દો બહુ મહત્ત્વપૂર્ણ છે-રાષ્ટ્ર અને કર્તવ્ય. આ બંને શબ્દોને સમજીશું તો વિષય સમજાશે. રાષ્ટ્ર ભૌગોલિક સ્થિતિ છે, પરંતુ ભૌગોલિક સ્થિતિ એ રાષ્ટ્ર નથી. એ ભૌગોલિક સ્થિતિમાં રહેનાર મનુષ્યની સભ્યતા, સંસ્કૃતિ, ધર્મ-નિષ્ઠા, સમર્પણ, ભાષા-બધાનું નામ રાષ્ટ્ર છે. જેમ ૧૯૪૭ પહેલાં ભારત રાષ્ટ્ર હતું, જેમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ સંમિલિત હતાં, અત્યારે નથી. આપણી ભૌગોલિક સીમા નાની થઈ ગઈ તો પણ આપણે ભારત રાષ્ટ્ર કહીએ છીએ. મનુષ્યની સંસ્કૃતિ, નીતિ, વેશભૂષા, ખાન-પાન, રહેણીકરણી રાષ્ટ્ર કહેવાય. જે રાષ્ટ્રમાં આપણે રહીએ છીએ તેના પ્રતિ આપણું કર્તવ્ય શું છે? આપણું કર્તવ્ય છે - આવો, આપણે સાથે મળીને રાષ્ટ્રને ચેતન બનાવીએ, એક-એક વ્યક્તિને જાગ્રત કરીએ. આપણને જ્ઞાન રહે જ્યાં આપણે રહીએ છીએ તેના પ્રતિ આપણે કેટલા સજાગ અને સાવધાન છીએ તે બુદ્ધિમાનનું કર્તવ્ય છે.

ભગવાન વ્યાસદેવે ૧૮ પુરાણની રચના કરી. તેમણે રાષ્ટ્ર પ્રતિ જે કર્તવ્ય હોવું જોઈએ તે એક જ વાક્યમાં કહી દીધું - **પરોપકારઃ પુણ્યાય।**

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહે છે :

**અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ।**
**અહમાદિશ્ચ મધ્યં ચ ભૂતાનામન્ત એવ ચ॥** (૧૦-૨૦)

હું સઘળા જીવોના હૃદયમાં રહેલો સૌનો આત્મા છું તથા સર્વ જીવોનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું. આપણે દેહથી ભિન્ન છીએ, આત્માથી નહીં. જે આત્માની દૃષ્ટિથી બધાંને સમાન ભાવે જુએ છે, તે બધા ઉપર ઉપકાર કરીશ. ધર્મનો સારસર્વસ્વ એ જ છે કે જેટલું આપણે આપણી જાતને ચાહીએ એટલું જ બીજાને ચાહીએ. આપણે કોઈને ઠગવા નહીં જોઈએ, કોઈની સંપત્તિ છીનવી લેવાની નથી, ચોરી નહીં કરવી, બહેન-દીકરી ઉપર ગંદી નજર નહીં નાખવી જોઈએ. આપણો ઉદ્દેશ એટલો જ હોવો જોઈએ- સર્વવિધ કલ્યાણ થાય.

**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ભવેત્॥**

આ આપણું કર્તવ્ય છે, જેને આપણે કરવાનું છે. આપણી હંમેશાં એવી ઈચ્છા હોય છે કે બધું સુખ-સંપત્તિ, સુવિધા, લાભ મને જ મળે પણ વેદમાં આદેશ છે-જે કેવળ પોતાના માટે જીવે છે, હું સત્ય કહું છું, એમણે પોતાના મૃત્યુને નિમંત્રણ આપી દીધું છે. એ મનુષ્ય નહીં, મનુષ્યરૂપમાં પશુ છે.

ભગવદ્ગીતામાં ભગવાન કૃષ્ણએ અર્જુનને કહ્યું - તું ક્ષત્રિય છે. ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુદ્ધથી વધીને બીજું કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી. આમ છતાં પણ જો તું ધર્મયુક્ત યુદ્ધ નહીં કરે તો સ્વધર્મ અને કીર્તિને ગુમાવીને પાપને પામીશ. વ્યક્તિ માન-અપમાનમાં સ્થિર રહીને કાયિક, વાચિક, માનસિક રીતે સમ રહી મને સમર્પિત થઈ કર્મ કરે એ જ કર્તવ્ય છે.

**અહિંસા પરમો ધર્મઃ ।** હિંસા-અહિંસાનું વિશ્લેષણ કરવું પડશે. આર્મીનો જવાન આપણી વચ્ચે અહીં આવીને કોઈને મારી નાખે તો હિંસા કહેવાય પણ એ બોર્ડર પર રહીને ૨૫-૫૦ને મારે તો એને પરમવીરચક્રની ઉપાધિ મળે. મહાભારતમાં કૃષ્ણ ભગવાને ક્યારેય હથિયાર મૂકી દેવા નથી કહ્યું. અર્જુન કહે છે કે હું ધનુષ્ય છોડી બેસી જઉં છું, મારાં અંગો શિથિલ થઈ રહ્યાં છે, મોં સુકાઈ રહ્યું છે, મારી ચામડી બળી રહી છે, મારું મન જાણે ભમે છે, હું ઊભો રહેવાને પણ સમર્થ નથી ત્યારે કૃષ્ણએ કહ્યું, 'આ તો ડરપોક, કાયરનું કામ છે. તને રણભૂમિમાં આવો મોહ ક્યાંથી થયો? આનાથી ન તો તને સ્વર્ગ મળશે કે ન તો યશ મળશે. તું કર્તવ્યથી વિમુખ થઈ રહ્યો છે. તને લોકો નપુંસક કહેશે. આ હૃદયની નિર્બળતા છે. આ નિર્બળતા છોડ. તારે અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરવાની છે. તું યુદ્ધ માટે ઊભો થઈશ તો તને પાપ નહીં લાગે.'

બ્રાહ્મણ કુળમાં જન્મ થાય તે ભણે અને ભણાવે,

દાન ગ્રહણ કરે. ક્ષત્રિય અન્યાય સહન ન કરે, વૈશ્ય અભાવની પૂર્તિ કરે અને ક્ષુદ્ર સેવા કરે. આપણે ગુલામ થયા પછી અર્થ બદલાઈ ગયા. પહેલાં જાતિ જન્મ અનુસાર નહોતી, કર્તવ્ય અનુસાર હતી. સંન્યાસીનું કર્તવ્ય છે, હું કોઈને મારી ના શકું. કોઈ મારવા આવે તો પણ મારી ના શકું પણ હું ક્ષત્રિયને કહું કે એ મારું રક્ષણ કરે પણ જો એ રક્ષણ ના કરે તો એના કર્તવ્યથી એ વિમુખ થાય છે. જે સમાજમાં આપણે જીવી રહ્યા છીએ એ સંસ્કૃતિનું સન્માન કરીએ પણ પોતાની સંસ્કૃતિ, જ્ઞાન, શાસ્ત્રોને ભુલાવી ના દેવાં જોઈએ. ધર્મનિરપેક્ષ અને આરક્ષણ શબ્દોએ આપણા રાષ્ટ્રને સમાપ્તપ્રાય કરી દીધા છે. કેરાલામાં કોઈ પોતાની ભાષા ના બોલી શકે, પહેરવેશ ના પહેરી શકે, શું આ ધર્મનિરપેક્ષતા છે ? જુદા જુદા ધર્મથી આપણે જુદા નથી પણ બહારથી આવીને એમણે આપણી સંસ્કૃતિને નષ્ટ કરી દીધી. ૧૮૦૨માં બ્રિટિશ પાર્લામેન્ટમાં લખ્યું છે, જન્મ ભારતમાં થશે પણ આચારવિચાર વિદેશના હશે.

વેદમાં ખૂબ સુંદર વાત લખી છે - જ્યાં શક્તિ છે, જ્ઞાન છે, તે લોકો જ શાંતિથી જીવી શકે. જ્યાં શૌર્ય, ધૈર્ય, વીર્ય, જ્ઞાન, વિવેક છે ત્યાં જ રહેવું જોઈએ. શાંતિ લાવી શકાતી નથી, પોતાની અંદર છે. ગૌતમબુદ્ધે અહિંસાની વાત કરી છે પણ તેઓ સારનાથ આવ્યા, ત્યાં જ રહ્યા. તેમણે રાજાઓને ઉપદેશ આપ્યો કે જો તમે યુદ્ધની કલા ભૂલી જશો તો માર્યા જશો. અહિંસા ક્ષત્રિય માટે કલંક છે. આખા વિશ્વમાં સુખ-શાંતિ-સમૃદ્ધિની સ્થાપના કરવી હોય તો શ્રીકૃષ્ણના સમયમાં જવું પડશે. જે આપણી રહેણીકરણી, ભાષા, ખાનપાનના વિરોધી હોય તે અસુર છે. આપણી સંસ્કૃતિની રક્ષા થાય એ આપણું કર્તવ્ય છે. એક કહેવત છે બીજાને એટલું દાન ના કરો કે પોતે ભિખારી બની જાવ. બીજાનું એટલું સન્માન ના કરો કે પોતે ખલાસ થઈ જાવ.

મનુસ્મૃતિમાં લખ્યું છે - સંસારમાં જેટલાં પ્રાણી છે તેમણે શિક્ષા અહીંથી જ પ્રાપ્ત કરી છે. વ્યક્તિઓને પોતાના ચરિત્રથી શિક્ષા આપવામાં આવે છે. મન-વાણી-કર્મ એક હોય તે સંસ્કૃતિની દેન છે. હિંદુસ્તાનના ટુકડા કરવાવાળા કેટલા લોકો ઊભા છે, મોટી ભીડ ઊભી છે. આપણે રાષ્ટ્ર પ્રતિ ઈમાનદાર નથી. થોડા ચાંદીના ટુકડામાં વેચાઈ ગયા છીએ. આપણે સાવધાન-સજાગ નથી. આપણે આપણાં ધર્મ-શાસ્ત્ર પ્રત્યે સજાગ અને કર્તવ્યનિષ્ઠ રહેવું જોઈએ. આપણે ભાષણ આપી શકીએ છીએ, શિક્ષા આપી શકીએ છીએ પણ અસલી શિક્ષા આપણી સંસ્કૃતિ પર ગૌરવ કરવાની છે. આપણો ઇતિહાસ ભક્તિ-જ્ઞાનથી ભરેલો છે પણ ભણાવવામાં નથી આવતો. મહારાજા રાણાપ્રતાપના કિલ્લા પર નમાજ પઢવાની અનુમતિ છે, આપણી સંસ્કૃતિને આપણે સમાપ્ત કરી દઈશું.

ભોજન મુખથી કરીએ પણ હાથ કહે કે હું કામ નહીં કરું, પગ કહે કે હું ખેતરમાં નહીં જવું તો આપણે જીવિત રહી શકીએ ? એક-એક અંગથી શરીરની રક્ષા થાય છે. સંપૂર્ણ શરીરથી એક-એક અંગ સુરક્ષિત રહે છે. જેને મધુવિદ્યા કહે છે. આપણા રાષ્ટ્ર પ્રત્યે આપણું કર્તવ્ય છે. રાષ્ટ્રની સુરક્ષા સીમાની સુરક્ષા નથી. સંસ્કૃતિ, ધર્મ-ભાષા માટે નિષ્ઠાવાન છીએ તો રાષ્ટ્ર સુરક્ષિત છે તો તમે સુરક્ષિત છો. બંને એકબીજા પર આધારિત છીએ. **'વસુધૈવ કુટુંબકમ્'** સંન્યાસીઓ માટે બધું સમાન છે, ગૃહસ્થ માટે એવું નથી. આચાર્ય શંકર, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય બધા સંતો દક્ષિણમાં થઈ ગયા અને આજે દક્ષિણની સ્થિતિ જુઓ. વિધર્મીઓની પકડમાં છે. શિક્ષાનો અર્થ કેવો છે? આપણા પહેરવેશ-ખાનપાનને છોડી દઈએ ?

અમારું ચિંતન સાર્વભૌમિક છે. તમને ના પણ ગમે. આરએસએસ રાષ્ટ્રપ્રેમ શીખવે છે, રાષ્ટ્રધર્મ શીખવે છે. જેટલી સ્કૂલો રાષ્ટ્રના ગૌરવમય ઈતિહાસને ભણાવે છે તે બંધ થવા માંડી છે. આપણે પણ એમને સાથ આપીએ છીએ. મૌલવી ફતવો કરે તો એ સહિષ્ણુ છે પણ આપણા પંડિત કંઈ કહે તો એ અસહિષ્ણુ કહેવાય છે. આપણને પટેલ-બ્રાહ્મણ એવી જાતિમાં વહેંચવામાં આવે છે. હિંદુ સંમેલન કરશો તો કોઈ પબ્લિક નહીં આવે, પટેલ સંમેલન, બ્રાહ્મણ સંમેલન કરશો તો બધા આવશે. આપણે ધર્મના નામે એક રહીએ. જન્માષ્ટમી, રથયાત્રા, રામનવમી, નવરાત્રી બધા તહેવાર એક છે પણ જાતિને લઈ અલગ અલગ થઈ ગયા છીએ. સ્વાભિમાન એક વાત છે પણ એ માટે ધર્મનું અપમાન કરવું એ મહાપાપ છે. સર્વોપરી ભગવાન ધર્મને લઈ હવે આપણે એક થઈ જવું જોઈએ.

'ફ્રોડ' કોણ કરે છે ? બુદ્ધિશાળી લોકો. તેમને શિક્ષા તો મળી છે, પરંતુ કર્તવ્યની શિક્ષા નથી મળી. ભ્રષ્ટાચારી, ખૂન કરનાર, દગો કરનાર, ભણેલા હોય છે, કારણ કે દરેકમાં મને શું મળશે ? એ પશુતા શીખવે છે. પ્રતિઉપકાર, પરોપકારના ભાવને શિક્ષણમાંથી હટાવી દેવાયા છે. પરિશ્રમ વગર વધારે કેવી રીતે મળે એની શોધ છે. નૈતિક શિક્ષા નથી, કર્મનો સિદ્ધાંત ભણાવાતો નથી. જો આપણે એમ કહીએ કે કર્મથી દુઃખ મળે છે, કર્મથી સુખ મળે છે તો એ વિવાદિત બયાન કહેવાશે. વર્તમાન રાષ્ટ્રમાં કાર્ય કરી દૃઢવાન અને નિષ્ઠાવાન થઈએ.

રાષ્ટ્ર એ કેવળ ભૌગોલિક સ્થિતિ નથી. રાષ્ટ્ર ધર્મ, વેશભૂષા, શ્રેષ્ઠ સમાજ, સભ્ય સમાજ, ખાન-પાન, મહાન ચરિત્ર, શૌર્ય, વીર્ય અને સંસ્કૃતિ છે, એના પ્રત્યે નિષ્ઠા આવવી જોઈએ. તમે નિષ્ઠાવાન છો તો પરમાત્માને પ્રાપ્ત કરી લીધા છે, નહીંતર વિમુખ છો. જે ધર્મમાં સ્થિત છે તેનો જ જયજયકાર છે. આપણને કર્તવ્ય, ધર્મ, સંસ્કૃતિ, સમાજ, શિક્ષા, ભાષા, રહેણીકરણી, આપણી ઋષિ પરંપરા પ્રત્યે ગૌરવ હોવું જોઈએ. તમે સૌ સજાગ છો અને રાષ્ટ્ર પ્રતિ કર્તવ્ય પૂર્ણ કરી રહ્યા છો તેવી મને શ્રદ્ધા છે.

# માનસિક શાંતિના સચોટ ઉપાયો

**- પ્રજાપિતા બ્રહ્માકુમારી શિવાનીદીદી**

**પ્રવચન : ૬**

આપણા સંસ્કારોથી બને છે આપણી સંસ્કૃતિ, એનાથી બને છે આપણો સંસાર. આપણા મનને જે આદેશ આપીશું તે સ્વીકાર કરશે. હવે તમારા મનને clear instruction આપી દો કે એક ક્લાક પછી વાત કરીશું. હવે તમે એક સંસ્કાર પસંદ કરો. એવો એક સંસ્કાર જે આ સંસારને સુંદર બનાવી શકે. એક સંકલ્પ કરીએ-કેવું સરસ વાતાવરણ છે ! આપણે બિલકુલ comfortable છીએ. મનને બોલવાની છૂટ ના આપો. નકારાત્મક વિચારોથી શક્તિઓ ઘટતી જશે. મોસમ નહીં બદલાય પણ આપણે બદલાઈ જઈશું. આપણે દરેક વાતમાં બહુ જ વિચારીએ છીએ. વધારે વિચારીએ તો વિચારની quality સારી નથી હોતી. સંકલ્પશક્તિ ઘટી જાય છે. સંકલ્પશક્તિ વધે તો આપણે જે સંકલ્પ કરીએ તે સિદ્ધ થાય છે. સંકલ્પ કરવો અને તથાસ્તુ પણ પછી આપણી જવાબદારી વધી જાય છે. અત્યાર સુધી આપણે બહારની ઊર્જાનો પ્રયોગ કરીએ છીએ, હવે પોતાની શક્તિનો ઉપયોગ કરવાનો છે.

આપણો સંક્લ્પ છે બધાંને પ્રેમ કરવો છે, ખુશ રહેવું છે, બધાંનું સન્માન કરવું છે. આ બધાની આગળ unconditional શબ્દ ગોઠવવો પડશે. આપણે પરિવારને પ્રેમ આપીએ છીએ પણ જયારે તેઓ આપણું કહ્યું નથી માનતા ત્યારે આપણે નારાજ થઈ જઈએ છીએ. એ જે vibration મળે છે એ conditional છે.

આપણામાં કોઈ એક સારો સંસ્કાર છે પણ એ દર વખતે સ્વભાવમાં નથી દેખાતો. કોઈ આપણી સાથે સારી રીતે વાત કરે તો આપણે પણ સારી રીતે વાત કરીએ. જે એ આપણને આપે છે તે આપણે રિટર્ન કરીએ છીએ. જ્યારે તે સારી રીતે વાત નથી કરતા ત્યારે આપણે શું કરીએ છીએ ? આપણી આદત છે, જે એનર્જી આવે છે તે જ પાછી આપવાની. એનો અર્થ એવો નથી કે મેં ખોટું કર્યું છે પણ એ મારો સંસ્કાર થઈ ગયો- બીજાના સંસ્કારની કોપી કરવાનો. સામેથી એનર્જી આવે છે ત્યારે આપણી પાસે ત્રણ વિકલ્પ છે-

- જે આપે તે પાછું આપવું (Reflect કરવું)

- એમણે ખોટી વાત કરી પણ આપણે કંઈ ના બોલીએ પણ દુઃખ ચોક્કસ થયું. (energy absorb કરવી)

- એમણે ખોટી વાત કરી પણ મેં એમના વિશે સારું વિચાર્યું. (energy transform કરવી)

આ સૃષ્ટિને સુંદર બનાવવા transformer બનવાનું છે, સૃષ્ટિ transform થઈ જશે. કલહ-કલેશની દુનિયાને transform કરવી છે. આપણી સાથે કોઈ કંઈ પણ વ્યવહાર કરે આપણે સારો વ્યવહાર કરીશું.

Customer care agencyમાંથી ફોન આવે તો એ આપણી સાથે કેવી સારી રીતે વાત કરે છે ? આપણે ના પાડી દઈએ, એનું અપમાન કરીએ તો પણ એ તો સારી રીતે જ વાત કરે છે પણ એ બહારથી સારી રીતે વાત કરે છે, કારણ કે એ એની નોકરી છે. આપણે સારી રીતે વાત કરીએ એ આપણા સંસ્કાર છે. જો એ નોકરી માટે સારી રીતે બોલી શકે તો આપણે સ્વાસ્થ્ય, સારા સંબંધ, સુંદર દુનિયા માટે કેમ ના કરી શકીએ ? આપણે ઉપરથી સારી રીતે વર્તવામાં અંદર ખૂબ નેગેટિવ ભરાઈ જાય છે, પછી કહીશું મેં બહુ સહન કર્યું. Adjust તો અંદર છે. ખબર જ ના પડે કે મેં સહન કર્યું. પ્રેમથી વાત કરવાનો, વિચાર કરવાનો આપણો સંસ્કાર છે. આનો પહેલો લાભ આપણને જ થશે.

આ યુગમાં આપણે બીજા પાસે અપેક્ષા રાખીએ છીએ કે બધા લોકો પરફેક્ટ હોવા જોઈએ, એ પણ આપણા માપદંડ પ્રમાણે. કળિયુગમાં સતયુગનો સ્વભાવ વ્યક્તિ પાસે ઈચ્છીએ છીએ. જ્યારે આપણે જાણીએ છીએ લોકો દુ:ખી છે તો પણ આપણે અપેક્ષા રાખીએ છીએ કે તેઓ મારી સાથે સારી રીતે વાત કરે. આજે આપણે એક સંસ્કાર ખતમ કરીએ છીએ- અપેક્ષા (expactation). મેં નક્કી કર્યું તમે મારી સાથે કેવા હોવા જોઈએ. તમે મારી સાથે એવા હશો તો હું સુખી થઈશ, નહીંતર હું દુ:ખી થઈશ. દુ:ખનું કારણ તમે પોતે જ છો. હું તમારા ત્યાં જમવા આવું તો તમે કેટલી વાનગી બનાવશો ? ઘણી બધી. બીજા મહિને તમે મારા ઘરે આવો છો. તમે સાંજે છ વાગ્યે આવો છો તો હું તમને કહું છું કે તમે ચા તો પીને જ આવ્યા હશો નહીં ? હવે તમે ગણતરી કરશો કે એ આવ્યા ત્યારે મેં કેટલું બધું બનાવ્યું હતું ? તેમણે મારા માટે કંઈ ના કર્યું. તમે પ્યારથી જે મારા માટે કર્યું હતું ત્યાં દુ:ખ થયું. સારા સંસ્કાર પણ દુ:ખનું કારણ બની જશે. બે મહિના પછી ફરી હું તમારા ઘરે આવી. હવે ? સારું ખાવાનું બનાવી જમાડવાના તમારા સંસ્કાર હતા પણ હવે છોડી દીધા. બધા માટે છોડી દીધા. તમારા સંસ્કાર ઘટતા ગયા. બીજાના વ્યવહારના કારણે આપણા સંસ્કાર ઘટતા ગયા તે કળિયુગ થઈ ગયો.

અપેક્ષા સામાન્ય છે. બાળકને જન્મ આપો છો, પાળો છો, મોટો કરો છો, ત્યાં નિ:સ્વાર્થ પ્યાર છે. મોટો થઈને એ દીકરો ધ્યાન આપતો નથી તો મુખથી નીકળી જશે, 'મેં તારા માટે કેટલું કર્યું ?' ના કરવું હોય તો ના કરો પણ કરવું હોય તો  એ આપણા સંસ્કાર છે પછી અપેક્ષા ના રાખો કે એ પણ કરશે.

તમે બીજાને મદદ કરો છો. તમને જરૂર પડે ત્યારે એની પાસે સમય નથી ત્યારે મનમાં વિચાર આવે છે, મેં એને શા માટે મદદ કરી ? આ દુનિયામાં કોઈને મદદ કરવાની જરૂર નથી. પછી પોતાના સંસ્કાર છોડી દીધા. બીજાના વ્યવહારના કારણે સંસ્કાર છોડી દીધો. મારા સંસ્કાર, મારો સ્વભાવ છે. કોઈ પણ પરિસ્થિતિમાં બદલાતો નથી. તમે એક સંસ્કાર unconditional પસંદ કરશો તો બાકી બધા આવી જશે. નક્કી કરો કે કંઈ પણ થાય પણ સંસ્કાર છોડીશ નહીં.

જ્ઞાન શીખવાડે છે કે સામેવાળો આત્મા છે. અજર અમર અવિનાશી તત્ત્વ છે. આત્મા એક શરીર છોડીને બીજું શરીર ધારણ કરે છે. એ સંસ્કાર-કર્મ લઈને જાય છે. ઉંમર શરીરને હોય છે. ડ્રેસ બદલીએ છીએ. દરેક ડ્રેસમાં અલગ પરિવાર, દેશ, ધર્મ, પરિસ્થિતિ, સંસ્કાર. સો વર્ષ પછી બીજો ડ્રેસ પહેરીએ. બીજા કેટલાંક સંસ્કાર જોડાશે. એક વ્યક્તિના સંસ્કાર બીજી વ્યક્તિ જેવા થોડા હશે ? બીજાને જોવાની દૃષ્ટિ બદલો. આત્મા અલગ-અલગ છે. યાત્રા અલગ-અલગ છે. લોકો કેવી કેવી પરિસ્થિતિમાંથી પસાર થયા હશે. સંસ્કાર અલગ જ હશે.

લગ્ન થાય છે. બે આત્માનો ભૂતકાળ, પૂર્વજન્મ અલગ છે, પછી એકબીજાને પૂછ્યા કરે, 'તમે આવા કેમ છો ?' જે ગીત મારી CD પર નહીં હોય તે ખબર નહીં પડે. એક પાસે વિશ્વાસ છે, બીજા પાસે શંકા છે. એક જણ સમય પહેલાં પહોંચવામાં માને છે, બીજો હંમેશાં મોડા જ આવવામાં માને છે. સંસ્કાર અલગ છે. વહેલી આવનાર વ્યક્તિ મોડી આવનાર વ્યક્તિને પૂછે છે, 'તમે કેમ મોડા આવો છો ?' મોડી આવનાર વ્યક્તિ તેને કહે છે, 'શું તમારે બીજું કોઈ કામ નથી કે વહેલા આવો છો ?' પછી આપણા ત્યાં ત્રીજી CD આવશે. આપણે એવું વિચારીએ છીએ કે blank CD હશે પણ એવું નથી હોતું. એક CD પર ભજન રેકોર્ડ થયેલાં છે, બીજી CD

પર હિન્દી ગીતો અને ત્રીજી CD પર ઈંગ્લિશ મ્યુઝિક છે. આવા અલગ સંસ્કાર સાથે જીવવાનું છે. કેવા પણ સંસ્કાર હોય, Adjust થતાં આવડી જાય તો આત્માની શક્તિ વધતી જશે.

ગયા અઠવાડિયે શ્રીલંકામાં હોનારતમાં જે લોકોએ દેહ છોડ્યો એ બાળક તરીકે જન્મશે. તેમણે મૃત્યુ સમયે ડર-ગુસ્સો અનુભવ્યો છે એ બધું આત્મા પર રેકોર્ડ થઈ ગયું. એ મોટો થતો જશે તો બીએ છે, એકલો નથી રહેતો. મમ્મી-પપ્પાને પકડીને સૂઈ જશે. શું આ સંસ્કાર સાચો છે ? દરેક આત્માનો દરેક સંસ્કાર સાચો છે. એણે કંઈ ને કંઈ અનુભવ કર્યો છે માટે સાચો છે. Soul of journey છે. તમારા ઘરે એવું બાળક આવે તો તમે પરેશાન થઈ જાવ છો, ચિંતિત-દુઃખી રહો છો. તમને પ્રશ્ન થાય છે, 'તું આવો કેમ છે ? ડરપોક કેમ છે ?' પાછા બીજા સાથે એની તુલના કરો છો કે બીજો કેટલો confident છે ! આપણે દર્દમાં આવેલી વ્યક્તિનું દર્દ વધારીએ છીએ. આત્માના અલગ અલગ સંસ્કાર છે. આપણે તેને સશક્ત બનાવીશું પણ એની સાથે રહીને, એને સમજીને એને દર્દ ના પહોંચે એ રીતે.

ચિંતા કરવી એટલે બદદુઆ દેવી. આપણે ચિંતા કરીએ છીએ ત્યારે નેગેટિવ એનર્જી આપીએ છીએ. શું આપણે આશીર્વાદ ના આપી શકીએ ? જે ચિત્ત પ્રશ્ન ઉઠાવે તે ચિત્ત પ્રસન્ન રહી શકતું નથી. એક મિનિટ આંખ બંધ કરી એક વ્યક્તિને યાદ કરી તેની એક આદત યાદ કરો. હવે તેને જોતાં એક સંકલ્પ કરીએ - I accept you. I understand you. I respect you - I love you. આમ કરવાથી આપણે તેમને highest energy આપીએ છીએ. બીજાનો સંસ્કાર સ્વીકારી લો છો પછી તે unconditional થઈ જાય છે.

પોતાના મનને બીજાના સંસ્કારના ગુલામ ના બનાવશો. આત્માની શક્તિ ક્ષીણ થશે. કોઈને ડરનો સંસ્કાર છે. તેની જ વાતો કરીશું તો એ સંસ્કાર દૃઢ થશે. જે સંસ્કાર વધારવો છે તે જ વિચારવાનું છે. બે છોડમાંથી જે છોડને મોટો કરવો છે. તેને પાણી પાઈશું. જે છોડને ખતમ કરવો છે તેને પાણી નહીં પાઈએ. આશીર્વાદ અસંભવને સંભવ કરી દે છે. આપણે ઘરના ભોજનને પ્રસાદ બનાવીએ. ઘરમાં ભોજન બનાવતી વખતે એમાં સારાં વાઈબ્રેશન મૂકીએ. ઘરમાં સાત્ત્વિક ભોજન બનશે, જે મનને શક્તિશાળી બનાવશે.

આપણું અન્ન પ્રસાદ બને, પાણી અમૃત બને, ઘર સ્વર્ગ બને અને સંસાર સુંદર બનાવવા પોતાના સંસ્કાર બદલીએ તથા બીજાના સંસ્કાર બદલવામાં સહયોગ આપીએ. આમ થાય તો સતયુગ અહીં જ છે.

# ઈચ્છા નહીં હોવા છતાં મનુષ્ય પાપ કેમ આચરે છે ?

- શ્રી સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજી તત્ત્વતીર્થ, અમદાવાદ

**પ્રવચન : ૭**

ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયના ૩૬મા શ્લોકમાં અર્જુન ભગવાનને પૂછે છે :

**અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પુરુષઃ ।**
**અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ ॥**

અર્જુન પૂછે છે કે ભગવાન આ મનુષ્ય કોનાથી પ્રેરાયેલો-જોડાયેલો- ધક્કો મરાયેલો પાપનું આચરણ કરે છે? બળપૂર્વક કોઈ જાણે ધક્કો મારીને કરાવતું હોય એવું લાગે છે. એનો અર્થ થયો કે માણસ પાપ કરવા ઈચ્છતો નથી. સામાન્ય રીતે માણસને ધર્મનું આચરણ કરવું ગમે છે, સત્ય-અહિંસા ગમે છે, ચોરી કરવી ગમતી નથી. અધર્મના આચરણ માટે સ્વાભાવિક પ્રેમ નથી, છતાં આપણો અનુભવ છે કે પાપ કરવાની અનિચ્છા હોવા છતાં એ લાચારીથી જુએ છે કે મારાથી પાપ થઈ ગયું. મારાથી બોલાઈ ગયું, મારાથી ખવાઈ ગયું, ચોરી થઈ ગઈ. સંવેદનશીલતા જાગ્રત હોય તો ધ્યાનમાં આવે છે કે અધર્મનું આચરણ જાણે કે કોઈ ધક્કો મારીને કરાવે છે.

દુર્યોધન અને યુધિષ્ઠિર એક જ નિશાળમાં સાથે જ ભણેલા. બંનેને મૂલ્ય સરખાં જ શીખવા મળેલાં. યુધિષ્ઠિરને જે ખબર હશે તે દુર્યોધનને પણ ખબર જ હશે, છતાં યુધિષ્ઠિરને જૂઠું બોલાવતાં ભગવાનના નાકે દમ

આવી ગયો, જ્યારે દુર્યોધન કહે છે : 'ધર્મમાં મારી પ્રવૃત્તિ થઈ શકતી નથી. અધર્મમાંથી મારી જાતને પાછી વાળી શકતો નથી. મારા હૃદયમાં કોઈ દેવતા બેઠો છે, જે મારી પાસે અધર્મ કરાવે છે. હું કર્તા મટી જઉં છું, અંદર બેઠેલો દેવ કરાવે છે અને હું પાપ કરું છું.'

સનતકુમાર કહે છે : 'આત્મા જેવો છે એના કરતાં જુદો બીજા પ્રકારે જોઈએ તે પાપ છે, ભગવાન કહે છે : પાપીમાં શ્રેષ્ઠ પાપીએ મૂળભૂત પાપ કર્યું છે, આત્મા છે એના કરતાં એને જુદો જાણ્યો છે. જડ-અનિત્ય, અશુદ્ધ-દુઃખી જાણ્યો છે. વસ્તુ જેવી છે તેવી ના જાણવી એ ગુનો છે, અજ્ઞાન છે અને ઊલટી રીતે જાણવી એને વિપરીત બુદ્ધિ કહે છે. એક શેઠ રોજ ગાડી ચલાવીને પોતાની દીકરીને શાળાએ મૂકવા જાય છે. એક દિવસ દીકરી રિક્ષામાં જાય છે. તે જોઈ બહેનપણીઓ કહે છે કે કેમ આજે તારો ડ્રાઈવર નથી આવ્યો? રોજ મૂકવા આવે છે તે પિતાને ડ્રાઈવર જાણ્યો તો શું પિતાનું અપમાન કહેવાય કે નહીં? મહાન ધનવાન હોય તેને ભિખારી કહેવામાં આવે તો ધની મરી ગયો. આ તેનું અપમાન થયું કહેવાય. જેવો છે તેવો ન જાણતાં ઊલટી રીતે જાણવો તે અપમાન છે. આ પાપના કારણે આનંદસ્વરૂપ આત્મા હોવા છતાં હું આનંદ નહીં, દુઃખી છું તેવા નિર્ણયને હું સહન કરી શકતો નથી એટલે મને ગમતું નથી. માટે દુઃખમાંથી છૂટવા પ્રયત્ન કરું છું. આનંદ મેળવવા માટે પ્રયત્ન કરું છું. સામાન્ય રીતે તે ધર્મના માર્ગે પ્રયત્ન કરીએ છીએ. પણ સુખ ક્યાં શોધવું તે માટે દરેકનો નિર્ણય અલગ છે. કોઈ સુખ મેળવવા વિદેશ જાય, કોઈ લગ્ન કરે, કોઈ છૂટાછેડા લે, કોઈ ચોરી કરે, કોઈ ભણે, કોઈ ના ભણે, જે ક્રિયા થાય છે તે સુખ માટે જ.

સુખ કોને કહેવાય એની સમજ દરેક વ્યકિતની અલગ છે. શરૂઆતમાં તે નીતિના માર્ગે પ્રયત્ન કરે, પરંતુ ધીમે ધીમે ઈચ્છા વધતી જાય અને જોઈતું ફળ મળતું નથી ત્યારે એને એમ લાગે કે ધર્મના માર્ગે કામ થાય એવું લાગતું નથી ત્યારે અંચઈ કરવાનું મન થાય અને અધર્મનો આશરો લેતાં શીખે છે.

ભગવાન શંકરાચાર્ય કહે છે : 'પ્રાણીના સાક્ષાત્ અભ્યુદય અને મુમુક્ષુ માટે મોક્ષનું જે સાધન છે એને ધર્મ કહેવાય.' લાંબા સમય સુધી ધર્મનું અનુષ્ઠાન કરતાં કરતાં ધીરે ધીરે અંચઈનો પ્રવેશ થાય છે. ઓફિસનો સમય સવારના ૯ થી સાંજના ૭ સુધીનો છે. શરૂઆતમાં સમયસર જઈએ, પછી ૯.૧૫ વાગ્યે જઈએ, વચ્ચે-વચ્ચે વોટ્સએપ જોઈએ, ચા પીવા જઈએ. આ અધર્મ કહેવાય, અંચઈ કહેવાય. ઓફિસમાં-ઘરમાં, ધંધામાં-સેવામાં જે રોજની પ્રવૃત્તિ છે તેમાં ધીરે ધીરે અંચઈ પ્રવેશે છે પછી વિવેક અને વિજ્ઞાનનો હ્રાસ થાય છે. સમયની ચોરી, શક્તિની ચોરી, ધનની ચોરી એના કારણે અધર્મની વૃદ્ધિ થાય છે. ધર્મ ઢંકાતો જાય છે, અધર્મ વધતો જાય છે. મનુષ્યના જીવનમાં પાપ આવે છે. એ બહારથી પાપ કરતો દેખાય છે પણ અંદરથી જે કારણે પાપ કરે છે એ ઓળખાતું નથી.

ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયના ૩૭મા શ્લોકમાં કહ્યું છે.

**કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્‌ભવઃ।**
**મહાશનો મહાપાપ્મા વિદ્ધયેનમિહ વૈરિણમ્॥**

કામ એ જ ક્રોધ છે. કામના એટલે મારામાં ઈચ્છા જન્મે એ પૂરી થાય એટલે લોભમાં પરિણમે અને પૂરી ના થાય તો ક્રોધમાં પરિણમે. એ જ કામ-ક્રોધ અને લોભ બને છે, રજોગુણને જન્મ આપે છે. જીવને કંઈ ગમતું નથી, જામતું નથી, મજા નથી આવતી. માણસને જે છે એનાં કરતાં કંઈક જુદું જોઈએ છે. પારકા ભાણે મોટો લાડવો-આવી ટેવ પડી ગઈ છે. હું મને ગમતો નથી, હું જે છું તે ગમતું નથી. ના ગમે તેનું કારણ શું ? વિચાર કરો. માણસ બુદ્ધિમાન પ્રાણી છે, છતાં આટલી બુદ્ધિ ચલાવે છે? આપણું ઘર, ટેલિફોન, કાર શું ખોટાં છે ? પરંતુ એ નવા નવા પદાર્થ લેવા પ્રેરે છે.

યયાતિના સસરાએ તેને શાપ આપ્યો કે તું વૃદ્ધ થઈ જા. યયાતિએ શાપનું મોચન કરી આપવા પ્રાર્થના કરી. સસરાએ કહ્યું : 'તારો દીકરો યુવાની આપે તો તું ભોગવી શકીશ.' પહેલાં ત્રણ દીકરાઓએ પોતાની યુવાની આપવાની ના પાડી. ચોથો દીકરો નહુષ તૈયાર થયો. તેણે પોતાની યુવાની પિતા યયાતિને આપી. યયાતિ ૧૦૦૦ વર્ષ યુવાની ભોગવ્યા પછી લખે છે : 'આ

પૃથ્વી પર જેટલું ધન-ધાન્ય, સોનું-સંપત્તિ છે એટલું એક જ વારમાં કોઈ મનુષ્યને આપી દઈએ તો પણ તેને પ્રસન્ન કરી શકાતો નથી. કામ કામના ભોગથી શાંત થતો નથી. આગમાં ઘી હોમવામાં આવે તો આગ વધશે એમ કામનામાં ભોગના પદાર્થો ઉમેરીએ તો કામના વધતી જાય છે.' યયાતિની વૃત્તિ શાંત ના થઈ. દીકરાની યુવાની લેવી એ પાપ હતું પણ ઈચ્છાપૂર્તિ માટે લીધી એ મહાપાપ હતું.

અર્જુન ભગવાનને યુદ્ધ કરવા બોલાવી લાવ્યો. એમને સારથિ બનાવ્યા, પછી આદેશ આપે છે કે બે સેના વચ્ચે મારો રથ ઊભો રાખો. મારે જોવું છે કે મારે કોની સાથે યુદ્ધ કરવાનું છે ? ભગવાને બરાબર ભીષ્મની સામે રથ ઊભો રાખ્યો અને કહ્યું : 'આ કૌરવોને જો.' ભગવાને એમ નથી કહ્યું કે આ શત્રુઓને જો. અર્જુનને ભીષ્મમાં પિતામહ અને દ્રોણમાં ગુરુ દેખાયા એટલે શોક-મોહ જન્મ્યો. વિચારવા લાગ્યો કે યુદ્ધ જીતીશ તો સુખ મળશે પણ એને વિવેક-વૈરાગ્ય જન્મ્યો કે રાજ્યથી શું થશે ? ભોગથી શું થશે ? આપણે પણ સુખ મેળવવાનો વિચાર કરીએ છીએ પણ પાછું મન બીજી વસ્તુમાં જાય છે. વસ્તુ લાવીએ છીએ, જોઈએ છીએ, ભોગવીએ છીએ, પછી ફેંકી દઈએ છીએ.

શ્રી રામચંદ્રજીનો રાજ્યાભિષેક થયો. ભગવાન બધાંને ભેટ આપે છે. સીતાજીએ કહ્યું : 'હનુમાનને તો ભેટ આપો.' સીતાજીએ પોતાના ગળામાંથી કીમતી મોતીનો હાર કાઢી હનુમાનને આપ્યો. સીતાજીએ થોડે દૂર જઈને જોયું તો હનુમાનજી હાર તોડી એક-એક મોતી તોડી-તોડી જુએ છે અને ફેંકે છે. સીતાજીએ પૂછ્યું, 'હનુમાન, આ શું કરે છે ?' હનુમાનજીએ કહ્યું : 'મને લાગ્યું કે આ મોતીમાં રામ હશે પણ મને દેખાતા નથી, માટે ફેંકી દઉં છું.'

આપણા ઘરમાં કેટલાં બધાં વાસણ-વસ્ત્ર અને અન્ય વસ્તુઓ છે, છતાં પણ નવું જોઈએ છે. ૪૫ ડિગ્રી ગરમીમાં પ્રવચન સાંભળવા આવતાં તાપ લાગે છે પણ સેલની દુકાનમાં જવામાં તાપ નથી લાગતો. આ પ્રક્રિયા સમજીએ. રાજા ભર્તૃહરિ અનુભવ સહિતનું જ્ઞાન આપતાં કહે છે, 'આપણે ભોગો શું ભોગવવાના ? આપણે જ ભોગવાઈ જઈએ છીએ.' અલ્પમાં સુખ હોઈ શકે નહીં. અનુભવ કહે છે, અલ્પમાં સુખ છે, કારણ કે આપણે અલ્પનો સરવાળો કરી દઈએ છીએ. વિષયોનાં સુખ દુઃખ આપનારાં છે, આવનારાં-જનારાં છે. આ સુખ અનિત્ય છે. વિષયો સાથે ઈન્દ્રિયોનો સ્પર્શ થવાથી મળતાં સુખ-દુઃખની યોનિ છે. ઘડામાં સિક્કા ઉમેરતા જઈએ તો સમય જતાં ઓછા ઉમેરવા પડે પણ સુખના ઘડામાં સુખ ઉમેરીએ તો સુખની ઈચ્છા વધતી જાય છે. સુખની જરૂરિયાત વધતી જાય છે. મરતા માણસનું શોપિંગ લિસ્ટ જો જો. સુખનો ખાડો ભરાતો નથી. આપણે ઊંઘી જઈએ છીએ ત્યારે ત્યાં એક પણ વિષય ના હોવા છતાં આનંદ આવે છે. તમે ભારે સાડી અને અલંકાર પહેર્યા છે, જાણે હરતી-ફરતી અલંકારની દુકાન જેવાં લાગો છો. થાકી-પાકીને ઘેર આવો ત્યારે અલંકાર કાઢતા જઈએ, બોજ દૂર કરીએ તેમાં સુખ મળે છે. ઊંઘીને ઊઠો ત્યારે મજા આવે છે. સુષુપ્તિમાં સુખનો અનુભવ છે. સુષુપ્તિમાં માત્ર હું જ છું. એ સુખ કોઈ સત્તા-પ્રતિષ્ઠા, અભિમાનના પોષાવામાં પણ નથી. એ બતાવે છે કે મારું સ્વરૂપ આનંદ છે. દરેકને પોતાના સ્વરૂપ માટે પ્રેમ હોય છે. પાણીને ગરમ કરો કે ઠંડું કરો, એ પોતાના સ્વરૂપમાં આવવા વલખે છે. જ્યાં સહજતા છે ત્યાં સ્વસ્વરૂપમાં સ્થિરતા છે.

આત્મા પરમાનંદ સ્વરૂપ છે, કારણ કે હું મને ગમું છું. મને એ જ ગમે છે, જે આનંદસ્વરૂપ છે. આત્મા સિવાયના સુખને મેળવવાનો પ્રયત્ન ના હોઈ શકે. વસ્તુ બધા સમયે-સ્થળે-સંજોગોમાં સુખ આપતી નથી. વસ્તુ સુખ ત્યારે જ આપે છે જ્યારે મન પ્રસન્ન હોય છે. સ્વતંત્રતાનું નામ સુખ છે, પરતંત્રતાનું નામ દુઃખ છે. કામ-ક્રોધ નચાવે છે, કારણ કે ત્યાં પરતંત્રતા છે. મનને કામ-ક્રોધથી મુક્ત કરવો એ જ સુખનો રસ્તો છે, જે છે એને ગમતું કરીએ.

મારા મનની પ્રસન્નતા સુખનું સાધન છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે હું માંગું એના કરતાં જે છે એમાં પ્રસન્ન રહું એવી કૃપા કર. નારાયણ જે કરે છે તે શ્રેષ્ઠ કરે છે. મનને નિઃસ્વાર્થ પ્રવૃત્તિમાં જોડીએ, જેથી પ્રસન્નતામાં જોડાઈ શકીએ.

# અધ્યાત્મયાત્રાની બે પાંખ : વિવેક અને ધૈર્ય

- શ્રી સ્વામિની અનંતાનંદતીર્થજી દિવ્યજ્યોત ફાઉન્ડેશન, વહેલાલ

**પ્રવચન : ૮**

કોઈ પણ પક્ષી આકાશમાં ઊડવા ઈચ્છે તો એક પાંખથી ના ઊડી શકે. બે પાંખ જોઈએ અને બંને પાંખ સરખી કામ કરતી હોવી જોઈએ. એક પાંખ કામ ના કરે તો પક્ષીને ઊડવામાં તકલીફ પડે. આપ સૌ અધ્યાત્મયાત્રાના પ્રવાસી છો, આ માર્ગ પર ઊડી રહ્યા છો. ઊડતા પક્ષીને આકાશમાં કેટલીક તકલીફ પડે પણ પક્ષીઓ હારતાં નથી. જરૂર પડે તો ક્યાંક વિશ્રામ લઈ લે કે સુરક્ષિત સ્થાન શોધી લે પણ ઉડ્ડયન છોડી ના દે. આપણે પણ અધ્યાત્મયાત્રામાં લક્ષ્ય સુધી પહોંચવા પ્રયત્નશીલ હોઈએ ત્યારે કેટલાક પ્રેય લાગે એવા અવરોધ આવે. શ્રેય માર્ગમાં કલ્યાણ નિશ્ચિત છે પણ આપણે ગોથાં ખાઈએ છીએ. આ માર્ગ પર એક પ્રશ્ન થાય છે, મારું કલ્યાણ થશે ખરું ? ક્યારે લક્ષ્યને પામીશ ? આળસ, નિદ્રા, પ્રમાદ, ભોગો, અવરોધરૂપ બને છે, તેને હટાવીશું ત્યારે પૂર્ણતા તરફ પહોંચીશું. આ માર્ગમાં સૌથી મોટો અવરોધ અહંકાર છે, 'હુંકાર' છે, જે ફુત્કાર કર્યા જ કરે છે. માન-અપમાનના પ્રસંગોમાં પોતાની યાત્રાનો માર્ગ ભુલાય પણ ખરો.

બહુ માન મળે તો અહંકારની પુષ્ટિ થાય અને અપમાન થાય તો હુંકારનો ફુત્કાર એવો ઊઠે કે વેરવૃત્તિ, દ્વેષવૃત્તિ જાગૃત થઈ જાય. આપણે વાસનાની નિવૃત્તિ કરી લક્ષ્ય પર જોડાઈ રહીશું તો યાત્રા પરિપૂર્ણ થશે.

શ્રેય-પ્રેયનો માર્ગ બધાં માટે છે જ. આ લોકમાં શરીરમાં આવી પડ્યા છીએ, પ્રારબ્ધ પૂરું થતાં જ પરલોકમાં જઈશું. આ લોક અને પરલોક કરતાં વિશેષ છે- મુક્તિ. સૌનું લક્ષ્ય મુક્તિ છે. ક્યાંય જવું નથી, ક્યાંય આવવું નથી. મનુષ્ય તનમાં આવ્યા છીએ એટલે મુક્તિનો અધિકાર મુઠ્ઠીમાં લઈને આવ્યા છીએ. મનુષ્ય તન એટલે મોક્ષપ્રાપ્તિના પૂર્ણ અધિકાર સાથે દઢતાપૂર્વકની લઈને આવેલી સ્થિતિ. એક વસ્તુ નિશ્ચિત છે, જો પુરુષાર્થ કરીએ તો બીજા તનમાં જવું ન પડે. આપણે આ લોકમાં કેવી રીતે જીવીએ છીએ તેના પર આ બધો આધાર છે. આપણે દાન-દક્ષિણા કરીએ, તીર્થયાત્રા કરીએ, આશ્રમ-ધર્મશાળા બંધાવીએ, જળાશયો બનાવીએ, અન્નક્ષેત્ર ખોલી દઈએ-આ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે કરેલાં કર્મ છે પણ જો એમાં કર્તાપણાનું અભિમાન આવે તો તે ભોગવવા દેવભૂમિમાં જવું પડશે. ત્યાં શું મળે એ વિચાર્યા વગર જતા રહીએ તો બંધનમાં પાછાં આવવું પડશે.

અરિષ્ટનેમિ રાજા બધું છોડી ગંધમાર્દન પર્વત પર તપ કરવા ચાલ્યા ગયા. ઈન્દ્રએ સ્વર્ગના ભોગો ભોગવવા માટે તેમને આમંત્રણ મોકલ્યું. દૂતે રાજાને કહ્યું, 'દેવેન્દ્રએ આપને લેવા માટે વિમાન મોકલ્યું છે' આ માર્ગમાં આ બધા પ્રલોભનો આવે. સૌથી વધારે પડવાની સંભાવના પ્રલોભનોમાં છે. જો વિવેક કરી શકાય તો ગુણ-અવગુણ વિશે સાવધાન થઈ જવાય. અરિષ્ટનેમિએ દૂતને કહ્યું, 'આભાર ! પણ તમે મને સ્વર્ગના ગુણદોષ વિશે વર્ણન કરો.' દેવદૂતે કહ્યું, 'સ્વર્ગમાં સદા યૌવન છે, મનવાંછિત રૂપ પ્રાપ્ત કરી શકાય છે, ભોગ મળશે, ત્યાં જરા અવસ્થા નથી. રમણીયતા પુષ્કળ છે.' રાજાએ કહ્યું, 'હવે મને સ્વર્ગનું બીજું પાસું બતાવો.' દૂતે કહ્યું, 'ત્યાં જેવાં કર્મ તેવું ફળ મળે છે. ઉત્તમ કર્મથી ઉત્તમ સ્થાન, મધ્યમ કર્મથી મધ્યમ સ્થાન અને નિમ્ન સ્તરીય કર્મથી નિમ્ન સ્થાન પ્રાપ્ત થાય છે. માટે સ્વર્ગમાં રાગ-દ્વેષ છે. એકબીજા પ્રત્યે તિરસ્કાર અને ગ્લાનિ છે.' અરિષ્ટનેમિએ વિચાર્યું કે સ્વર્ગમાં જઈ મોહિત થઈ કરેલી કમાણી ખતમ કરી નાખી ફરી પાછો એકડો ઘૂંટવો પડે એવું નથી કરવું. એમણે દૂતને કહ્યું, 'ઈન્દ્રદેવને કહેજો, મને સ્વર્ગની વાંછના નથી.' ઈન્દ્રને આશ્ચર્ય થયું. બધા સ્વર્ગમાં આવવા લાલાયિત હોય તો આ રાજા કેમ ના પાડે છે ? એ જ્ઞાનપિપાસુ છે. કઠિન તપશ્ચર્યા કરે છે. માટે એણે શ્રેય માર્ગ જાણ્યો છે. ઈન્દ્રએ દૂતને આજ્ઞા કરી કે આ રાજાને વાલ્મીકિ ઋષિ પાસે લઈ જાવ. એ આત્મજ્ઞાનનો અધિકારી છે. એને

બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરો. આ લોકમાં કોઈ એવાં કર્મો કર્યાં હોય તો સ્વર્ગની લાલચ આવે પણ ન લલચાય તે અધ્યાત્મ માર્ગમાં પ્રગતિ કરી શકે. વાલ્મીકિ ઋષિએ તેને બોધ કર્યો. રાજાને આત્મસાક્ષાત્કાર થયો.

મનુષ્ય જન્મથી શ્રેષ્ઠ એકેય શરીર નથી. જે જાગ્રત પુરુષાર્થ કરે છે તેને વિવેક કહે છે. જેનું ધૈર્ય સુમેરુ પર્વત જેવું છે તે આ જન્મમાં આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે. કઠોપનિષદમાં નચિકેતાની કથા શ્રેષ્ઠ છે. નચિકેતા જેવા બાળકે પિતાનું કલ્યાણ સાધ્યું સાથે પોતાનું કલ્યાણ પણ સાધ્યું. પિતાજી નબળી, વસુકી ગયેલી ગાયોનું દાન કરતા હતા તે જોઈ નચિકેતાને થયું કે તેઓ પુણ્યના બદલે પાપ કરી બેસશે. એણે રસ્તો શોધ્યો. એણે પિતાજીને વારંવાર પૂછ્યું, 'તમે મારું દાન કોને કરશો ?' પિતાજીએ અકળાઈને કહ્યું, 'યમરાજને !' તે યમરાજના દ્વારે પહોંચી ગયો. ત્યાં યમરાજ નહીં હોવાથી ત્રણ દિવસ ભૂખ્યો-તરસ્યો તેમના દ્વારે ઊભો રહ્યો. યમરાજે જોયું કે બ્રાહ્મણ બાળક ત્રણ દિવસથી મારા આંગણે ભૂખ્યો-તરસ્યો બેસી રહ્યો છે. તેમણે તેને ત્રણ વરદાન માગવા કહ્યું. નચિકેતાએ કહ્યું, 'મહારાજ ! જેમાં મારું શ્રેય છે, આપ જેને સર્વોત્તમ માનો છો તે મને આપો.' ધર્મરાજાએ તેને ચલિત કરવા બહુ પ્રયત્ન કર્યા. તેમણે કહ્યું, 'હું તને દીર્ઘકાળનું આયુષ્ય આપું, સર્વ પ્રકારના ભોગ આપું, સુંદર રૂપ, યૌવન આપું, સર્વશ્રેષ્ઠ લાગતું બધું આપું.' નચિકેતાએ કહ્યું, 'આપના દર્શનથી આ બધું મને મળી ચૂક્યું છે. જે શ્રેય ઝંખે છે તે મુક્તિ સિવાય કશું નથી માગતા.'

વિવેક જાગે તો શેમાં મારું શ્રેય છે, તે માટે ધૈર્ય આવે. જેમણે આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે, તેમનામાં વિવેક પૂર્ણ રીતે વિકસેલો જોવા મળશે. ધૈર્ય હિમાલય પર્વત જેવો જોવા મળશે. રાજા અંબરીષ ખૂબ નમ્ર હતા. તેઓ એકાદશીનું વ્રત કરતા. રાત્રિ જાગરણ કરતા. પરમાત્મા સાથેનું અખંડ અનુસંધાન કરતા. બીજા દિવસે પારણાં કરતા. એક વખત તેઓ પારણાં કરવા બેઠા ને દુર્વાસા પધાર્યા. રાજાએ ઋષિને આવકાર્યા. ઋષિએ કહ્યું, 'હું સ્નાન-સંધ્યા કરીને આવું.' તેઓ શિષ્ય સાથે નદીએ ગયા. અહીં પારણાનું મુહૂર્ત વીતી રહ્યું છે. પંડિતજીએ રાજાને કહ્યું કે, 'સમય પૂરો થવા આવ્યો છે.' રાજાએ કહ્યું, 'સંત પધાર્યા છે. તે પારણાં ના કરે ત્યાં સુધી મારાથી કેવી રીતે લેવાય ?' પંડિતજીએ રસ્તો બતાવ્યો, 'રાજન ! આપ તુલસીદળ અને જળ લઈ લો. પછી ઋષિ સાથે પારણાં કરજો.' અંબરીષે જેવું તુલસીદળ મુખમાં મૂક્યું. દુર્વાસા આવ્યા. તેમણે જોયું. તેમને ખૂબ ક્રોધ આવ્યો કે મારું ઘોર અપમાન થયું છે. અંબરીષનું ધૈર્ય જુઓ, સ્થિરતા જુઓ. તેઓ એ જ ભાવમુદ્રામાં ઊભા છે. દુર્વાસાનો સંકલ્પ હતો અંબરીષને મારી નાખવાનો પણ વચ્ચે સુદર્શનચક્ર આવ્યું. એ ઋષિની પાછળ પડ્યું. ઋષિ ભાગ્યા. તેઓ શંકર ભગવાન પાસે, બ્રહ્માજી પાસે ગયા, પણ તેમણે કહ્યું કે, 'આ તો વિષ્ણુ ભગવાન સિવાય કોઈ તેને વાળી શકે તેમ નથી.' તે વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુ ભગવાને કહ્યું, 'આ સુદર્શન અત્યારે મારા ભક્તની સેવામાં રાખ્યું છે. મારો ભક્ત ઈચ્છે તો જ તેને વાળી શકાય. તમે મારા ભક્ત પાસે જઈ યાચના કરો.' દુર્વાસા અંબરીષ પાસે આવ્યા. ભક્તની સ્થિરતા, વિવેક, નમ્રતા જુઓ. તેમણે સુદર્શનચક્રને પ્રાર્થના કરી કે, 'આપ મારા માટે આવ્યા હો તો શાંત થઈ જાવ. મારા ખાતર તમે ઋષિને દંડ દેવા તૈયાર થયા હો તો શાંત થઈ જાવ.' ભગવાનનાં આયુધો પણ ભક્તને આધીન છે. જે અહર્નિશ પ્રભુ સાથે જોડાયેલાં છે, પ્રભુ તેની રક્ષા કરે છે. શ્રેયનો માર્ગ-પરમાત્માપ્રાપ્તિનો માર્ગ સ્વીકારીએ તો પરમાત્મા કેવી કૃપા કરે છે ! ભક્તને એનું અભિમાન નથી હોતું. જેની સાધનામાં દઢતા હોય છે, એમને તેમાં તકલીફ પડતી નથી.

આ લોકનાં પ્રલોભનો આપણને હૃદયમાં સાચો વિવેક જાગવા દેતાં નથી. કીર્તિ-પ્રતિષ્ઠા, સંપત્તિ મળે એવા આશયથી કરેલાં શુભ કર્મ સાચી પ્રગતિ ના કરી શકે. ઘણા લોકો પરલોક સુધારવા સાધના કરે. આ લોક પણ સુધરે અને પરલોકમાં પણ વાહ-વાહ થાય. પણ એથી આગળ જ્યાં વિવેક-ધૈર્ય છે ત્યાં આ લોક પણ નથી જોઈતું, પરલોક પણ નથી જોઈતું, એવી દઢ સાધના કરવી છે કે આ જન્મે અભ્યુદય થાય, અડગ આત્મસ્વરૂપમાં

સ્થિરતા આવી જાય. મનુષ્યજન્મ એટલે આત્મસાક્ષાત્કારનો પૂર્ણ અધિકાર.

બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિમાં જ્ઞાનનાં સાધનો છે-વિવેક અને વૈરાગ્ય. પૂર્ણ વિવેક જાગે તો જ વૈરાગ્ય જાગશે. પછી કોઈ પણ ભોગનું આકર્ષણ નહીં થાય. કોઈ પણ વિષયમાં વૃત્તિ નહીં થાય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - આ પાંચ વિષય લાલાયિત ના કરી શકે. બધા વિષયનાં દ્વાર ખુલ્લાં છે, જ્ઞાનેન્દ્રિયો-કર્મેન્દ્રિયો વિષયો ભોગવવા તૈયાર છે. સાધક સહેજ વિવેક ચૂકે તો ઊર્ધ્વગતિના બદલે અધોગતિ થાય. જે માત્ર શ્રેય માટે ઉત્સુક છે તે ભોગ તરફ દૃષ્ટિ પણ નથી નાખતા.

શુકદેવજી મહારાજ મોક્ષપ્રાપ્તિની ઈચ્છાથી પિતાને કહે છે, 'મને આત્મોપદેશ કરો.' પિતાએ ઉપદેશ કર્યો. શુકદેવજીએ કહ્યું, 'આ તો હું પણ જાણું છું, પરંતુ આ પૂરતું નથી.' વ્યાસજીએ સરળતાથી કહ્યું, 'હું પૂર્ણ જ્ઞાની નથી. તમે જનક રાજા પાસે જાવ.' શુકદેવજી જનક રાજાના ત્યાં આવ્યાં. દ્વારપાળે રાજાને કહ્યું, 'વ્યાસપુત્ર શુકદેવ પધાર્યા છે.' જનક રાજા સમજી ગયા. તેમણે ૨૧ દિવસ એમની કોઈ ખબર ના પૂછી. શુકદેવજી યથાવત સ્થિતિમાં ઊભા રહ્યા. નથી જળ લીધું, અન્ન લીધું કે નથી પ્રશ્ન પૂછ્યો કે ક્યારે મને બોલાવશે ? માત્ર જિજ્ઞાસા લઈને ઊભા છે. લક્ષ્ય એકમાત્ર આત્મસાક્ષાત્કારનું છે. પછી જનક રાજાએ કહ્યું, 'શુકદેવજી માટે ભોગનાં બધાં સાધન ખુલ્લાં મૂકી દો.' જેનું લક્ષ્ય એક છે, ધૈર્ય અચલ છે તેની વૃત્તિ ભોગ તરફ જતી નથી. શ્રેય માર્ગ કઠિન છે. એની પ્રાપ્તિ કર્યા પછી કશું પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. એક વાર એ પદને જાણી લીધું પછી જાણવા જેવું કશું બાકી નહીં રહે. જનક રાજાએ એમને બોલાવ્યા. શુકદેવજીની એક જ દૃઢતા છે, મને ઉપદેશ ક્યારે કરશો ? જનકે કહ્યું, 'હું રાજા છું. મારે બહુ કામ છે. તમે જનકપુરીનાં દર્શન કરી લો. પછી ઉપદેશ કરું છું.' એક પણ શબ્દ બોલ્યા વગર શુકદેવજીએ કહ્યું, 'જી મહારાજ !' જનકે શુકદેવજીના હાથમાં તેલનો ભરેલો કટોરો આપી કહ્યું, 'જો તેલનું ટીપું નીચે પડશે તો હું જ્ઞાન નહીં આપું.' શુકદેવજીને જનકપુરી બતાવીને પાછા લાવ્યા. જનકે પૂછ્યું, 'જનકપુરી કેવી લાગી ?' શુકદેવજીએ કહ્યું, 'આ તેલના કટોરાના કેન્દ્રબિંદુ જેવી.' તેમને બોધ થયો. તપ કર્યું. ધ્યાન કર્યું. ધૈર્ય અચળ જોઈએ. જ્ઞાન તો શાસ્ત્ર દ્વારા થઈ જશે પણ દૃઢતા વગરનું જ્ઞાન ટકવું મુશ્કેલ છે. ચિંતન, મનન, નિદિધ્યાસન જોઈએ. દૃષ્ટિ એકમાત્ર લક્ષ્ય પર જોઈએ. વૈરાગ્ય વગર પ્રલોભનો છૂટે એમ નથી. તીવ્ર વૈરાગ્ય જોઈએ. વિતરાગી થવું હોય તો લક્ષ્યથી જરાય આઘાપાછા ન થવાય. વિવેક ના ચુકાય. દૃઢતા માટે પૂર્ણ ધૈર્ય જોઈએ. ગંગાસતી કોઈ શાળામાં ભણવા ગયાં નહોતાં છતાં કહ્યું છે :

**'ભાળી લીધા પછી તૃપ્તિ ના થઈ પાનબાઈ**
**પૂર્ણતામાં અધિક રાખવો ઉલ્લાસ રે.'**

આવી દૃઢ સાધના થશે તો પૂર્ણતા તરફ પહોંચાશે. બલિરાજાનું દૃષ્ટાંત છે. તેઓ ત્રણેય લોકના અધિપતિ હતા. તેમણે ૧૦ કરોડ વર્ષ રાજ્ય કર્યું. દેવતાઓ તેમની સેવા કરવા લાલાયિત હતા. ત્રણેય લોકમાં તેમનો કોઈ દુશ્મન નહોતો. તેમને તેમના પિતા વિરોચનનો ઉપદેશ યાદ આવ્યો. 'બધું મળવા છતાં કશું મળ્યું નથી અને જે મેળવવાનું છે એ મેળવી લો. આ બધાનું કોઈ મૂલ્ય નથી. એ માટે સ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત કરવી પડે, બલિરાજાએ સુમેરુ પર્વત પર બેસી ખૂબ ચિંતન કર્યું. સ્વરૂપની પ્રાપ્તિ માટે ખૂબ મથ્યા અને એ પદને પ્રાપ્ત કરી લીધું. ધૈર્યપૂર્વક વિવેક જગાવી આ લોક-પરલોકના બધા ભોગ નકામા છે એ જાણી લીધું. જ્યારે વાસના છૂટે, તૃષ્ણા ફીટે અને અહમ્ મટે એવી ઉત્તમ સાધના આ જન્મમાં કરી લઈએ તો જ અધ્યાત્મયાત્રા પૂર્ણ થાય. સાધના કરતાં સર્વત્ર એક બ્રહ્મ દર્શાય ત્યાં સુધી સ્થિરતા જોઈએ. જેનો વિવેક જાગ્યો છે તેને સ્વરૂપની પ્રાપ્તિ થઈને રહી છે. ધૈર્યપૂર્વક સર્વમાં પરમાત્માને જોવાની કોશિશ કરીએ. જન્મ-મરણના ચક્કર ફીટાવવા મનુષ્યજન્મ મળ્યો છે જે પ્રાપ્ત કરવા જેવું છે. એ પ્રાપ્ત કરી લઈએ- વિવેક અને ધૈર્યથી. આજે એક પ્રતિજ્ઞા કરી લઈએ-હવે બીજા શરીરમાં નથી જવું.

# અંતરયાત્રા

- શ્રી સ્વામી અસંગાનંદજી (જ્ઞાનવિહાર આશ્રમ, હેરંજ)

**પ્રવચન : ૯**

કોઈ બીજને જેમ અનુકૂળ પરિસ્થિતિ મળે તો એ કમજોર બીજ તાકાત લગાવી કઠણ જમીનને ફાડી બહાર નીકળે છે. એને ખુલ્લું આકાશ દેખાય છે અને આકાશને સ્પર્શી લેવા મોટું થતું જાય છે. ધીરે ધીરે તે વૃક્ષ થાય છે. એના ઉપર ફૂલ આવે, ફળ આવે, ફરીથી એ જ બીજ, એ જ સાઈકલ શરૂ થાય છે. જો પત્તાંને, ફૂલને, ફળને આંખો હોત, સાચે જ તેઓ દેખતાં હોત, તેમને સમજ હોત તો તે પણ તેમને મૂળ ના દેખાત. મૂળ જે એ છોડને જીવન આપી રહ્યા છે તે દેખાતાં નથી.

આપણું જીવન પણ એવું જ છે. આપણને શરીર દેખાય છે, ઈન્દ્રિયો દેખાય છે, મનનો અનુભવ કરીએ છીએ, પણ આ બધાંનું મૂળ દેખાતું નથી. નાનું બાળક પણ જન્મ લે છે, મોટું થાય છે. તેને જે દેખાય છે-સમજાય છે તે રીતે પોતાનો સંસાર બનાવે છે. પોતાની ઈચ્છાઓ પૂરી કરે છે. જે કોઈ ઈચ્છા પૂરી થતી નથી તે પાછી બીજ બને છે, પાછી સાઈકલ ચાલુ થાય છે.

ઋષિઓ કહે છે : 'પરમાત્માએ ઈન્દ્રિયોને બહિર્મુખ બનાવી દીધી. આ બધી ઈન્દ્રિયોનો જે આધાર છે, જેના અસ્તિત્વથી ઈન્દ્રિયો છે ત્યાં આપણી નજર જતી નથી. જીવનમાં સર્વસ્વ બહાર જ દેખાય છે. આપણો વિકાસ, જ્ઞાન, પ્રતિભા, સુખ, શાંતિ, આનંદ, ઉપલબ્ધિ, બધું બહાર જ દેખાય છે અને બધાંનો આધાર પૈસા થઈ જાય છે. આપણા જીવનનો જે ઢાંચો બને છે તે કેવળ economic growth બને છે. આ system સાથે જે સમાજ બને છે તે જે સૌથી કરજદાર હોય છે તેને credit આપે છે અને એ વ્યક્તિ ઉલઝતી જાય છે.

એક બાજુ આપણે જેટલો વિકાસ કર્યો છે એ વિકાસને-ઈન્દ્રિયોને વિજ્ઞાનની પાંખ મળી ગઈ છે અને પરિણામ સ્વરૂપ જે system ઊભી થઈ છે. તે આપણને હતપ્રભ કરી દે એવી રીતે આગળ વધી રહી છે, બીજી બાજુ ભયાવહ રૂપ પણ બહાર આવી રહ્યું છે. મનુષ્યને જો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હશે તો ૧૦૦ વર્ષમાં નવો પ્લેનેટ શોધી લેવો પડશે. ધીરે ધીરે કેન્સર - ડાયાબિટીસ જેવા રોગો વધતા જશે. માણસનાં પ્રેમ- શ્રદ્ધા- વિશ્વાસ ખોવાતાં જશે, કારણ કે આપણે બહાર જ જોઈએ છીએ. આપણને ખબર નથી આ બધાનું મૂળ ક્યાં છે ? વિજ્ઞાનની આંખે પણ તે નહીં સમજાય, કારણ કે વિજ્ઞાન માત્ર ઈન્દ્રિયો પર ટકેલું છે. કેટલાક લોકોને પૂર્વજન્મની યાદ તાજી થઈ હોય પણ તેને યંત્રમાં લાવી શકાતી નથી.

આપણા ઋષિઓએ આગમ પ્રમાણ માન્યો છે. તેમણે જે સત્યનો અનુભવ કર્યો છે તેને શાસ્ત્રમાં વ્યક્ત કર્યો છે તેને આપણે પ્રમાણ માનીએ છીએ. એક વ્યક્તિ સપનામાં જુએ છે કે તે સફેદ હાથી પર બેસીને જઈ રહ્યો છે. તેણે આ વાત તેના મિત્રને કરી. મિત્રે કહ્યું, 'તું હાથી પર જતો હતો તેનું પ્રમાણ શું ?' કોઈ સાક્ષી ના લાવી શકાય. વિજ્ઞાનની કામ કરવાની આ શૈલી છે. માટે વિજ્ઞાનની દૃષ્ટિએ આધ્યાત્મિકતા નહીં જાણી શકાય. Beyond Science. જ્યારે વિજ્ઞાન પૂરું થાય છે ત્યાંથી અધ્યાત્મ શરૂ થાય છે. વિજ્ઞાનની આંખો ત્યાં પહોંચી શકતી નથી. ત્યાં માત્ર સૂક્ષ્મ બુદ્ધિ જ પહોંચી શકે અને રોજેરોજ પરમાત્મા આપણને ત્યાં સુધી લઈ પણ જાય છે.

આપણે સૂઈ જઈએ છીએ ત્યારે અંતરયાત્રા શરૂ થાય છે, આપણાં મૂળ તરફ યાત્રા શરૂ થાય છે. ઊંઘમાં બધું છૂટતું જાય છે. શરીરનું ભાન ભુલાઈ જાય છે. આપણે સૂક્ષ્મ મન સાથે હોઈએ છીએ. ધીરે ધીરે એને પણ છોડી દઈએ છીએ, પછી ના તો સંસાર રહે છે કે મન રહે છે કે પ્રાણ રહે છે, કાંઈ રહેતું નથી. કેવળ આપણે રહીએ છીએ. આપણે પરમાત્મામાં વિલીન થઈ જઈએ છીએ, જ્યાં માત્ર આનંદ જ આનંદ છે. કોઈ પણ વસ્તુ જેટલું સુખ આપે એટલું દુઃખ આપે છે પણ ઊંડી ઊંઘમાં કેવળ આનંદનો જ અનુભવ છે. આપણે રોજેરોજ એનો સ્પર્શ કરીને આવીએ છીએ પણ ભૂલી જઈએ છીએ, કારણ કે

ત્યાં મન નથી. Conscious મન સાથે પૂરી રીતે સભાન-સતેજ રહી subconsciousમાં પ્રવેશ કરી, Egoને ભેદતા સત્ય સુધી પહોંચીએ તે જ અંતરયાત્રાની પૂર્ણતા છે.

આપણે ધ્યાન કરીએ છીએ ત્યારે ધ્યાન-ધ્યાતા-ધ્યેય એક થઈ જાય એટલે યાત્રા પૂરી થાય છે અને તે જ અધ્યાત્મ. કોઈ ભાગ્યશાળી વ્યક્તિ જેણે જન્મ-જન્મનાં પુણ્ય કર્યાં હોય, સત્કાર્ય કર્યાં હોય તો જ આમ થઈ શકે. જીવનને ચલાવવા વિજ્ઞાનની પોતાની ગણતરી છે. જીવનમાં સારું ખાવાનું મળે, સુખ-સગવડ મળે પણ માણસ stress-ચિંતામાં છે તો જીવન ચાલતું નથી. જીવનનો આધાર માત્ર બહાર નથી. જ્યાં સુધી મૂળ સુધી પહોંચીશું નહીં ત્યાં સુધી જીવન સાથે ન્યાય ન કરી શકીએ.

પરમાત્માની રચના એવી છે કે જીવનનિર્વાહ તો થઈ જશે પણ આપણી ક્ષમતા સમજવી પડશે. હવે વિજ્ઞાનને ખ્યાલ આવવા લાગ્યો છે કે યોગ, પ્રાણાયામ, ધ્યાન જરૂરી છે. આપણે જાગ્રત થવા લાગ્યા છીએ. વિજ્ઞાન પણ અનુમોદન કરવા લાગ્યું છે. એક વૈજ્ઞાનિકે એક પુસ્તક લખ્યું છે-Science of belief, જેમાં એણે લખ્યું છે કે આપણી આસપાસની વસ્તુની ચેતના આપણો record રાખે છે. વસ્તુ આપણી ઉપસ્થિતિને record કરે છે. મારી ઉપસ્થિતિ - મારી ભાવના દરેક વસ્તુ ગ્રહણ કરે છે. જો મારો ભાવ પ્રેમનો હોય તો પાણી અમૃત બની જાય પણ એ જ પાણી જો મારો ભાવ નફરતનો હોય તો ઝેર બની જાય છે. પૃથ્વી પર અશાંતિ વધી છે, માટે સમગ્ર પૃથ્વીનાં આંદોલનો બદલાઈ ગયાં છે, જ્યારે આપણા વિચારો, ભાવ બદલીશું ત્યારે જ તે બદલાશે અર્થાત્ આપણે અંતરયાત્રા કરીશું ત્યારે બદલાશે.

આપણે બહારના અસ્તિત્વને સંભાળી બધું કરીએ છીએ. રામકૃષ્ણદેવ કહેતા, 'સમડી ઊંચાઈ પર ઊડે છે પણ તેની નજર તો નીચે સડેલા માંસ તરફ જ હોય છે.' આપણી નજર પણ બહાર જ છે. આપણને એમ છે કે ઈચ્છા પૂરી થઈ જશે એટલે આપણે શાંત થઈ જઈશું, પણ ઈચ્છા પૂરી થતાં નવી ઈચ્છા પેદા થાય છે. આ ચક્ર ચાલ્યા જ કરે છે. સુખ એવું દેખાય છે કે ઇન્દ્રિયોથી આવે છે પણ ખરેખર એનું મૂળ બીજે જ છે.

કોની શક્તિથી મન-વાણી, પ્રાણ-ઇન્દ્રિયો ચાલે છે ? આ પ્રશ્ન થાય છે તો આગળ વધવા કોઈ ને કોઈ માર્ગ મળે છે. આપણે ભક્તિ-યોગ કે ધ્યાન કરીએ છીએ પણ લક્ષ્ય-ગંતવ્ય સ્પષ્ટ નથી, માટે અવરોધો આવે છે.આ માર્ગમાં સૌથી મોટી અડચણ એ છે કે સાધના સાધ્ય ના બનવી જોઈએ. આપણે જે કામ કરીએ તે આપણને બાંધવા લાગે છે. તમે કોઈ પણ કાર્યક્રમમાં જાવ. પહેલા દિવસે જે જગ્યા મળી, બીજા દિવસે ૯૦ ટકા સંભાવના છે, તમે ત્યાં જ બેસશો. અંતરયાત્રા શરૂ કરીએ તો વેશભૂષા, પૂજાવિધિ, ખાનપાનમાં બંધાઈ જઈએ છીએ, જેનો સહારો લીધો તેમાં જ બંધાઈ જઈએ છીએ.

બીજી બાધા એ છે કે બધું યંત્રવત્ થાય છે. માળા કરીએ તો એ યંત્રવત્ થવા લાગે. કોઈ સ્તુતિ તમે વર્ષોથી કરો છો તો એ કરતાં તમારું મન બહાર ચાલ્યું જાય છે અને સ્તુતિ યંત્રવત્ થયા કરે છે.

ત્રીજી બાધા છે - ઊંઘ. આપણે માનસિક શાંતિનો અનુભવ ઊંઘ સિવાય ક્યાંય નથી કર્યો. શાંતિ અને ઊંઘ એકબીજાના પર્યાય છે. માટે નરસિંહ મહેતાએ કહ્યું, **'જા રે નિંદિયા હું તને વારું.'** યાત્રામાં આગળ વધવા ઊંઘથી બચવું પડશે.

ચોથી બાધા - ભય છે. જે વસ્તુનો અનુભવ નથી કર્યો તે અનુભવમાં આવે છે. બધું છૂટતું જાય છે. સાધકને લાગે ધ્યાનમાં શરીર છૂટતું જાય છે એટલે ભયભીત થઈ આંખો ખોલી કાઢે છે અને જોઈ લે છે શરીર તો છે ને ! ધ્યાનનો અનુભવ યથાર્થ લાગે ત્યારે ભય લાગે છે ત્યારે ગુરુ પ્રત્યેનું સમર્પણ ભયથી બચાવે છે.

અમે સ્વામી અખંડાનંદ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા. એક પ્રોફેસરે યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયી વચ્ચેનો સંવાદ કહ્યો. યાજ્ઞવલ્ક્ય બંને પત્નીઓને બેસાડી સંપત્તિની વહેંચણીની વાત કરે છે. મૈત્રેયી પૂછે છે, 'નાથ! આ મિલકતથી મને અમૃતત્ત્વ મળશે ?' યાજ્ઞવલ્ક્ય કહે છે, 'ના.' મૈત્રીયી કહે છે, 'જેનાથી મને અમૃતત્ત્વ નથી મળતું એને લઈને હું શું કરું ? તમે જે જાણો છો તે મને બતાવો.' યાજ્ઞવલ્ક્ય ખુશ થાય છે.

સ્વામી વિવેકાનંદજીને સંન્યાસ લેવાની ઈચ્છા થઈ. ઘરની સ્થિતિ સારી નહોતી. નોકરી મળતી નહોતી.

પિતાનો દેહાંત થઈ ગયો હતો. આવી સ્થિતિમાં એક બાજુ સત્યની શોધની ઈચ્છા હતી તો બીજી બાજુ કમાવું પણ જરૂરી હતું. તે રામકૃષ્ણદેવ પાસે જઈને કહે છે, 'તમે તો મા સાથે ચવાત કરો છો તો મારા માટે માગજો ને !' રામકૃષ્ણદેવે કહ્યું, 'મેં મા પાસે ક્યારેય લૌકિક વસ્તુ માગી નથી. તું જા, તું માગ. વિવેકાનંદજી મા પાસે જઈ પાછા આવ્યા. રામકૃષ્ણદેવે પૂછ્યું, 'શું માગ્યું ?' વિવેકાનંદજીએ કહ્યું, 'જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ.'

આવું મન થાય તો કોઈ બાધાઓ રોકી શકતી નથી. પૂર આવે તો બધું ખેંચાઈ જાય તેમ વૈરાગ્ય આવે, સત્ય જાણવાની ઈચ્છા થાય ત્યારે બધા અવરોધ ખતમ થઈ જાય. ગુરુકૃપાથી તે શિષ્ય અંતરયાત્રામાં આગળ વધે છે. આવા શિષ્યને પામી ગુરુપણ ખુશ થાય છે.

વિવેક ચૂડામણિમાં શિષ્ય ગુરુને પૂછે છે : આ બંધન શું છે ? મોક્ષ શું છે ? આ સાંભળી ગુરુ ખુશ થાય છે. ગુરુ શિષ્યને કહે છે, 'તારું તો કુળ પવિત્ર થઈ ગયું. તું બ્રહ્મને જાણવા ઈચ્છે છે ? હું ધન્ય થઈ ગયો.' આ ઘડી પણ ધન્ય હોય છે, જે પૃથ્વીને પવિત્ર કરે છે.

સ્વામી વિશ્વાનંદજીએ એક જ નજર નાખી અને સ્વામી શિવાનંદજીને ઓળખી ગયા. તેમને સંન્યાસ આપ્યો. પછી ફરી તેઓ ક્યારેય મળ્યા નથી. અમૃતવર્ષા થઈ. ઘડો ભરાય છે તો છલકાય છે. આપણે એ અવસ્થા પાસે પહોંચીએ ત્યારે બધું વિલીન થવા લાગે. મીઠાની પૂતળી સમુદ્ર માપવા જાય તો વિલીન થઈ જાય તેવી રીતે અંતરયાત્રાનો યાત્રી પણ વિશ્વ ચેતનામાં વિલીન થાય છે અને એના જીવનના બધા પ્રશ્ન, કર્મ, આશંકા, જ્ઞાન, સમાપ્ત થઈ જાય છે. એની સામે કોઈ પ્રશ્ન, શંકા, પીડા-દુ:ખ રહેતાં નથી, માત્ર આનંદ છે.

આપણે ત્યાં પરંપરા છે કે કોઈ વ્યક્તિ તીર્થયાત્રા કરીને પાછી આવે તો એનું સ્વાગત કરીએ છીએ. અહીં પણ અંતરયાત્રા કરી પાછો આવે ત્યારે એકરસ છે, પૂર્ણ થઈ જાય છે. સહજ અવસ્થા પ્રાપ્ત કરે છે. કબીર કહે છે : **'સાધુ સહજ સમાધિ ભલી.'** આવી ચેતના જ્યાં રહે, બેસે ત્યાં અમૃત થઈ જાય. પરમાત્માની કૃપાથી આપણને આ ભૂમિ પર પૂર્ણ યાત્રા કરવાનો અવસર મળ્યો છે. ભારત સિવાય બીજા કોઈ દેશમાં આ અવસર નથી. અહીં બંને ધારાનો વિકાસ થયો છે. આપણે જીવન-સંસારને એના મૂળ સાથે સમજ્યો છે. એ ચેતનાનો વિસ્તાર છે, જે આ દેશમાં-આ શરીરમાં પ્રાપ્ત કરવાની સંભાવના વધુ છે. પરમાત્માને પ્રાર્થના કરીએ કે આ અવસ્થા માટે સંકલ્પ આવે તો પણ જીવન ધન્ય છે. ગુરુજનો- મહાપુરુષો-સંતોના આશીર્વાદ મળતા રહે એવી પ્રાર્થના.

# અધ્યાત્મદર્શનનું મૂર્તસ્વરૂપ : શ્રી રામકૃષ્ણદેવ

- શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી, (રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)

**પ્રવચન : ૧૦**

એક વાર સ્વામી વિવેકાનંદ પાસે ગિરીશચંદ્ર ઘોષ આવ્યા. શ્રી રામકૃષ્ણદેવના ઘણા યુવાન શિષ્ય હતા, જેમણે આગળ જતાં સંન્યાસ લીધો હતો એવા સોળ સંન્યાસી શિષ્ય હતા. સ્વામી વિવેકાનંદ પ્રમુખ સંન્યાસી હતા. તેમના ઘણા ગૃહસ્થ શિષ્ય પણ હતા. ગિરીશચંદ્ર ઘોષ બંગાળના કવિ અને નાટ્યકાર હતા. તેમણે સ્વામી વિવેકાનંદને કહ્યું, 'મેં જેટલી શરાબની બોટલ પીધી છે તેને એકની ઉપર એક એમ ગોઠવો તો તેની ઊંચાઈ માઉન્ટ એવરેસ્ટથી પણ ઉપર ચઢી જશે. દુનિયાનાં બધાં ખરાબ કામ મેં કરેલાં છે. જો તમારે શ્રી રામકૃષ્ણદેવનો મહિમા સમજવો હોય તો સ્વામી વિવેકાનંદ તરફ નહી પરંતુ આ ગિરીશ તરફ જોજો. વિવેકાનંદ તો સંસ્કારી પરિવારના બાળક હતા. તેમને વિવેકાનંદ બનાવવા એ કોઈ અઘરું કામ નહોતું. હું ખરાબ કામ કરતો હતો અને મને સંતમાં પરિવર્તિત કર્યો તે રામકૃષ્ણદેવનો મહિમા છે.

ગિરીશચંદ્ર ઘોષને બધાં GC કહેતાં હતાં. તેઓ ઉંમરમાં સ્વામી વિવેકાનંદ કરતાં મોટા હતા. તેઓ તેમને 'નરેન' કહેતા. GCએ નરેનને કહ્યું, 'નરેન ! મારે તને અનુરોધ કરવો છે.' નરેને કહ્યું, 'GC ! એવી વાત કેમ કરો છો ? આદેશ કરો.' GCએ કહ્યું, 'અમારા ગુરુદેવને

જે તમે જોયા-સમજ્યા છે એવું કોઈ નહીં સમજી શકે. તમને પ્રભુએ ઘણી શક્તિ આપી છે. તમે ગુરુદેવનું જીવનચરિત્ર લખો.' નરેને કહ્યું, 'મને મારામાં બહુ શક્તિનો અનુભવ થાય છે. આખી પૃથ્વીને હાથમાં લઈ લઉં પણ બીજી વાત મારા વશની નથી. અનંત બ્રહ્મનું હજુ કોઈ વર્ણન કરી શકે પણ શ્રી રામકૃષ્ણદેવની લીલા મારી સીમિત વાણીથી કેવી રીતે કરી શકું ? તમે એમ ઈચ્છો છો કે શિવજીની મૂર્તિ બનાવવા જતાં હું વાંદરાની મૂર્તિ બનાવી દઉં ? અનંતબ્રહ્મની સીમા હોઈ શકે પણ ગુરુદેવ એનાથી પણ પર છે.' અને સાચે જ તેમણે પુસ્તક ના લખ્યું. સ્વામી વિવેકાનંદે બે કામ કર્યાં. તેમણે શ્રી રામકૃષ્ણદેવની સંધ્યા આરતીની રચના કરી. અત્યારે બધા મઠમાં એમની જ આરતી ગવાય છે, જેમાં એમણે 'ગાગરમાં સાગર' ભરી દીધો, તેમાં કેટલાંક પદમાં શ્રી રામકૃષ્ણદેવના અદ્‌ભુત મહિમાનું વર્ણન કર્યું છે.

શ્રી રામકૃષ્ણદેવના ભક્તોએ તેમની મહાસમાધિ બાદ તેમનું સુંદર સંગેમરમરનું મંદિર બનાવ્યું. ભક્ત નિસ્તારિણીદેવીએ વિવેકાનંદજીને કહ્યું, 'તમે એવી પ્રાર્થના કરો કે શ્રી રામકૃષ્ણદેવ હંમેશાં અહીં બિરાજે.' સ્વામી વિવેકાનંદે કહ્યું, 'એ અમારી ઝૂંપડીમાં રહેતા હતા. આ તો સંગેમરમરનું મંદિર છે, કેમ નહીં રહે? ચોક્કસ બિરાજશે.'

સ્થાપકાય ધર્મસ્ય. શ્રી રામકૃષ્ણદેવ ધર્મની સ્થાપના માટે આ પૃથ્વી પર આવ્યા હતા. તેઓ બધા ધર્મના પ્રતીક હતા. સ્વામી વિવેકાનંદે તેમને ઉદ્દેશીને કહ્યું છે, 'તમે અવતાર વરિષ્ઠ છો. હું તમને પ્રણામ કરું છું.' વિવેકાનંદ વકીલના દીકરા હતા એટલે વિવાદ બહુ કરતા. કોઈ વાતનો એકદમ સ્વીકાર કરતા નહીં. તેઓ અંધવિશ્વાસ, ધર્માંધતા, સંકુચિત વૃત્તિથી દૂર રહેતા. તેમણે શ્રી રામકૃષ્ણદેવને 'અવતાર વરિષ્ઠ' કહ્યું. તેનો અર્થ શું ? શ્રી રામકૃષ્ણદેવને ગળામાં કેન્સર થયું હતું. તા. ૧૬-૮-૧૮૮૬ના રોજ એમણે મહાસમાધિ લીધી તેના બે દિવસ પહેલાં બહુ ખાંસી આવતી હતી. વિવેકાનંદજી સેવામાં હતા. તેમનાં મનમાં સંશય થયો કે લોકો કહે છે, આ ઈશ્વરના અવતાર છે પણ હું નહીં માનું. આવી અવસ્થામાં આટલી વેદના થઈ રહી છે તો પણ એ કહે છે કે 'હું અવતાર છું.' આશ્ચર્યની વાત છે કે તેમને મનમાં આ વિચાર આવ્યો અને રામકૃષ્ણદેવે તેમને કહ્યું, 'નરેન! હજી તને અવિશ્વાસ છે ? જે રામ હતા, જે કૃષ્ણ હતા તે જ રામકૃષ્ણરૂપે આવ્યા છે. વિશેષરૂપે આવ્યા છે.' નરેન તેમના પગ પકડી ક્ષમા માગે છે.' સ્વામી વિવેકાનંદે પછી તેમને અવતારરૂપે સ્વીકાર્યા.

એક મનુષ્યને અવતાર કહેવો કેટલી મોટી વાત છે! સ્વામી વિવેકાનંદ કહે છે, 'અમારી વૈદિક પરંપરા અનુસાર સનાતન ધર્મમાં એક સરસ વ્યવસ્થા છે. કમ્પ્યૂટરમાં વાઈરસ આવે એટલે એન્ટિ-વાઈરસ સિસ્ટમ નાખવી પડે. સનાતન ધર્મમાં ઓટોમેટિક એન્ટિ-વાઈરસ સિસ્ટમ છે.' 'શ્રીમદ્‌ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે :

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્‌ ॥** (૪-૭)

હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જું છું એટલે કે સાકારરૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.

જે રામ હતા, જે કૃષ્ણ હતા એ રામકૃષ્ણરૂપે આવ્યા. સ્વામી વીરેશ્વરાનંદજીએ એક ઉપમા આપી છે તે દ્વારા સમજીએ. એક અભિનેતા રોલ કરે છે, તેની ખૂબ પ્રશંસા થાય છે. એ અભિનેતા ઘણાં નાટકમાં રોલ કરે છે. બધાંમાં તેના અભિનયનાં વખાણ થાય છે. બધાં કહેશે કે બધાં નાટકમાં એમનો અભિનય સરસ હતો પણ અમુક નાટકમાં તો સર્વશ્રેષ્ઠ રોલ કર્યો હતો. એ જ અભિનેતા રામકૃષ્ણ બનીને આવ્યા ત્યારે સર્વશ્રેષ્ઠ અભિનય કર્યો. રામકૃષ્ણદેવનું ચરિત્ર જોઈએ તો તેમના હાથમાં કોઈ હથિયાર નથી તો તેમણે તમસનો નાશ કેવી રીતે કર્યો ? ગિરીશચંદ્ર ઘોષ સ્ટાર થિયેટરમાં બેઠા હતા. શ્રી રામકૃષ્ણદેવે ભક્તોને કહ્યું, 'મારે નાટક જોવા જવું છે.' એ વખતે અભિનય અભિનેત્રીઓ કરતી હતી. ભક્તોએ પૂછ્યું, 'તમે અભિનેત્રીઓને જોવા જશો ?' રામકૃષ્ણદેવે કહ્યું, 'એમાં હું મારી મા આનંદમયીને જોઈશ.' ભક્તોએ GCને પૂછ્યું, 'તમે અમને પાસ આપશો? અમારા ગુરુ માટે વિશેષ વ્યવસ્થા કરશો ?' GCએ કહ્યું, 'હું એમના માટે પાસ આપીશ. પણ હું એમનું સ્વાગત કરવા નહીં

જાઉં.' GC ધર્મમાં માનતા નહોતા પણ ભક્તોના કહેવાથી એ નીચે જઈને ઊભા રહ્યા. રામકૃષ્ણદેવે ઘોડાગાડીમાંથી નીચે ઊતરી GCને પ્રણામ કર્યા. GCને થયું. હું પ્રતિ નમસ્કાર નહીં કરું તો શિષ્ટાચાર ભંગ થશે, માટે પ્રણામ કર્યા દેવે વધારે ઝૂકીને પ્રણામ કર્યા. GCએ ઝૂકીને પ્રણામ કર્યા. દેવે હજુ વધારે ઝૂકીને પ્રણામ કર્યા ત્યારે GCએ કહ્યું, 'હું નહીં કરી શકું. હું હારી ગયો.' અંતમાં એમને દેવે સંતમાં પરિવર્તિત કરી દીધા. રામકૃષ્ણદેવ પ્રણામ અસ્ત્ર લઈને આવ્યા હતા. એમણે ક્યા રાક્ષસનો વધ કર્યો ? જય-વિજય નામના દ્વારપાળને અભિશાપ મળ્યો, જેઓ હિરણ્યકશિપુ-હિરણ્યાક્ષ થઈને આવ્યા. રાવણ-કુંભકર્ણ થઈને આવ્યા, શિશુપાલ-દંતવક્રરૂપે આવ્યા. એ સમયમાં એક રાવણ-કુંભકર્ણ હતા. અત્યારે તો બધે જ બેઠા છે. તુલસીદાસજી કહે છે, 'રાવણ મોહનું પ્રતીક છે. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય મળીને દશ માથાંવાળો રાવણ છે અને અહંકાર કુંભકર્ણ છે.'

સંશય મોટો રાક્ષસ છે. આપણને ઈશ્વર પર શ્રદ્ધા નથી. સંશય રાક્ષસ આપણી અંદર ઘૂસી ગયો છે. પાશ્ચાત્ય દર્શનનું આપણા ઉપર આક્રમણ થયું એટલે આપણે અજ્ઞેયવાદી કે નાસ્તિક બની ગયા છીએ. આપણાં બધાંના પ્રતિનિધિરૂપે નરેન્દ્રનાથે રામકૃષ્ણદેવ પાસે પ્રશ્ન મૂક્યો, 'હું ઈશ્વરમાં વિશ્વાસ નથી કરતો. મને પ્રમાણ જોઈએ. મારે સત્યનો સાક્ષાત્કાર કરવો છે.' સત્ય જાણવાની એમની જિજીવિષા હતી. કોઈ મહાત્મા આવે તો નરેન તેમની પાસે પહોંચી જાય અને તેમને પૂછે, 'મહાશય ! તમે ઈશ્વરનાં દર્શન કર્યાં છે ?' કોઈ જવાબ ના આપી શક્યા. તેઓ નિરાશ થયા. તેઓ કહેતા, 'હું વકીલનો દીકરો છું. મને પ્રમાણ જોઈએ.' તેમની વ્યાકુળતા વધી ગઈ. તેઓ રવીન્દ્રનાથ ટાગોરના પિતા દેવેન્દ્રનાથ ટાગોરની કેબિનમાં ગયા. તેઓ ધ્યાનમાં બેઠા હતા. જ્યારે તેમનું ધ્યાનભંગ થયું ત્યારે તેમણે તેમને પૂછ્યું, 'તમે ધ્યાન કરો છો પણ તમે ઈશ્વરનાં દર્શન કર્યાં છે ?' શ્રી દેવેન્દ્રનાથ ટાગોરે થોડી વાર તેમની સામે જોઈ કહ્યું, 'બેટા, તારી આંખો સુંદર છે.' નરેને કહ્યું, 'મને મારી આંખોની પ્રશંસા નથી જોઈતી. મને મારા પ્રશ્નનો જવાબ આપો.' એક દિવસ નરેન કોલેજ ગયા. ઈંગ્લિશના પ્રોફેસર નહોતા આવ્યા. પ્રિન્સિપાલ વિલિયમ હેસ્ટી સ્વયં આવ્યા. 'wordsworth' પુસ્તક ભણાવતાં તેમણે કહ્યું, 'કવિ સમાધિ અવસ્થામાં રહેતા હતા.' નરેને એમને પ્રશ્ન કર્યો, 'કોઈ વ્યક્તિ સમાધિમાં જઈ શકે ? ઈશ્વરનાં દર્શન કરી શકે ?' પ્રિન્સિપાલે કહ્યું, 'હા, જઈ શકે. મેં સ્વયં એક મનુષ્યને જોયો છે. તમે પણ એમનાં દર્શન કરી શકો. તેઓ છે દક્ષિણેશ્વર મહાકાલીના પૂજારી -રામકૃષ્ણ પરમહંસ. નરેન ત્યાં ગયા. રામકૃષ્ણદેવ નાના પલંગ પર બેઠા હતા. ભક્તો નીચે બેઠા હતા. નરેન દત્તે એમને કહ્યું, 'તમે મારા પ્રશ્નનો જવાબ આપો. તમે ઈશ્વરનાં દર્શન કર્યાં છે ?' રામકૃષ્ણદેવે કહ્યું, 'હા બેટા ! મેં સ્વયં ઈશ્વરનાં દર્શન કર્યાં છે, જે પ્રકારથી હું તને જોઉં છું એનાથી વધારે પ્રત્યક્ષ એમનાં દર્શન કરું છું. હું તને પણ કરાવી શકું. તારે સાધના કરવી પડશે. પાણી બને પણ તે જોવા લેબોરેટરીમાં જવું પડે. નરેન દત્તે સાધના કરી નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ કરી, પછી શિકાગોની ધર્મસભામાં એમણે ઘોષણા કરી કે **'અમૃતસ્ય પુત્રાઃ'** મેં એ પરમપુરુષને જોયા છે, જ્યાં બધાં દુઃખોની નિવૃત્તિ થઈ જાય છે.

નરેનમાં મુમુક્ષુત્વ હતું પણ એકદમ ગુરુનો સ્વીકાર નથી કર્યો. તેમણે ગુરુનાં લક્ષણોની પરીક્ષા કરી. કોઈકે નરેનને રામકૃષ્ણદેવ વિશે કહ્યું, 'તેઓ ત્યાગી છે. એમને પૈસા કે ધાતુને સ્પર્શ કરતાં વીંછી જેવો ડંખ લાગે છે.' નરેન નારાજ થયા. તેમણે એ ભાઈને કહ્યું, 'તમે વાત વધારીને ના કહો. તમે એમ કહી શકો કે તેઓ ત્યાગી છે અને પૈસા નથી રાખતા.' નરેન રામકૃષ્ણદેવ પાસે ગયા. તેમની ગેરહાજરીમાં એક ચાંદીનો સિક્કો તેમની પાટ પરના ગાદલાની ચટ્ટાઈ નીચે મૂકી દીધો. રામકૃષ્ણદેવ આવ્યા અને પાટ પર બેઠા તેવો જ તેમને વીંછીનો ડંખ લાગ્યો. તેઓ ઊભા થઈ ગયા. ફરી બેઠા તો ફરી એ જ અનુભૂતિ થઈ. તેમણે ગાદલું ઊંચકીને જોયું તો ચાંદીનો સિક્કો હતો. નરેન એક ખૂણામાં નીચું મોઢું કરી ઊભા હતા. ગુરુનું રાત-દિવસ, એકાંત-જાહેરમાં અવલોકન કરી સ્વીકાર કરવો તો જ પૂર્ણ શરણાગતિ થશે. નરેને રામકૃષ્ણદેવની બહુ પરીક્ષાઓ લીધી હતી. સ્વામી વિવેકાનંદ પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રતીક છે. રામકૃષ્ણદેવ પ્રાચીન સંસ્કૃતિના

પ્રતીક છે. આ રીતે માનવ સંશયનો વધ થયો.

રામકૃષ્ણદેવે ધર્માંધતારૂપી રાક્ષસનો નાશ કર્યો. પહેલાં ધર્મ-અધર્મ વચ્ચે યુદ્ધ હતું. હવે ધર્મ-ધર્મ વચ્ચે યુદ્ધ થાય છે. બધા ધર્મ પોતાના ધર્મને સર્વસ્વ માને છે એવા સમયમાં આપણી પ્રાચીન સંસ્કૃતિ **'વસુધૈવ કુટુંબકમ્'**ની વાત કરે છે. રામકૃષ્ણદેવે બધા ધર્મની સાધના કરી, અદ્વૈત વેદાંતની સાધના કરી. કુરાન-ઈસ્લામ ધર્મની સાધના કરી. ઈસાઈ ધર્મની સાધના કરી. સમાધિમાં જિસસ ક્રાઈસ્ટનાં દર્શન થયાં. એમણે એમને ગળે લગાડ્યા પછી અંતર્ધાન થયા. એ અનુભૂતિ અદ્વૈત વેદાંત જેવી જ હતી, પછી તેમણે કહ્યું : **જેટલા મત એટલા પથ.** સૌથી મોટી સમસ્યા ધર્માંધતા છે. ધર્મના નામે જેટલાં યુદ્ધ થયાં છે એટલાં ક્યારેય નથી થયાં. યુદ્ધ દેશો વચ્ચે નથી, ધર્મોની વચ્ચે છે. ઈસ્લામ અને ઈસાઈ ધર્મ વચ્ચે મોટું યુદ્ધ છે. રામકૃષ્ણદેવનો સર્વધર્મ સમન્વય સંદેશ જ માનવજાતને બચાવી શકશે.

ત્યાગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રામકૃષ્ણદેવ છે. તેમણે કામ અને કાંચનનો ત્યાગ કર્યો હતો. મા શારદામણિને તેઓ સાક્ષાત્ જગદંબા સ્વરૂપે જોતા હતા

શ્રી રામકૃષ્ણદેવ કહે છે :

**નાભિ કમલમેં હૈ કસ્તૂરી**
**વૃથા મૃગ ફિરે બનકા રે.**

પોતાની અંદર જે રહેલું છે, તેને બહાર શોધવાથી કેવી રીતે મળે ? સુખ અને શાંતિનો સ્રોત તમારી અંદર જ છે. રહેલો છે. શાશ્વત શાંતિ મનુષ્યના આત્મામાં રહેલી છે. જેમણે શાશ્વત શાંતિ પ્રાપ્ત કરવી છે. તેમણે આત્મામાં રહેવું જોઈએ.જ્યાં સુધી આપણી અંદર રહેલા ભગવાન સાથે એકરૂપ બનતા નથી ત્યાં સુધી શાંતિ આપણે ક્યારેય પ્રાપ્ત કરી શકતા નથી.

# માનવતા સે

**મહામહિમ રાજ્યપાલ મહોદય શ્રી ઓ.પી. કોહલીજી, ગુજરાત રાજ્ય**

**(શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત પ્રવચનનો સારાંશ)**

**પ્રવચન : ૧૧**

હું ગુજરાત આવ્યો. સ્વામી અધ્યાત્માનંદજી સાથે સંપર્ક થયો. હંમેશાં એમનું પ્રસન્ન વદન અને કોઈ પણ વ્યક્તિ તરફ દૃષ્ટિ કરતાં જ એ વ્યક્તિને માપી લેવાની શક્તિનો અનુભવ થયો. તેઓ આપણા જેવા સંસારી લોકોને માર્ગદર્શન આપવા આવ્યા છે. પરમાત્મા એમને લાંબું આયુષ્ય પ્રદાન કરે.

શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘને નેતૃત્વ પ્રદાન કરનારા સ્વામીજીના ૭૫મા વર્ષ પર મને આજના સમારોહમાં સામેલ થવાનો મોકો મળ્યો તેનો મને આનંદ છે. સ્વામીજીને અંતઃકરણપૂર્વક વધાઈ આપું છું. શુભકામના પ્રગટ કરું છું. ઈશ્વરને પ્રાર્થના કરું છું. આપ સ્વસ્થ રહો. આધ્યાત્મિક ચેતના જગાવવાના કાર્યમાં નિરંતર આગળ વધો.

આજે જે મહાપુરુષ માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે તે મહાપુરુષ માટે મારું જ્ઞાન સીમિત છે, તેમ કહેવામાં મને સંકોચ નથી. સ્વામી ચિદાનંદજી કરુણાવતાર હતા, જીવદયાપ્રેમી હતા. માનવતાને પ્રત્યક્ષ રૂપથી સમજવા ઈચ્છીએ તો સ્વામી ચિદાનંદજીનું જીવનદર્શન કરવું પડશે. તેમનામાં બાલ્યાવસ્થામાં જ બદલાવ આવ્યો. તેમણે માનવતા અને સમભાવમાં જીવન જોડી દીધું. પ્રતિવર્ષ ગાંધીજયંતીના દિવસ પર સફાઈ કર્મચારી વસ્તીમાં જઈ સફાઈ કરતા. સફાઈ કર્મચારીઓને શિવાનંદ આશ્રમમાં લાવી ભોજન કરાવતા. એમની થાળીમાં વધેલું અન્ન લઈ પ્રેમથી પ્રસાદરૂપે એમની હરોળમાં જ બેસી ગ્રહણ કરતા. કુષ્ઠરોગીની સેવા કરતા, પશુ-પક્ષીઓની સેવા કરતા, આ કરુણા જ માનવતા છે. કલહને સદ્ભાવનાનું રૂપ આપો. અમિત્રને મિત્ર બનાવીએ. શંકાના સ્થાને વિશ્વાસની સ્થાપના કરીએ. સંપત્તિના ઉપભોગમાં અન્યને ભાગીદાર બનાવીએ.

કઠોર ઉત્તર ના આપો, એનાથી અન્યના કોમળ મનને આઘાત લાગે છે. મૃદુ ઉત્તર આપો. યુવાવર્ગને પ્રોત્સાહિત કરીએ. પોતાની નિષ્ઠાને પ્રગટ કરવામાં સંકોચ ના કરો. નિષ્ઠાને માત્ર વાણીમાં જ નહીં, કૃતિમાં

અભિવ્યક્ત કરીએ, તેને આચરણનો વિષય બનાવીએ. સ્વામી ચિદાનંદજીનું જીવન આપણને જ્ઞાન આપે છે. આપણે જીવનમાં કેટલી પ્રતિજ્ઞા કરી હશે અને તોડી હશે. તુલસીદાસજીના **'રામચરિતમાનસ'**માં લખ્યું છે-**રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ન જાય.** પ્રાણ અને વચન, પ્રાણ અને પ્રતિજ્ઞા, પ્રાણ અને વ્રતમાંથી એકને પસંદ કરવાનું છે તો રઘુકુળમાં વચનને પસંદ કરતા. ચિદાનંદજીનો આજ સંદેશ છે-પ્રાણ કરતાં પ્રતિજ્ઞા વધારે મૂલ્યવાન છે.

અસૂયા છુપાયેલી ઈર્ષ્યા છે. આપણે અંદર આવરણ રાખીએ છીએ, ઉપરથી ઉદાર બનેલા છીએ. આ આવરણ ઉતારીએ તો ખ્યાલ આવશે યથાર્થમાં આપણે શું છીએ ? ચિદાનંદજી કહે છે-આ અસૂયાને ત્યાગો. હું તમને મારાથી અલગ માનું છું ત્યારે અસૂયા જન્મે છે. તમે અને હું એક જ છીએ એમ માનીએ તો એને સ્થાન નથી.

શત્રુને ક્ષમા આપો. શત્રુભાવ માનવતાનો વિરોધીભાવ છે. માનવતા કહે છે, જે આપણાથી ભિન્ન છે તેને અલગ-પૃથક્-દ્વૈત ના માનીએ. કોઈ આપણો શત્રુ નથી. જૈનધર્મમાં ક્ષમાભાવ પર ભાર આપવામાં આવે છે. આપણે ક્ષમાશીલ બનીએ. અસૂયા અને ઈર્ષ્યા મનુષ્યનું પતન કરે છે. માટે ઈર્ષ્યાની અવહેલના કરીએ. પોતાના જ વિષયમાં વિચારતા રહીએ અને બીજા માટે ઉપેક્ષાભાવ રાખીએ એ માનવતા છે ? આપણે બીજાના વિષયમાં વિચારીએ કે એ આપણાથી અલગ નથી, એ ગુણ આપણામાં ધારણ કરીએ.

નિર્દયી ના બનીએ. દયાભાવ રાખો. જીવમાત્ર પ્રત્યે સૌમ્ય બનીએ. વિશ્વાસપાત્ર બનીએ. પોતાને માપો. કેટલા લોકો મને વિશ્વાસ યોગ્ય માને છે ? એનો ઉત્તર શોધવાની કોશિશ કરો. આપણાથી વિપરીત વિચારધારાવાળા આપણને વિશ્વાસપાત્ર માને છે ? આજકાલ ચૂંટણીનો માહોલ ચાલે છે. જે લોકો એકબીજા પર આરોપ મૂકે છે તે માનવીય વાતાવરણને પ્રદૂષિત કરે છે.

કૃતજ્ઞતા માનવતાનો મહત્ત્વપૂર્ણ ગુણ છે. તેનો વિરોધી શબ્દ છે-કૃતઘ્નતા. તમે મારા પર ઉપકાર કર્યો પણ મને તેની કદર નથી એ કૃતઘ્નતા છે. બાળકની જેમ ઉલ્લાસિત જીવન જીવીએ. પરસ્પર સદ્ભાવ રાખીએ. વિશ્વ સાથે આદર્શ સંબંધ બનાવી રાખીએ. પ્રેમ અને સેવાભાવનાના માર્ગ પર આગળ વધીએ. કેવળ માનવજાતિને જ પ્રેમ કરવો એવું સીમિત ના રાખો. માનવેતર જગત-પશુ-પક્ષી, જીવજંતુ, પ્રકૃતિ, પર્યાવરણ, ધરતી પ્રત્યે સંવેદનશીલ બનીએ. સેવાનો અવસર આપણા જીવનમાં આવે છે પણ આપણે એનો લાભ ઉઠાવવાનો ચૂકી જઈએ છીએ. આપણા પર જે ઋણ ચઢ્યું છે તેનાથી અઋણ થવાનો પ્રયાસ કરો, જે સેવાથી જ શક્ય બને.

વિનમ્રતા અને અહંકારમાંથી આપણે કોને પસંદ કરીએ ? આપણે જો બીજા પાસે એવી અપેક્ષા રાખીએ કે તેણે અહંકાર નહીં રાખવાનો તો આપણે પણ અહંકારથી મુક્ત થવું પડે. વિનમ્રતા જોઈએ. જે બીજાના આચરણમાં ઈચ્છીએ છીએ તે પોતાના આચરણમાં લાવીએ.

સત્યતા સામે બધી વસ્તુ ધરાશાયી થઈ જાય છે. ગાંધીજીએ સત્યને ઈશ્વર માન્યું હતું. આપણે પણ સત્યને ઈશ્વર માની સત્યનું આચરણ કરી શકીએ. આ જીવન બહુમૂલ્ય છે. આપણે સર્વોત્કૃષ્ટ આનંદની અનુભૂતિ કરવા માટે સંસારમાં આવ્યા છીએ. આપણને આ સુઅવસર પ્રાપ્ત છે. અભીપ્સાની આ સ્થિતિ અવિચ્છિન્ન બની રહેશે એવી શક્યતા છે ? પરમશ્રેયની પ્રાપ્તિ અને અલૌકિક આનંદની અનુભૂતિ માટે સાચો આનંદ લેવા પ્રયત્ન કરીએ.

ધર્મની ઘણી વ્યાખ્યા છે. ધર્મ આપણું આચરણ છે. આચરણ ધર્માનુકૂળ છે કે નહીં તેની કસોટી છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના સોળમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને દૈવી-આસુરી સંપદા સમજાવે છે. કયા ગુણ ગ્રહણ કરવા જોઈએ અને કયા ત્યાજ્ય છે. કઈ પ્રવૃત્તિ, સ્વભાવ, આચરણ દૈવી કહેવાય અને કઈ આસુરી કહેવાય તે તેમાં અર્જુનને સમજાવ્યું છે. ક્યારેક મને લાગે છે, આપણે આપણા ટેબલ પર દૈવી સંપદા અને આસુરી સંપદા લખીને મૂકી રાખીએ. રાત્રે નજર નાખીએ કે દિવસ દરમિયાન આપણું આચરણ, આપણો વ્યવહાર દૈવી રહ્યો કે આસુરી ? આમ કરવાથી આપણામાં જાગ્રતતા વધશે

પછી ધીરે ધીરે અભ્યાસથી આસુરી માર્ગ પર જતાં કોઈ આપણને રોકશે. આજે આપણે value education - નૈતિક શિક્ષણની વાત કરીએ છીએ. શિક્ષક વિદ્યાર્થીઓને ભગવદ્‌ગીતાનો સોળમો અધ્યાય સરળ-સુબોધ ભાષામાં સમજાવે અને તેને આચરણનો વિષય બનાવે, આ મૂલ્ય આધારિત શિક્ષણ છે.

ધર્મનો અર્થ છે - વિનમ્ર બનીએ, સ્વાર્થથી ઉપર ઊઠીએ. અન્યના કલ્યાણનો વિચાર કરો. આપણું જીવન આનંદમય - સુખમય બને તો આપણાથી ઈતરના જીવનને આનંદમય - સુખમય બનાવાશે. મને ઈચ્છા હોય કે તમે મારું સન્માન કરો તો મારે તમારું સન્માન કરતાં શીખવું જોઈએ. અન્ય પ્રાણીને પીડા ના પહોંચાડો. આપણો દેશ ગૌતમબુદ્ધ, મહાવીર, ગાંધીજીનો દેશ છે. આપણે અન્ય વ્યક્તિનું અપમાન ના કરીએ. બીજી વ્યક્તિને ભગવાનનું અંગ માનીએ.

સંતની પરિભાષા છે કે એ પોતાના વિષયમાં નથી વિચારતો. હંમેશાં અન્યના વિષયમાં વિચારે છે. એને સ્વાર્થ નથી હોતો. હંમેશાં પરમાર્થમાં રચ્યોપચ્યો રહે છે. તેને પોતાની નહીં, બીજાની ચિંતા રહે છે. માટે મનુષ્યના બે વર્ગ બનાવાય છે-૧. પરમાર્થી ૨. અપરમાર્થી (સ્વાર્થી). સ્વાર્થી પોતાના માટે જીવે છે, પરમાર્થી બીજાના સુખમાં પોતાનું સુખ જુએ છે. વૃક્ષ પોતાનું લાકડું, પાંદડાં, ફળ, છાયા પોતાના ઉપયોગ માટે નથી વાપરતાં. સરોવર પોતાનું જળ સ્વયં નથી પીતાં. વરસાદ પૃથ્વીને ઉપજાઉ બનાવવા વરસે છે. સંતજન પરમાર્થ માટે જીવનયાપન કરે છે.

**તરવર સરવર સંતજન ચોથે બરસે મેહ**
**પરમાર્થ કે કારણ સંતન ધારે દેહ.**

પરમાર્થ જ ઈશ્વરભક્તિ છે. ધર્મ ગૂઢ શબ્દ છે. એની પાંડિત્યપૂર્ણ વ્યાખ્યા થઈ શકે. તુલસીદાસજીએ **'રામચરિતમાનસ'**માં કહ્યું છે-

**પરહિત સરિખ ધર્મ નહીં ભાઈ।**
**પરપીડા સમ નહીં અધમાઈ॥**

સંવેદના મને અને તમને જોડવાનું કામ કરે છે. ગાંધીજીનું પ્રિય ભજન છે :

**વૈષ્ણવ જન તો તેને રે કહીએ**
**જે પીડ પરાઈ જાણે રે**
**પરદુ:ખે ઉપકાર કરે તોયે**
**મન અભિમાન ન આણે રે...**

પરપીડાની અનુભૂતિ સંવેદનાથી થાય છે. મને એક પ્રસંગ યાદ આવે છે. એક ડોક્ટર મારો મિત્ર છે. પોતાના ક્ષેત્રમાં એ માહેર છે. એ efficient છે પણ emotional નથી. દર્દી સાથે રૂક્ષ વ્યવહાર કરે છે. બીજો ડોક્ટર દર્દી સાથે સંવેદનશીલ છે. દર્દીને પોતાનું કોઈ સ્વજન મળ્યું હોય એવો વ્યવહાર કરે છે તો આપણે કયા ડોક્ટર પાસે જવાનું પસંદ કરીશું ? સંવેદનશીલતા માનવતા છે, મનુષ્યતા છે. પરમાર્થની આદત પાડવા અભ્યાસ કરવો પડે. હું વૃંદાવન ગયો હતો. ત્યાં એક સંત મંચ પર બિરાજમાન હતા. તેઓ મૌન હતા. લોકોએ તેમને બોલવા માટે ખૂબ વિનંતી કરી. તેમણે ઊભા થઈ એક પંક્તિ કહી :

**સુખ દેવત સુખ હોત હૈ।**
**દુ:ખ દેવત દુ:ખ હોત॥**

મારું ભાષણ પૂરું થયું. આ એક જ વાક્યમાં સુખી રહેવાનું રહસ્ય છે. અન્યને સુખ આપીશું તો સુખી થઈશું. હું-તુંનો ભેદ ભારતીય પરંપરામાં સ્વીકાર્ય નથી. ભારતીય પરંપરામાં એક તત્ત્વ છે, જેને આપણે ઈશ્વર, બ્રહ્મ, પરમાત્મા કહીએ છીએ, જે બધામાં વ્યાપ્ત છે. એનો અર્થ આપણે બધા એક થઈ ગયા. કોઈ પરાયું નથી રહ્યું. બધા વચ્ચે જે સંબંધ પેદા થયો તે સંવેદનાત્મક સંબંધ થયા.

મનુષ્યને જીવનની લાંબી યાત્રામાંથી પસાર થયા બાદ અહેસાસ થાય-

**હમ કેવલ એક હમ હી હૈ**
**હમ અન્ય ના ઔર કુટુંબી**
**તુમ સબ મેરે અવયવ હો**
**ઈસમેં કુછ ભી ના કમી હો.**

આપણા દેશમાં ત્રણ ઋણની કલ્પના કરવામાં આવી છે. પ્રત્યેક મનુષ્ય ઉપર ત્રણ ઋણ ચઢેલાં છે, તે ચૂક્તે નહીં થાય ત્યાં સુધી બોજ તેને સ્વસ્થ નહીં રહેવા દે- દેવઋણ, પિતૃઋણ, ઋષિઋણ.

-દેવઋણ એટલે દેવતાઓનું ઋણ એટલે

પ્રકૃતિની શક્તિઓ- સૂર્ય, ચંદ્ર, વાદળ, નદી, વૃક્ષ, સરોવર, પૃથ્વી, પર્યાવરણનો ક્ષય ના કરીએ, તેમના પ્રત્યે સંવેદનશીલ બનવું જોઈએ.

- પિતૃઋણ - પિતૃનો અર્થ પૂર્વજ છે. માતા-પિતા, દાદા-પરદાદાનું ઋણ છે.

દુનિયાના જેટલા મહાપુરુષ છે તે કોઈના સંતાન છે. તેમનું ઋણ આપણા પર છે. આવનારી પેઢીને આપણે એવી બનાવીએ. આવું કરીને મુક્ત થઈશું.

- ઋષિઋણ - ઋષિ શબ્દનો અર્થ છે, જેણે કઠોર સાધના કરી સત્યનો આવિષ્કાર કર્યો છે, પછી એ સત્યને પોતાના ભોગ માટે નહીં, સમાજને આપ્યું. વૈજ્ઞાનિક, ટેક્નોલોજીના આવિષ્કાર માટે કઠોર સાધના કરી. જેમણે આગમાં હાથ નાખી જોયો હશે ત્યારે જ ખ્યાલ આવ્યો હશે, આગ બાળે છે. એ સમજ આવ્યા પછી આપણે તેની ખાતરી નથી કરવી પડતી.

આ ઋણથી મુક્ત થવા ઈચ્છીએ તો એક જ ઉપાય છે-

આપણે આપીએ, સેવા કરીએ.

**સાંઈ ઈતના દીજીએ જામે કુટુંબ સમાય।**
**મૈં ભી ભૂખા ના રહૂં, સાધુ ના ભૂખા જાય॥**

## સાધના સપ્તાહ

**શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં શ્રી ગુરુ પૂર્ણિમા તા. ૧૬-૭-૨૦૧૯ અને શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના મહા સમાધિ- આરાધના પર્વ (તા. ૨૪-૭-૨૦૧૯) વચ્ચે તા. ૧૭-૭-૨૦૧૯ થી ૨૩-૭-૨૦૧૯ સુધી સાત દિવસ સાધના સપ્તાહનું આયોજન શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે આયોજવામાં આવેલ છે. જેમાં પ્રાતઃકાલીન પ્રાર્થના, ધ્યાન, પ્રાણાયામ, હળવી અંગ કસરત, પછી ગીતાપાઠ, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ-પાઠ, સંતોના પ્રવચનો, પ્રશ્ન ઉત્તરનો કાર્યક્રમ રહેશે. જે લોકો શરીરે સક્ષમ હોય, દરરોજ દરેક સભામાં નિયમિત હાજર રહી ખુરશી ઉપર બેસી શકતા હોય તેમણે જ પત્રમાં તેમની આવવાની વિગત જણાવવી. (ફોન દ્વારા નહીં).**

જય ગુરુદેવ - મંત્રી, શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, શિવાનંદ આશ્રમ, અમદાવાદ

## શિવાનંદ આશ્રમ, અમદાવાદના મે-જૂન-જુલાઈના આગામી કાર્યક્મ

- **તા. ૧૧-૫-૨૦૧૯ થી તા. ૩૦-૫-૨૦૧૯ સુધી પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની નિશ્રામાં ૪૩મો યોગશિક્ષક આવાસીય તાલીમ શિબિર.**
- **તા. ૨૦-૫-૨૦૧૯ : શ્રી વિશ્વનાથ મહાદેવનો ૨૪મો પાટોત્સવ**
  **લઘુરુદ્ર સવારે ૭-૦૦ થી ૧૨-૦૦, ભંડારો : બપોરે ૧૨-૦૦ વાગ્યે.**
- **તા. ૧-૬-૨૦૧૯ : સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૯૫મો સંન્યાસ દિવસ.**
  **રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ વિશેષ સત્સંગ.**
- **તા. ૨૧-૬-૨૦૧૯ : વિશ્વ યોગ દિવસ, સવારે ૫-૩૦ થી ૬-૪૫ સામૂહિક યોગ વર્ગ.**
- **તા. ૪-૭-૨૦૧૯ : રથયાત્રા ઉત્સવ**
  **આશ્રમમાં 'રથયાત્રા'નું આયોજન સાંજે ૪-૩૦ વાગ્યે થશે. સૌને લાભ લેવા આમંત્રણ છે.**
- **તા. ૧૬-૭-૨૦૧૯ : શ્રી ગુરુપૂર્ણિમા ઉત્સવ**
  **ગુરુપૂર્ણિમાના પવિત્ર પ્રસંગે સાંજે ૬-૩૦ થી ૮-૦૦ શ્રી શ્રી ચિદાનંદ ધ્યાન-યોગમંદિર ખાતે ગુરુપાદુકાપૂજન, સત્સંગ થશે. ત્યારબાદ ભંડારો-મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.**
- **તા. ૧૭-૭-૨૦૧૯ થી તા. ૨૩-૭-૨૦૧૯ સુધી સાધના સપ્તાહ**
  **(શારીરિક રીતે સશક્ત લોકોને જ પ્રવેશ આપવામાં આવશે)**
- **તા. ૨૪-૭-૨૦૧૯ : સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની ૫૬મી પુણ્યતિથિ-આરાધના પર્વ.**
  **શ્રી ગુરુપાદુકાપૂજન, સત્સંગ સાંજે ૬-૦૦ થી ૭-૩૦.**

# આમુખ

'ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનું દર્શન એટલે સાક્ષાત્ નારાયણનું દર્શન...' આવું પૂજ્યા શ્રી શ્રી મા આનંદમયી માતા કહેતાં.

સ્વામી અધ્યાત્માનંદજીને ગુજરાતની સેવાર્થે પૂજ્યશ્રી ગુરુદેવ સ્વામી ચિદાનંદજીએ મોકલ્યા તે ગુજરાતનું બડભાગ્ય ! કારણ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજને તો ગુરુદેવ હાજરાહજૂર છે. તેમનાં પ્રવચનોમાં પૂજ્યશ્રીના જીવનનાં દૃષ્ટાંતો સાંભળવાં એટલે જાણે શ્રીગુરુદેવનાં પ્રત્યક્ષ દર્શનનો અનુભવ.

આવાં અદ્ભુત દૃષ્ટાંતોનું નજરાણું એટલે આ 'અમૃતધારા.'

આપણે ઈશ્વર માટે કહીએ છીએ કે તું દયાળુ, કરુણાનિધાન, ક્ષમાનો સાગર, ઉદારતાનો દરિયો વગેરે.... વગેરે આ બધાં તો ખરા જ, પરંતુ આ બધાથી કંઈક વધુ ગુણોનું મૂર્તસ્વરૂપ પૂજ્ય ગુરુદેવશ્રી છે.

એક વાર વૃંદાવન ખાતે બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી અખંડાનંદજી મહારાજ ગીતાનો ભક્તિયોગ સમજાવતા હતા. કોઈ મુમુક્ષુએ તે સમયે પૂછેલું, "શું ભક્તનાં આવાં લક્ષણો કળિયુગમાં શક્ય બને ?" એક ક્ષણનાયે વિલંબ વગર સ્વામીજી મહારાજે કહ્યું હતું, "અરે ! યહ તો કુછ ગીને ચુને લક્ષણ હૈ... હમારે સ્વામી ચિદાનંદજી મહારાજ તો બહુગુની હૈ... અનેક ગુનોં કે ધની હૈ !"

આવો જ પ્રસંગ લખનઉ ખાતે બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી ચિન્મયાનંદજી મહારાજના ગીતા જ્ઞાનયજ્ઞમાં બનેલો. ત્યાં પણ પ્રશ્નોત્તરીના સમયે પુછાયેલું હતું... "શું સ્થિતપ્રજ્ઞ સંભવી શકે ?" "તમે ગુસ્સા વગરના કોઈ માણસને કદીયે જોયા છે?..." સ્વામી ચિન્મયાનંદજી મહારાજનો પ્રત્યુત્તર હતો... "જી હા! સ્થિતપ્રજ્ઞ સંભવી શકે. મેં તેમને જોયેલા-અનુભવેલા છે. શિવાનંદ આશ્રમ, હૃષીકેશના પરમાધ્યક્ષ સ્વામી ચિદાનંદજી સ્થિતપ્રજ્ઞ છે, તેમને ગુસ્સે થતા કદીયે જોયા-સાંભળ્યા નથી."

આવા દિવ્ય જ્યોતિ સ્વરૂપ મહાપુરુષ ભગવત્ સ્વરૂપ સ્વામી ચિદાનંદજીના જીવનના પ્રેરણા પ્રસંગો સ્વામી અધ્યાત્માનંદજીનાં પ્રવચનોમાં સંકલન છે. તે માટે આપણે પૂજ્ય સ્વામીજી અને સંકલનકર્તા બંનેના આભારી રહીશું.

સ્વામી અધ્યાત્માનંદજીના ૭૫મા પ્રાગટ્ય પર્વ સમયે આ નાનકડી 'અમૃતધારા'ને 'દિવ્ય જીવન'ના આ વિશેષાંકમાં પ્રગટ કરવાનો આનંદ છે, કારણ પ્રત્યેક પ્રસંગ જીવંત છે, પ્રેરણાસ્પદ છે, અમૃતધારા છે.

– પ્રકાશક

**● वधाई ●**

**जन्मदिनमिदं परमपूज्यान् प्रातःस्मरणियान्**

**श्री अध्यात्मानन्द स्वामीचरणान् । सं तनोतु सर्वदा ॥**
**प्रार्थयामहे भव शतायुषी । ईश्वरः सदा त्वां च रक्षतु ॥**
**पुण्यकर्मणा कीर्तिमर्जय । जीवनं तव भवतु सार्थकम् ॥**
**मार्कण्डेयमहाभागः सप्तकल्पान्तजीवनम् । आयुः आरोग्य-एश्वर्यं दद्यात् ते नरपुंङ्गव ॥**

**निरामयम् दीर्घम् आयुष्यं भक्त्या सर्वविधं सुखम् ।**
**कुलदेवस्य वात्सल्यं भो गुरो तव जीवने भवतु ॥**

**सौजन्य : पंडित श्री नीरज परीख महाराज**

# અમૃતધારા

ૐ

**દિવ્ય જીવનના આ સંયુક્ત અંકમાં પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૭૫મા પ્રાગટ્ય પર્વ નિમિત્તે તેમનાં જીવન-કવનની ઝરમર છાપવા માટે આગ્રહ કરતાં, પૂજ્ય સ્વામીજીને તેમના ગુરુદેવ પૂજ્યશ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ સાથેના સંસ્મરણો છાપવાનું કહેતાં, અત્રે આ દિવ્ય અને પ્રેરણાસ્પદ પવિત્ર સ્મૃતિઓ પ્રસ્તુત કરવામાં આવેલ છે. -સંપાદક**

## પ્રથમ દર્શન

સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો મહાસમાધિ દિવસ ગુરુપૂર્ણિમા પછી આઠમા દિવસે આવે છે. આ બે ઉત્સવો વચ્ચેના સાત દિવસને શિવાનંદ આશ્રમમાં ‘સાધના સપ્તાહ’ તરીકે ઊજવવામાં આવે છે. આ સાધના સપ્તાહમાં શિવાનંદ આશ્રમ સિવાય બહારના બીજા સંતોને પણ સ્વર્ગાશ્રમ, હૃષીકેશ, મુનિ કી રેતી, હરિદ્વાર, દહેરાદૂન કે મસૂરીથી આમંત્રવામાં આવે છે.

૧૯૬૫ના આવા ગુરુપૂર્ણિમા, આરાધના પર્વ અને સાધના સપ્તાહમાં સ્વામી અધ્યાત્માનંદજીને પહેલી જ વાર હૃષીકેશ શિવાનંદ આશ્રમે જવાનું થયેલું. વીરનગર સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ નેત્રચિકિત્સક ડૉ. અધ્વર્યુસાહેબ સાથે બધા હિમાલયનિવાસી ગુજરાતી મહાત્મા યોગેશ્વરજીને નિમંત્રવા મસૂરી ગયેલા. આ ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યા હતી. મસૂરીથી પાછા ફરતાં દહેરાદૂન , શાંતિ નિવાસ, ૨૪, ગુરુ તેગબહાદુરમાર્ગ, દિવંગત કૌલસાહેબના નિવાસસ્થાને પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપ શ્રી ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ બિરાજતા હતા; ત્યાં સૌ રોકાયાં.

સંધ્યાનો સમય હતો. આષાઢી પૂર્ણિમાની પૂર્વસંધ્યા ખૂબ જ સોહામણી હતી. ચોપાસ હિમાલયની ઉપત્યકાઓ (નીચાણવાળી જમીન)ની ગિરિમાળાઓના શિવાલિક પહાડો વચ્ચે વાદળીઓ આટાપાટા રમતી હતી. આકાશ સ્વચ્છ હતું. વર્ષા પછી ઋતુસ્નાતા સુંદરી સમાણું પ્રકૃતિનું સામ્રાજ્ય ઈશ્વરના સુભગ સૌંદર્યની આલબેલ કરતું હતું. શીતળ મંદમંદ સમીરને સલુણે વાયરે તે સૌએ શાંતિનિવાસમાં પ્રવેશ કર્યો ત્યારે દીવાનખંડમાં જમીન ઉપર આસન પાથરી, સામે દૂધ, ચાનું ગરમ પાણી, દળેલી ખાંડનું કચોળું, કપ-રકાબી, મોટી ચમચીઓ, હાથ ધોવા માટે જમણા હાથે હલકા ગરમ પાણીનું મોટું પાત્ર, બે કપડાંના નેપકીન, પાંચ-સાત પેપર નેપકીન ને પ્લાસ્ટિક કલોથ ઉપર ખૂબ જ વ્યવસ્થિત રીતે ગોઠવીને હજુ મોટા સ્વામીજી ચા તૈયાર કરતા હતા. સૌએ તેમનાં દર્શન કર્યાં. દંડવત્ કર્યાં. પૂજ્ય બાપુજીએ જ વાત કરી, એક કપ-રકાબીમાં પૂજ્ય બાપુજી (ડૉ. અધ્વર્યુસાહેબ)ને ચા આપી. બીજો નંબર સ્વામી અધ્યાત્માનંદજીનો હતો. સૌના માટે ચા પૂજ્ય સ્વામીજીએ જ બનાવી. બધાંએ ચા પીધી. સ્વામી અધ્યાત્માનંદજી ચા ભરેલાં કપ-રકાબી હાથમાં પકડીને બેસી રહ્યા હતા.

ગુરુદેવે મૌન તોડ્યું. કહ્યું : ‘‘તમે ચા પીતા નથી, તેની મને ખબર છે. આ ચા નથી, ગુરુકૃપા છે સ્વીકારો.’’ તેઓ મસૂરીથી આવ્યા ત્યારે ત્યાંના સુપ્રસિદ્ધ લક્ષ્મીનારાયણ મંદિરની બહારથી ત્રણ ડાહલિયા પુષ્પો લઈ આવ્યા હતા. રસ્તામાં ગાડી ઊભી રાખીને શાગનાં ત્રણ મોટાં પાન પણ સ્વામી અધ્યાત્માનંદજીએ તોડ્યાં હતાં. તે લીલાંછમ વિશાળ પાન ઉપર ત્રણ વિવિધ રંગનાં ખાસ્સા ૧૦’’ ડાયામીટરવાળાં ડાહલિયા પુષ્પો પૂજ્ય મોટા સ્વામીજીને અર્પણ કર્યાં.

તેમણે પુષ્પોને સ્વીકારી તેમને નીરખી નીરખીને જોયાં, પુનઃ પુનઃ જાણે પુષ્પોના માધ્યમથી શિષ્યના અંતરતરને ફંફોસતા હોય તેવું લાગ્યું, પછી ખૂબ શાંતિથી બોલ્યા, ‘‘ડૉક્ટરસાહેબ! વૈષ્ણવજી તેમના આંતરસૌંદર્યને આ પુષ્પોમાં પધરાવીને લાવ્યા છે.’’ એ શબ્દો આજે પણ ગૂંજે છે. તેમણે નિહાળેલા આંતરસૌંદર્યને અકબંધ રાખવા આજે પણ તેઓ પ્રામાણિકપણે પ્રયત્નશીલ છે. ગુરુ પ્રેરણા છે, શિષ્ય તેમનો પ્રવાહ; તેઓ ભાષ્કર છે, શિષ્ય તેમની આભા; સંત પુષ્પ છે, સાધક તેમની સુગંધ; મહાત્મા ચૈતન્ય છે, ભક્ત તેમની દિવ્યતા....આ જ આકાંક્ષા, અરદાસ, બિનતી કે એકમાત્ર આરઝુ છે.... પ્રથમ દર્શનનાં સ્મરણોની સ્વામી અધ્યાત્માનંદજીને હૃદય ગવ્હરે...

**સ્વામી અધ્યાત્માનંદજીનું સંન્યાસ પૂર્વેનું નામ જ્યોતીન્દ્ર વૈષ્ણવ હતું.**

## સર્વં બ્રહ્મમયમ્

૧૯૬૫ પછી દર વર્ષે સ્વામી અધ્યાત્માનંદજી શિવાનંદ આશ્રમ જતા. આકસ્મિક ૧૯૭૦ના ડિસેમ્બરમાં તેમણે નોકરીમાંથી રાજીનામું આપ્યું. શિવાનંદ આશ્રમ ગયા. ત્યાં પૂજ્ય સ્વામીજી ન હતા. આશ્રમના મહામંત્રીએ કહ્યું; ''પાછા જાઓ. તમારા ગુરુ આવે ત્યારે આવજો.'' એ સમયે સ્વામી ચિદાનંદજી વિદેશયાત્રામાં હતા.

ધોધમાર વહેતા પાણીના પ્રવાહને આકસ્મિક રોકવામાં આવે તો તે આજુબાજુનાં નીચાણના વિસ્તારમાં વહેવા લાગે છે. હૃષીકેશથી નનૈયો મળતાં સત્વરે તેઓ રાજકોટ રામકૃષ્ણ આશ્રમમાં જોડાઈ ગયા. સુરતમાં તાપી પૂરથી પીડિત નિકટવર્તી ગામડાંઓ ઓલપાડ, કામરેજ વગેરેમાં શ્રીરામકૃષ્ણ આશ્રમનો રાહત શિબિર ચાલતો હતો. કચ્છમાં દુકાળમાં અસરગ્રસ્તોને ભોજન આપવાનું કપરું કામ હતું. સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિથી તારાજ થયેલાં ગામડાંઓની સેવા હતી, શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટને પોતાના આંગણે શ્રીરામકૃષ્ણદેવના મંદિરના નિર્માણ માટે ફંડ-ભંડોળ એકત્ર કરવાનું હતું. આજે સાડા સાત દશક પૂરા થયા ત્યારે પણ તરવરાટ શમ્યો નથી. વંટોળિયાની જેમ તેઓ સતત ગતિશીલ અને પ્રવાસનિરત રહે છે તો ૨૫ વર્ષની વયે તો કેવું જબરું વાવાઝોડું અને સેવાનો અદ્‌ભુત પ્રવાહ તેમના જીવનમાં વહી રહ્યો હશે તે સમજી શકાય.

તેવા કાર્યના દિવસોમાં, મે મહિનાની એક બળતી બપોરે સ્વામી ચિદાનંદજી મહારાજ વીરનગરથી કારમાં ધ્રાંગધ્રા જશે-કાર રસ્તામાં રાજકોટથી પસાર થશે તે સમાચાર મળતાં રામકૃષ્ણ આશ્રમના બ્ર. જતિન* એક સુંદર પુષ્પમાળા લઈને ઢેબરરોડ ઉપર ફોલ્ડેજ ઈન્ડસ્ટ્રીઝ પાસે ઊભા રહ્યા.

કાર આવી પહોંચી. વૈશાખનો બળતો બપોર, કાળઝાળ ગરમી. સતત વરસાદ વગરનાં ત્રણ વર્ષથી બળ્યું-જળ્યું થતી ધરતી અને ડામર પર અંગાર ઓગળતી સડક. બ્ર. જતિન પ્રણામ કરે તે પૂર્વે શ્રીમદ્ સ્વામી ચિદાનંદજી મહારાજે ત્વરાથી કારનું બારણું આકસ્મિક જ ખોલ્યું અને જમીન ઉપર ખુલ્લા શરીરે, અડવાણે પગે, બ્ર. જતિનને દંડવત્ પ્રમાણ કર્યાં. શા માટે? ''તમે રામકૃષ્ણ આશ્રમના બ્રહ્મચારી છો, તેથી મારે મન સ્વયં શ્રી રામકૃષ્ણ છો.' કેટલી દિવ્ય ભાવના! એક સર્વ સાધારણ સાધકમાં સિદ્ધ પુરુષને જોઈ અનુભવી તે જ પ્રમાણે જે મનમાં છે તે જ આચરણમાં મૂકવાની સંતની સુવાસનું પરમગહન દિવ્યત્વ, કદી કલ્પ્યું નથી, કલ્પી શકાય જ નહીં, પરંતુ આ તો પરમ અસાધારણ વ્યક્તિત્વનું દર્શન, સ્વામી ચિદાનંદજી મહારાજના સહજ સાધારણ પરંતુ **'સકળ લોકમાં સૌને વંદે'**ના પરમ વૈષ્ણવત્વનું તે બળતી બપોરે કારના સહયાત્રીઓ અને રસ્તા પરના વટેમાર્ગુઓને અનુભવ થયો.

***રામકૃષ્ણ આશ્રમમાં સંન્યાસ પૂર્વેનું નામ**

## ફૂલ જાતે ઉગાડો

સ્વામી ચિદાનંદજી મહારાજની અનુમતિથી બ્ર. જતિન રામકૃષ્ણ આશ્રમ છોડીને ત્રણ મહિના એકાંતમાં રહ્યા પછી શિવાનંદ આશ્રમ હૃષીકેશ જઈને રહ્યા. પુષ્પો અને શૃંગાર તેમના પ્રિય વિષય હતા એટલે દર બે-ચાર દિવસે અડોશ-પડોશના આશ્રમો કે સંસ્થાઓનાં ઉદ્યાન કે પ્રાંગણમાંથી પુષ્પો તોડી લાવી સ્વામી ચિદાનંદજીના નિવાસસ્થાનમાં જે તે પુષ્પોને સજાવીને મૂકતા.

બે-ચાર અઠવાડિયાં પછી સ્વામી ચિદાનંદજીએ પૂછ્યું, ''આટલાં સુંદર પુષ્પો તમે ક્યાંથી લાવો છો?'' જવાબ મળ્યો, ''કૈલાસ આશ્રમ, પરમાર્થનિકેતન, યોગનિકેતન, ટૂરિસ્ટ બંગલેથી.''

''તમને હજુ હૃષીકેશ આવીને મહિનો માત્ર થયો છે તો આ બધા લોકોને તમે કેવી રીતે ઓળખતા થયા?''

''હું કોઈને પણ ઓળખતો નથી, કથામાં સાંભળ્યું હતું, શ્રીકૃષ્ણ માખણ ચોરી કરતા ત્યારે 'કાફલં-કાફલં' બોલતા, જેથી પકડાય નહીં. હું પણ એમ જ બોલું છું અને પુષ્પો તોડી લાવું છું.''

''અરે! સાધુજીવનના આરંભમાં જ પુષ્પોની ચોરી! આજે બધા આશ્રમોના મહંત-મંડળેશ્વરને પગે લાગી આવજો-માફી માગજો. પ્રાયશ્ચિત્ત રૂપે દરેક બગીચામાં થોડા દિવસો પાણી પીવડાવજો અને પુષ્પો અહીં લાવવાનું ગમતું હોય તો તમે જયાં ગુજરાતભવનમાં રહો છો ત્યાં બગીચો કરો. એવાં પુષ્પો જ પ્રભુ કે સંતને સ્વીકાર્ય થાય. આમ, તફડંચી મારેલ તો કદીયે નહીં.''

તે દિવસથી સ્વામી અધ્યાત્માનંદજીએ કદી ક્યાંય પણ પુષ્પો તોડ્યાં નથી. વૃક્ષારોપણ અને ઉછેરની એક સરવાણી તેમને હૈયે ફૂટી નીકળી. બાળપણમાં બગીચાનો શોખ હતો જ. તેમણે તેમના સંન્યસ્ત જીવનમાં વિશ્વના અગણિત દેશોમાં વૃક્ષારોપણ કર્યું છે. ૭૫ વર્ષની જીવનયાત્રાનાં વર્ષોમાં એક કરોડથી વધુ વૃક્ષો રોપ્યાં છે.

**ગુરુ તુમ અંતરયામી, દયા કરો, હે સ્વામી!** ગુરુનું ગુરુત્વ યોગ્ય શિષ્યને સ્પર્શે એટલે લોહમાંથી સુવર્ણની જેમ લઘુતા-ગુરુતામાં પરિણમી જ શકે છે, જે આજે આપણે સૌ અનુભવી રહ્યા છીએ.

## કૃતકૃત્યતા

એક વખત શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ આકસ્મિક જ તેમની યુરોપની યાત્રા સ્થગિત કરીને ભારત પાછા આવ્યા. સ્વામી અધ્યાત્માનંદજી ત્યારે દિલ્હીમાં જ પૂજ્ય લાલા મુકુંદલાલ સચદેવાજીને ત્યાં હતા. દિલ્હી એરપોર્ટ પર પૂજ્ય લાલાજી ફૂલનો હાર લઈને ગયા. ઈટાલીનાં સેવાનું મૂર્તસ્વરૂપ સન્નારી મેડમ સિમોનેતા માતાજી મોટો પુષ્પગુચ્છ લઈને આવ્યાં. સ્વામી અધ્યાત્માનંદજી માત્ર એક તુલસીપત્ર લઈને ગયા. હાર અને પુષ્પગુચ્છ સ્વીકાર્યા બાદ તુલસીપત્ર હાથમાં લેતાં પૂર્વે શ્રી સ્વામી ચિદાનંદજીએ સ્વામી અધ્યાત્માનંદજીને પૂછ્યું, ''કહાં સે તોડ કે લાયે ?'' જવાબ હતો, ''લાલાજી કે ઘર સે.'' ''જીસ પેડ સે પત્તા તોડા ઉસકો પાની દિયા થા.'' ''જી હાં !'' ''ઠીક હૈ તબ ખુશી સે દો.''

ઘેર આવ્યા પછી પૂજ્ય સ્વામીજીએ લીલાવતી માતાજી (લાલાજીનાં પત્ની)ને પૂછ્યું, 'સ્વામીજી આપને ત્યાં વિશ્વપુસ્તક મેળામાં દશ દિવસ રહે તો આપને કંઈ તકલીફ તો નથી ને !' લીલાવતી માતાજીએ વળતો જ જવાબ આપ્યો. ''ના જી ! ના જી ! ઐસે મહાત્મા તો હર છ-આઠ મહિને મેં આકર રહના ચાહીએ. સારા બગીચા સાફ કિયા, મહેંદી કી બાડ છાંટ દી. સારી કિતાબોં કો નયા જીલ્દ ચઢાયા, પંખે સાફ કર દિયે. જો નલ લીક કરતે થે ઉસમેં નયે વૉસર ડાલ દિયે. સારે પિત્તલ કે ફલાવર વૉસ ચમકા દિયે... મહેમાન આયે ઐસા તો મહસૂસ હુઆ હી નહીં. બસ, તકલીફ તો કોઈ નહીં, સુબહ-શામ એક-એક થૈલી દૂધ પી લેતે હૈં.''

અને સ્વામી ચિદાનંદજી મહારાજે એકાંતમાં સ્વામી અધ્યાત્માનંદજીને પૂછ્યું. ''આપ સુબહ-શામ એક-એક થૈલી (૫૦૦ ગ્રામ) દૂધ પી લેતે હો ?'' ''જી હા !'' ''ક્યોં ?'' ''ક્યોંકિ પહલે હી દિન માતાજીને કહા કી લાલાજી રોટી ખાતે હી નહીં હૈં, બસ, દૂધ હી પી લેતે હૈ, ઈસલિયે આજ આઠ દિન હો ગયે હમને ભી રોટી-સબજી- દાલ-ચાવલ ખાયે નહીં હૈં, દૂધ હી પીયા''. ગુરુ અવાક્ હતા. શિષ્યને મન મૂકસાધનાનો સંતોષ હતો. ગુરુનું હૃદય આર્દ્રતાથી દ્રવી રહ્યું હતું. શિષ્યે કૃતકૃત્યતાની અનુભૂતિ કરી હતી.

## વૃક્ષ પ્રત્યક્ષ દેવતા

સ્વામી શિવાનંદજીના મહાસમાધિ પર્વે તથા શિવરાત્રીના મંગળ પર્વે શિવાનંદ આશ્રમ હૃષીકેશમાં સવા લાખ બિલ્વપત્રની અર્ચના આશ્રમના શ્રી વિશ્વનાથ મંદિરમાં થાય. આ બિલ્વપત્ર આશ્રમના ભક્તો, સાધકો, મહેમાનો જ તોડી લાવે. તે કાર્ય ત્રણથી ચાર કલાક ચાલે, તેને કર્મયોગ અથવા સેવાયજ્ઞ કહેવામાં આવે.

પરંતુ સ્વામી ચિદાનંદજી મહારાજ સદાયે આવાં સેવાકાર્યોમાં મોખરે હોય. તેઓ સેવામાં જતાં પૂર્વે સૌ સાધકભક્તોને વર્ષોવર્ષ કંટાળ્યા વગર કહે, ''વૃક્ષને પ્રણામ કરજો. વૃક્ષની પ્રદક્ષિણા કરજો. વૃક્ષની અનુમતિ વિનમ્ર-દીન ભાવે માગજો. પછી જ વૃક્ષની ડાળી પકડીને ત્રણ પાનવાળા એક-એક બિલ્વપત્રને તોડજો. કુહાડીથી મોટી મોટી ડાળીઓ કાપીને, વૃક્ષને ઝૂડી નાખીને રાક્ષસી રીતે પાન તોડશો નહીં.''

''વૃક્ષ પ્રત્યક્ષ દેવતા છે. સાક્ષાત્ શિવ છે. શિવે ઝેર પીધું. કંઠસ્થ કર્યું. નીલકંઠ કહેવાયા. જગતના કલ્યાણ માટે અમૃત રહેવા દીધું. વૃક્ષો કાર્બનડાયૉક્સાઈડ વાતાવરણમાંથી લઈ લે છે અને ઓક્સિજન-પ્રાણવાયુ પાછો આપે છે. વૃક્ષો આપણાં જીવનદાતા છે, જીવનરક્ષક છે. વૃક્ષ છે તો જીવન છે. વન ધરતીનો શૃંગાર છે. વન વનચરોનો નિવાસ છે. વનનો વિનાશ જીવનનો હ્રાસ છે'' વગેરે.

આજે સ્વાર્થમાં વિચરતા માનવપ્રાણીઓ વચ્ચે આ મહામાનવનું જીવન વર્તમાન કુદરતના વિનાશકો માટે સદાયે એક પ્રકાશપથ બની રહેશે.

## ફૂલછોડની મહેમાન નવાજી

શિવાનંદ આશ્રમનો વાર્ષિક ત્રિવેણી ઉત્સવ એટલે ગુરુપૂર્ણિમા, સાધના સપ્તાહ અને આરાધના પર્વ. ઠેકઠેકાણેથી ભક્તોનો મહેરામણ ઊભરાય.

કાર્યક્રમો સવારે ૪.૩૦થી ૭.૦૦, પછી ૮.૩૦ થી ૧૧.૦૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦, રાત્રે ૭.૩૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી થાય. આ તમામ કાર્યક્રમોમાં છેલ્લા એક કલાકમાં સ્વામી ચિદાનંદજી મહારાજ અવશ્ય પધારે. એક વર્ષે તેઓ આવ્યા ખરા પણ ઉદાસ, ખિન્ન, થાકેલા, દુઃખી. માત્ર એટલું જ નહીં પણ પ્રવચન વખતે વારંવાર બગાસાં ખાયા કરે.

ભારતના ચારેય છેડેથી ભક્તો પૂજ્ય સ્વામીજીનાં દર્શન અને સત્સંગ માટે જ આવે, તેમાં જ્યારે સ્વામીજીનાં આવાં ઉદાસ દર્શન થાય ત્યારે નક્કી ભક્તો નાસીપાસ થવાના જ.

આ સમગ્ર કાર્યક્રમોના પ્રમુખ સૂત્રધાર એટલે સ્વામી અધ્યાત્માનંદજી. તેમણે મોટા સ્વામીજીના સેવક બ્રહ્મચારી રામસ્વરૂપજીને પૂછ્યું : ''સ્વામીજી કેમ થાકેલા રહે છે?'' તેમણે કહ્યું : ''ખબર નહીં, પરંતુ ત્રણ દિવસથી સ્વામીજીએ પાણી પણ પીધું નથી. તમે આવીને પૂછોને....' રાત્રે સત્સંગ પછી ગુરુનિવાસમાં જઈને સ્વામી અધ્યાત્માનંદજીએ મોટા સ્વામીજીને કારણ પૂછ્યું તો જવાબ મળ્યો : ''આ ગુરુનિવાસના પ્રાંગણમાં-લોબીમાં બધા ફૂલછોડ કોણ લાવ્યું? ક્યાંથી આવ્યાં? આ બધાં પણ આશ્રમનાં મહેમાન ખરાં કે નહીં. આજે કેટલાય દિવસથી કોઈએ તેમને પાણી નથી પાયું !'' ગુરુનિવાસમાં સેવકો ઓછા નથી, પરંતુ ઉત્સવોમાં આશ્રમના સાધકોને પોતાને જ ભોજનનો સમય ન હોય તો ફૂલછોડ કે કુંડાંઓને પાણી પાવાનું ભલા કોણ વિચારે?

સ્વામી અધ્યાત્માનંદજીએ મોટા સ્વામીજીના પ્રશ્નનો કોઈ જવાબ ન આપ્યો. પાણીનો પાઈપ લઈને બધાં છોડ-કુંડાંઓમાં ભરપેટ પાણી પાયું. ત્યારબાદ ગંગાજળનો એક ગ્લાસ ભરીને શ્રી ગુરુદેવને પણ પારણાં કરાવ્યાં.

**'જડ ચેતન જગ જીવ જત સકલ રામમય'** એવું કથાકારો ગાયા તો યુગોથી કરે છે, પરંતુ એ રામપારાયણ કરવાવાળાઓમાં રામપરાયણ તો **'મનુષ્યાણાં કશ્ચિત્ સહસ્રેષુ...'** સ્વામી ચિદાનંદજી જ હોઈ શકે.

## પરોપકારી-પ્રાણરક્ષક : ભેંસને બચાવી

સ્વામી ચિદાનંદજી બે વર્ષ લાંબી વિદેશયાત્રાથી આવ્યા હતા. દિલ્હીમાં દબદબાભર્યું સ્વાગત થયું. ભક્તોએ હરિદ્વાર સ્ટેશને પણ શંખ, ઘંટનાદ, ગુલાલ-અબીલ અને પુષ્પમાળાઓથી સ્વાગત કર્યું. હરિદ્વારથી કાફલો હૃષીકેશ આવ્યો. ત્યાં પણ ભક્તોએ સ્વાગત માટે કમાનો-તોરણો બાંધ્યાં હતાં. સર્વત્ર આનંદ-ઉત્સવ હતો.

મુનિ કી રેતીમાં સ્વામીજી મહારાજ પ્રવેશ કરે એટલે કૈલાસ આશ્રમથી તેમની સ્વાગત શોભાયાત્રા કાઢવાની હતી. સંતો-મહંતો, ભક્તોનું બૃહદ મંડળ સ્વાગતાર્થે આતુરતાથી રાહ જોઈ રહ્યું હતું.

સમાચાર આવ્યા, સ્વામીજી મહારાજ હરિદ્વાર આવી ગયા છે. હરિદ્વારથી નીકળી ચૂક્યા છે. રાયવાલા, સત્યનારાયણ, કોયલઘાટી, હૃષીકેશ પણ આવી ગયા... બસ, હવે પધારવામાં જ છે, હમણાં દેખાશે, બસ હમણાં આવ્યા જ સમજો. પ્રત્યેક પળ યુગ યુગ જેવી લાગતી હતી.

પરંતુ હૃષીકેશથી જો નીકળી ચૂક્યા હોય તો મુનિ કી રેતી આવતાં આટલી બધી વાર? અંતે બધો જ ઝામ-તામ-રાસ-રસાલો આવી પહોંચ્યો, પૂજ્ય સ્વામીજી મહારાજ ગારા-કીચડથી ખરડાયેલાં કપડાંમાં હતા. કારણ? રસાલો જ્યારે હૃષીકેશથી આગળ વધ્યો ત્યાં પુરાની ઝાડી પાસે એક ખાડામાં ભેંસ પડી ગઈ હતી, લોકોની અવરજવર તો હતી. પરંતુ કોની ભેંસ? ક્યાંની ભેંસ? આપણે શું? વાળી જ પ્રજા. પરંતુ **દયા ધરમ કો મૂલ હૈ...**ને જાણનાર-પચાવનાર તો સ્વામી ચિદાનંદજી મહારાજ. તેઓએ ગાડી ઊભી રખાવી. જાતે તે કીચડમાં ઊતરી પડ્યા. પછી તો પૂછવું શું? લાકડાં, ખપાટિયાં, વાંસ વગેરે કીચડમાં ઉતારીને સૌએ ભેગા મળીને ભેંસને જીવતદાન આપ્યું. કદાચ સ્વામી ચિદાનંદજીને તેમના ફૂલહાર-તોરાથી સ્વાગત કરતાં તેમનું કર્તવ્ય, તેમની નિષ્ઠા, તેમનો સાધુધર્મ વધુ મહત્ત્વનાં હતાં. તેઓ તેમના જીવનની પળેપળ સંતત્વમાં જ જીવ્યા છે, જીવે છે અને અમર રહેશે, તેમના પરોપકાર અને સેવાની સુગંધમાં.

## કરુણાસાગર ચિદાનંદ

સ્વામી ચિદાનંદજી મહારાજ શિવાનંદ આશ્રમમાં આવ્યા પછી આશ્રમમાં બાંધકામ થતું જ ગયું. કડિયા, કારીગર, લુહાર, સુથાર, આવતા અને જતા, પરંતુ તે બધા પ્રત્યે કરુણા, ઉદારતા, ક્ષમા, સદ્‌ભાવનો સ્રોત તો સ્વામી ચિદાનંદજી જ હતા, તેઓ બધા આવ્યા અને ગયા, પરણ્યા અને પરિવારવાળા થયા, પરંતુ તેમના જીવનના આરોહ-અવરોહ ધૂપ-છાંવ વચ્ચે આશ્રય તો સ્વામી ચિદાનંદજી જ રહ્યા.

આશ્રમમાં કુટીરો બાંધવા માટે જે ભક્તો દાન કરે, તેમના નામની આરસની તકતી મૂકવામાં આવે. આવી તકતી બનાવનાર એક કારીગરે મોટી ઉંમરમાં લગ્ન કર્યું. તેને ડાયાબિટીસ હતો, આંખો પ્રાયઃ ચાલી ગઈ હતી. તે બહુ જ મુશ્કેલીમાં હતો. તેમના વયસ્ક દીકરાઓને તેમનું આ લગ્ન કબૂલ ન હતું. ક્યાં જાય? શું કરે? તેણે મોટા સ્વામીજીને સમાચાર મોકલાવ્યા.

સ્વામી ચિદાનંદજીને ત્યાં તે દિવસોમાં ઓડિસા જગન્નાથપુરીના એક સંત અતિથિ હતા. તેમને હર કી પૈરીનું સ્નાન, આરતી, શ્રી આનંદમયી માનાં દર્શને જવાની ઈચ્છા હતી. તેમની સેવામાં બ્રહ્મચારી દિલીપ હતા. સ્વામી ચિદાનંદજીએ અધ્યાત્માનંદજીને પૂછાવ્યું કે, 'સાંજે તેઓ હરિદ્વાર આવી શકશે?' જવાબ તો હા જ હોય ને ? સ્વામીજીએ તેમને કોઈ સંતને મળવા જવાનું છે, માટે તે પ્રમાણે સામગ્રી લઈ આવવા સૂચના આપી. સામગ્રી એટલે ફળનો ટોપલો, સાકરનો પડો, શ્રીફળ, મીઠાઈ, વસ્ત્રો, ફૂલહાર, ચંદન, અગરબત્તી, દક્ષિણા વગેરે વગેરે.

બધું મંડળ હરિદ્વાર આવ્યું. સૌ આનંદમયી માને ત્યાં આવ્યા. બ્ર. દિલીપ પેલા સંતને હર કી પૈરી ફેરવી લાવ્યા ત્યારે સંધ્યા ટાણે પૂજ્ય મા આનંદમયીનાં

દર્શન પછી બધાં લલતારાવ પુલ પાસે આવ્યાં. ત્યાં એક સાંકડી ગલી પાસે ગાડી ઊભી રહી. ફળ-ફૂલ, ભેટ-સોગાદનો ટોપલો લઈ મંડળી ગલીના છેડે એક ભંડકિયામાં આવી. અંધારી ઓરડી, ઝાંખો દીવો, વેરણ-છેરણ ડબા-ડબલાં! માથું ઝુકાવ્યા વગર અંદર જવાય નહીં, નાક દબાવ્યા સિવાય ત્યાં બેસાય નહીં, પરંતુ તે દૃષ્ટિહીન વૃદ્ધ કારીગર અને સ્વામી ચિદાનંદજી એવા તો પરસ્પર ભેટ્યા,જાણે શ્રીકૃષ્ણ-સુદામાનું મિલન. અહીં શ્રીકૃષ્ણ સુદામાના આંગણે આવ્યા હતા. **'દેખી સુદામા કી દીન-દશા કરુણા કર કે કરુણાનિધિ રોયે'** જેવી અવસ્થા હતી.

પેલા કારીગર કહે, 'તમે આવવાના છો એવા સમાચાર તો મોકલવા હતા, એકાદ ફૂલહારની વ્યવસ્થા કરત અને સ્વામીજીએ પોતે લાવેલો હાર તેને આપ્યો, તેના હાથથી પહેર્યો, 'પ્રભુ, કંઈ ચંદન-ધૂપ, ભેટ-પૂજા કરવાની પણ તક ના આપી?' અને બધી સાથે લાવેલ સામગ્રી તેમના હાથથી સ્વામીજીએ સ્વીકારી. એટલું જ નહીં, તેની ચાર છેડેથી ભાંગેલ-તૂટેલ ખાટ પર રાજસિંહાસન પર બિરાજ્યા હોય તેવી સ્વસ્થતાથી સ્વામીજી બિરાજ્યા. પછી તેમનાં ધર્મપત્નીને કહે, ''ભાભીજી! હું તમારો જેઠ થાઉં, ચા તો પાઓ!'' પછી તેમણે સ્વામી અધ્યાત્માનંદજીને કહ્યું, 'ચા બનાવવા માટે મદદ કરો.' કેરોસિનનો જૂના મૉડલનો સ્ટવ, અડધી તૂટેલી પિન, આગ એક જ તરફ ભડકે બળે, ત્યાં ચા બની, રકાબી બે જ હતી, એક તડ વાળી, બીજી અડધી ભાંગેલી, કપ બે હતા, એક નાકા વગરનો, બીજો માથેથી તરડાયેલો. તેમની ચા પીવાની રીત-રસમ, જાણે જાપાનની ટી-સેરેમનીમાં આવ્યા હોય તેવો આનંદ. પેલા વૈષ્ણવ સંત તો બેઠા જ નહીં. તેમનું વૈષ્ણવત્વ નંદવાયને? બધા સુખ સમાચાર પૂછી મંડળી પાછી હૃષીકેશ આવતી હતી ત્યારે સંતે સ્વામી ચિદાનંદજીને પૂછ્યું, ''સ્વામીજી! તમે તો ભાગ્યે જ હૃષીકેશ રહો છો! તમારી ગેરહાજરીમાં આવા દીન-દુઃખી ભક્તોની સેવા કોણ કરે છે?'' પળનો પણ વિલંબ કર્યા વગર સ્વામીજી બોલ્યા, ''અધ્યાત્માનંદજી. હું તો અધ્યક્ષ છું એટલે થોડું કરું તો પણ ઝાઝું દેખાય, પરંતુ સ્વામી અધ્યાત્માનંદજીનાં કાર્યો ભાગ્યે જ લોકોને ખબર હશે, પરંતુ તેઓ શિવાનંદજીના પદચિહ્નો પર ચાલનારા સાચા સેવક અને સાધક છે.''

સ્વામી અધ્યાત્માનંદજી તો ચિદાનંદ સૂર્ય સમક્ષ એક જુગ્નું આગીયો પણ નથી પરંતુ સંતની મહાનતા કેટલી બધી! તેઓ હંમેશાં એવા જ ભાવમાં રહે છે.

**'નાઽહં કર્તા હરિઃ કર્તા ત્વત્પૂજા કર્મચાખિલમ્ યદ્ યત્ કર્મ કરોમિ તદ્ તદ્ અખિલં શંભો તવ આરાધના.'**

## વ્યવહારદક્ષ ચિદાનંદ

૧૯૭૫ના મે માસની વાત છે. સ્વામી અધ્યાત્માનંદજી અને બ્રહ્મચારી વિષ્ણુચૈતન્યજી મુંબઈ ભારતીય વિદ્યાભવન ખાતે મુંબાદેવી સંસ્કૃત મહાવિદ્યાલયમાં અધ્યયન અર્થે જવાના હતા. સ્વામી ચિદાનંદજી મહારાજે બંને સાધકોને કહ્યું : ''સવારે આઠ વાગ્યે મને મળજો.''

મોટા સ્વામીજીએ પોતાની કુટીરમાં બંને સાધકોને સ્વામીજીએ મુંબઈ જેવી મોહમયી નગરીમાં કેમ રહેવું, તે વિશે ખૂબ જ સારી અને આદર્શ પિતાતુલ્ય, વાત્સલ્યમૂર્તિ માતા સમાન તથા કર્તવ્યનિષ્ઠ ગુરુતુલ્ય સમજણ આપી. પછી પૂછ્યું : ''પૈસા કેટલા છે?'' જવાબ મળ્યો, 'સેક્રેટરી સ્વામીજીએ હરિદ્વારથી મુંબઈની ટિકિટ ઉપરાંત બંને સાધકોને સો-સો રૂપિયા આપ્યા છે. મુંબઈમાં રહેવા-જમવાની વ્યવસ્થા મુંબાદેવી સંસ્કૃત વિદ્યાલય જ કરવાનું હતું. ઉપરાંત ખિસ્સાખર્ચી માટે દર મહિને ત્રીસ રૂપિયા પણ મળવાના હતા તેથી દેખીતી રીતે જ બે સાધકો વચ્ચે બસ્સો રૂપિયા પૂરતા હતા. પરંતુ વ્યવહારની મૂર્તિ અને

જેણે જગતને અંદર બહારથી જોયું જાણ્યું-માણ્યું છે તે જ સમાજ-વ્યવસ્થાને સમજી શકે ને?

સ્વામીજીએ પૂછ્યું, 'ત્યાં ગુરુજી (સ્વ. શ્રી ભાઈશંકરભાઈ પુરોહિત, પ્રધાનાચાર્ય) માટે શું લઈ જાઓ છો?' સ્વામી અધ્યાત્માનંદજીએ કહ્યું; 'ત્યાં મુંબઈથી જ હાફૂસ કેરી ચાર-પાંચ કિલો લઈને તેમને આપીશું.' સ્વામીજી કહે; 'અરે! મુંબઈમાં રહેતા હોય તેમને ત્યાંની જ હાફૂસમાં વળી શું રસ પડવાનો? દશ કિલો બાસમતી ચોખા હૃષીકેશ બજારમાંથી લેતા જાઓ. પાંચ કિલો ગુરુજીને તથા પાંચ કિલો શ્રી સુ. રામકૃષ્ણ (સ્વ. સેક્રેટરી ભારતીય વિદ્યાભવન) ને આપશોજી. તેમણે દશ કિલો બાસમતી ચોખા લેવા માટે પૈસા આપ્યા. આસન, પ્રાણાયામ, ધ્યાન કરવા માટે એક-એક ગરમ ધાબળો આપ્યો. સ્ટીલના એક-એક ગ્લાસ, ચમચા તથા સ્ટીલની નાની પ્લેટ પણ આપી. બંને સાધકોને પાંચસો-પાંચસો રૂપિયા આપ્યા. રસ્તામાં કંઈ લેવું-ખરીદવું પડે માટે પાંચ-પાંચ, દશ-દશ રૂપિયાની, સો રૂપિયાની છુટ્ટી નોટો આપી અને પરચૂરણ વગર તે કંઈ યાત્રા થાય, ગરીબ ગુરબાં-મજૂરોને કંઈ આપવું હોય તો, તે માટે એક-એક રૂપિયાની સો નોટો આપી. પછી કહ્યું : 'શ્રી ગુરુદેવના ઘાટથી બે કેન ગંગાજળ ભરી જજો. મુંબઈવાળા લોકો માટે ગંગાજળ ખૂબ જ મોટી વાત કહેવાય' અને અંતે કહ્યું : 'સો વાતની એક વાત, આપણે ભણવા જઈએ છીએ, એટલે આપણે મુંબઈ સાથે કંઈ સંબંધ નથી, મન ભણવામાં જ રાખવું. ભણવા જાઓ છો, તેથી વિદ્યાર્થી છો,શિષ્ય છો. ગુરુજીના શ્રીચરણે દરરોજ પ્રણામ કરજો. અમે સંન્યાસી છીએ એવો અહંકાર ન રાખશો. તમે મુંબઈમાં રહેશો, છતાં તમે સંન્યાસી છો, તે કદી ન ભૂલવું જોઈએ, તમારી અંગત સાધના, દૈનિક જપ અને ધ્યાનમાં કદીયે પ્રમાદ ન કરજો અને છેલ્લે...લાગે છે કે ટેક્સી-ટાંગામાં જશો તો ટ્રેન છૂટી જશે, બહુ મોડું થયું છે નહીં? આશ્રમની ગાડી લઇ જાઓ, ટ્રેન ઉપડી ગઇ હોય તો રૂરકી સુધીમાં તો ગાડી પકડી જ લેવાશે.'

ગાડીએ હરિદ્વાર છોડ્યું. અમે મુંબઈ ભણીને પાછા પણ આવી ગયા, પરંતુ કરુણાનિધાન-દયાના સાગર અને ગગન સદૃશ ઉદારતાની પ્રતિમૂર્તિ વ્યવહારદક્ષ સ્વામી ચિદાનંદજી મહારાજના સંસ્મરણો હજુ પણ તેમના શિષ્યો પ્રતિપળ વાગોળે છે, જાણે કે પ્રસંગ ગઈ કાલે જ બન્યો હોય!

## વીંછીમાં શિવદૂતનાં દર્શન

સ્વામી ચિદાનંદજી મહારાજનો ૬૦મો જન્મદિવસ હતો. ત્યારે શિવાનંદ આશ્રમમાં સ્વામી શિવાનંદજી મહારાજનું વર્તમાન સમાધિ મંદિર અસ્તિત્વમાં ન હતું. સમાધિસ્થાન તો હતું, પરંતુ સામે લાંબી પરસાળ જેવું છાપરું હતું. બંને તરફ બબ્બે ફૂટ ઊંચી એકવડી ઈંટની દીવાલ હતી.

રાત્રે મુનિ કી રેતી હૃષીકેશની શાળાઓનાં બાળકો મનોરંજન કાર્યક્રમ કરી રહ્યાં હતાં. સૌ ગુરુજનો પ્રેસ અને સમાધિનાં છાપરાંનાં છેડા પર પંક્તિબંધ બેઠા હતા. ભક્તોનો મહેરામણ મનોરંજન કાર્યક્રમ માણી રહ્યો હતો.

આકસ્મિક રંગમાં ભંગ પડ્યો. આશ્રમના સચિવ બ્રહ્મલીન શ્રી સ્વામી પ્રેમાનંદજી મહારાજ 'છીછ્ છીછ્' અવાજ કરવા લાગ્યા. વાત એમ બનેલી કે લોકસંગ્રહની મર્યાદાના કારણે સ્વામી ચિદાનંદજી મહારાજ સત્સંગસભામાં મનોરંજન કાર્યક્રમમાં બેઠા હતા; બાકી ખરેખર તેઓ ગહન ધ્યાનમાં હતા. આ 'છીછ્ છીછ્' જ્યાં સુધી થતું રહ્યું, ત્યાં સુધી તેઓ આ જગતથી પર હતા, પરંતુ લોકો 'કોઈ વીંછી પકડવા ચીપિયો લાવો, કોઈ ઝાટકણી લાવો' વગેરે પ્રશાંત વાતાવરણને દૂષિત કરવાની વાતો કરવા લાગ્યા, ત્યારે

સ્વામીજીએ શાંતિથી આંખો ખોલી. સ્વામી પ્રેમાનંદજી મહારાજે સ્વામીજીને તેમના ખભાને દેખાડતાં કહ્યું, 'બિચ્છુ હૈ!' ખૂબ જ શાંત અને સ્વસ્થ મને સ્વામી ચિદાનંદજી મહારાજ બોલ્યાઃ 'ઠીક હૈ! આપ લોગ જૈસે ઈસ સેવક કો અભિનંદન કરને આયે હૈં, વૈસે યહ ભી શિવજી કે ગણ હૈ...દૂત હૈ...' અને ફરીથી તેઓ ગહન ધ્યાનમાં ગરકાવ થઈ ગયા.

પરંતુ હવે ભક્તોનું ધ્યાન મનોરંજન સમારોહમાં ન હતું. પહાડના વીંછી તો બહુ ઝેરી હોય. મૃત્યુ પણ નિપજાવી શકે. અંતે સ્વામીજી શાંતિથી ઊઠ્યા. અત્યારે જ્યાં અન્નપૂર્ણા છે ત્યાં જંગલ હતું. સમાધિ મંડપ (છાપરું)માંથી ઊઠીને સ્વામીજી તે નિકટસ્થ જંગલમાં આવ્યા-ઝૂક્યા. ખભાને છેક જમીન પર અડકાડ્યો, કહ્યું; 'આપ નિશ્ચિંત રહો, આપને કોઈ કષ્ટ નહીં પડે, આવો નીચે આવો' અને કાળો ડીંબાગ વીંછી નીચે ઊતરી આવ્યો. સ્વામીજીએ તેને ઘૂંટણે પડીને પંચાંગ પ્રણામ કર્યાં. શિવ ભગવાનને અમારા 'ૐ નમો નારાયણાય' અને દંડવત્ સાથે 'ૐ નમઃ શિવાય' કહેજો. ટોર્ચના અજવાળાનું પ્રકાશિત વર્તુળ અંધકારમાં માર્ગ કરતું ગયું અને વીંછી તે માર્ગે સ્વસ્થાને પ્રસ્થાન કરી ગયો. વીંછી ગયાને ૪૫ વર્ષના વાયરા વહી ગયા. પરંતુ **સર્વં બ્રહ્મમયમ્નો** પ્રકાશ આજે પણ અંતર અજવાળે છે.

## કીડીઓની સેવામાં

સંતો આપણા આંગણે પધારવાના હોય એટલે સાફ-સફાઈ તો ચાલે. ખૂબ ફ્લીટ છાંટીને માખી-મચ્છર વગરનું ઘર શ્રી રામકૃષ્ણ શેઠ અને શ્રીમતી રાધિકા શેઠે તૈયાર કર્યું હતું.

સ્વામી ચિદાનંદજી મહારાજ તેમના નિવાસસ્થાને થાણા (મહારાષ્ટ્ર) ખાતે પધાર્યા. ફ્લીટની વાસ તો ચાલી ગયેલી. પરંતુ બહારની ચોગમ સફાઈ વચ્ચેથી બચવા એક વાંદો (કોક્રોચ) અવાવરું ખૂણે મરી ગયો હશે, તેને કીડીઓની ઘ્રાણશક્તિએ પકડી પાડ્યો. હજારો કીડીઓ ભેગી થઈને દોડાદોડી કરવા લાગી અને મૃત વાંદાના શરીરની યાત્રા ચાલી. દરેક કીડી તેને પોતાના તરફ ખેંચવા માગતી હતી અને ભલે કીડીઓની સંખ્યા મોટી હોય, ભારે ભરખમ વાંદાને એકસાથે તે ભલા કેટલીક કીડીઓ વળગી શકે?

સ્વામીજીએ યજમાન પાસે દાઢી બનાવવાની બ્લેડ માગી. ફૂંક મારીને કીડીઓ દૂર કરી. પછી એક કાગળ ઉપર રાખીને તે વાંદાના ખૂબ નાના ટુકડા કર્યા. ત્યારબાદ શાંતિથી હાથ ધોઈ નાખ્યા. થોડી જ પળોમાં કીડીઓની વણજાર આવી પહોંચી. નાના ટુકડાઓ લઈ જવાનું સહેલું હતું. સૌનાં દર જુદાં જુદાં હતાં. તેમણે સૌએ 'થેન્ક્યુ સ્વામીજી' ચોક્કસ કહ્યું હશે. સ્વામીજીએ સાંભળ્યું પણ હશે અને પ્રત્યુત્તર આપતાં કહ્યું હશે.... 'મેનશન નૉટ!!!'

## ખિસકોલીમાં આત્મીયતા

સ્વામી ચિદાનંદજી મહારાજની પશુપંખી પ્રત્યેની મમતાની વાતો સંતના હૃદયની દિવ્યતા અને ભવ્યતાની સદા ઝાંખી કરાવતી હોય છે, પરંતુ દરેક વખતે સ્વામી ચિદાનંદજી મહારાજના અંતરની કરુણા અને જીવદયાના નવા જ સ્વરૂપનાં દર્શન થતાં રહ્યાં છે.

૧૯૫૫-૫૮ ના અરસામાં ડૉક્ટર અધ્વર્યુજી ગુજરાતથી કાફલો લઈને શિવાનંદ આશ્રમ આવીને રહેતા. નેત્રયજ્ઞ યોજાતા, સેવાયજ્ઞ યોજાતા.

એક આવી જ યાત્રામાં તેમના નાનાભાઈ હીરાભાઈનાં યુવાન બાળકો હસુ, વિનુ, ભરત વગેરે એક ખિસકોલીનાં નાનાં બચ્ચાંને મોટા સ્વામીજી પાસે લઈ આવ્યા. આ ખિસકોલીનું બચ્ચું મોટા સ્વામીજી

સાથે હેળવાઈ ગયું. સ્વામીજી સત્સંગમાં પધારે કે ગંગા તટે, મહેમાનોની સરભરામાં હોય કે ભક્તો સાથે ભક્તિના રંગમાં, ખિસકોલી તેમની સાથે ને સાથે, ક્યારેક ખોળે બેસે તો ક્યારેક ખભે ચઢી જાય. તે દિવસોમાં હૃષીકેશમાં ખિસકોલાં બહુ ન હતાં.

એક દિવસ વાંદરાંનું એક બચ્ચું ખિસકોલીને લઈને ઝાડ ઉપર ચઢી ગયું, ઉપરથી ખિસકોલાને જોરથી નીચે ફેંક્યું. તેના મોઢામાંથી લોહી નીકળ્યું, માથું ફાટી ગયું. ખિસકોલું મરી ગયું.

સ્વામી ચિદાનંદજી તે દિવસોમાં આશ્રમના સેક્રેટરી હતા. તેઓ ખિસકોલાંને લઈને ગંગા કિનારે આવ્યા. જાણે આશ્રમના અંતેવાસી સંતના શરીરનું ગંગામાં વિસર્જન. મંદિરની પૂજા, આરતી અને અન્નક્ષેત્રમાં ભોજન બંધ રહ્યાં. વૈદિક મંત્રોચ્ચાર સાથે ખિસકોલીના પાર્થિવદેહનું ગંગામાં વિસર્જન થયું. તેના ઉપર અભિષેક થયો. રેશમી વસ્ત્રમાં બે - ત્રણ થોડા ભારે પથ્થર સાથે બાંધીને ગંગાપ્રવાહ કરવામાં આવ્યો. સૌ સ્નાન કરી પોતપોતાના કામે વળગ્યાં. રાત્રે આશ્રમની પ્રાર્થનામાં દિવંગત આત્માની આત્મશાંતિ અને સદ્‌ગતિ માટે પ્રાર્થના પણ કરવામાં આવી.

## રક્તપિત્તિયાંઓની સેવામાં

જે માણસને તમે આંખેથી જોઈ પણ ન શકો, હાથેથી અડકવાની તો વાત જ ક્યાંથી થાય? હાથ-પગ સડેલા, ઘવાયેલા, પરુની વાસમાં ઊબકે ચડાય તેવા રક્તપિત્તના દર્દીઓ શિવાનંદ આશ્રમ સામે નૌકાઘાટ પર ભીખ માગવા બેસતા. તેમાંના અમુકની દશા તો બહુ જ ખરાબ. ઉનાળે ઉનાળો ભયંકર, શિયાળે શિયાળો અસહ્ય અને ચોમાસે વરસાદ મુશળધાર, આ ત્રણેય કપરા કાળે તેઓ ક્યાં જાય? રસ્તે ચાલતા લોકોને પણ તેમની દુર્ગંધ અસહ્ય..તેવાઓને પોતાના ખભે ઊંચકી લાવી કોઈ ન જુએ ત્યારે મળસ્કે અથવા તો અંધારે અંધારે સ્વામી ચિદાનંદજી પોતાની કુટીરમાં લઈ આવતા, તેમના ઘા સાફ કરતા, તેમની પાટા-પીંડી કરતા, આશ્રમના અન્નક્ષેત્રમાંથી દૂધ-રોટલી લઈ આવે. ગઢવાલી રોટલી તો મોટી મોટી અને જાડી હોય. તેના ટુકડા કરી, દૂધમાં પલાળીને ખવડાવે, જાતે દૂધ ન પીએ. આવતાં-જતાં ને તેમની દુર્ગંધના કારણે તે માર્ગે ચાલવાનું અસહ્ય થાય જ, છતાં સ્વામીજી તે રક્તપિત્તના દર્દીઓને મળ-મૂત્ર પોતાની કુટીરમાં કરાવે અને પોતે બધું સાફસૂફ રાખે.

ગઢવાલમાં આજથી ૭૫ વર્ષ પૂર્વે એવી માન્યતા હતી કે શાપિત વ્યક્તિને જ રક્તપિત્ત થાય, તેવી વ્યક્તિને સમાજ વચ્ચે જીવવાનો અધિકાર નથી એમ માનીને લોકો આવા માણસો પછી તે પુરુષ હોય કે સ્ત્રી....તેમને ઝાડ સાથે બાંધીને જીવતાં જ સળગાવી દેતા. નિર્જન વનની વાટે તેનું આક્રંદ અને બુમરાણ શુષ્ક પહાડોની ચટ્ટાનો સાથે ટકરાઈને હવામાં વિખેરાઈ જતું. તેવામાં સ્વામી ચિદાનંદજી મહારાજે બે ગઢવાલી ભોમિયાઓને સાથે લઈ ગઢવાલ, પૌડી અને કુમાઉ જિલ્લાઓની પગપાળા યાત્રા કરી, ઠેરઠેર લોકોને ‘રક્તપિત્ત શાપ નથી, તે સારો થઈ શકે છે, તેની જાણ હૉસ્પિટલમાં કરો’ વગેરે વગેરે વાતો કરી રૂબરૂ ઘરઘરમાં લોકોને મળીને સમજાવ્યા.

સ્વામી ચિદાનંદજીની કરુણા અને પ્રેમ જ તેમને હૃષીકેશ ખેંચી લાવ્યા. યાત્રીઓ પાસેથી ભીખ મળતી હતી અને સ્વામીજીની સારવાર. ત્યારે શિવાનંદ આશ્રમની શિવાનંદ હોસ્પિટલમાં પાટાપીંડી કરવાની સેવા સ્વામી ચિદાનંદજી જ કરતા. તેમનું નામ શ્રી શ્રીધર રાવ હતું. તેથી તેઓ ડૉ. રાવજીના નામથી જ ઓળખાતા.

સ્વામી ચિદાનંદજીએ સરકારને વિનંતી કરી અને આ રક્તપિત્તિયા દરદીઓ માટે વસાહત ઊભી કરવા જમીનની વ્યવસ્થા કરી.

આમ, હૃષીકેશ અને મુનિકી રેતી વચ્ચે ઢાલવાલા, લક્ષ્મણઝૂલા અને હૃષીકેશથી અગિયારેક કિલોમીટર દૂર શ્રીરામતીર્થ ગુફા પાસે બ્રહ્મપુરીમાં ત્રણ રક્તપિત્ત વસાહતો ઊભી થઈ. સરકાર પાસેથી તેમને પટ્ટે જમીન શિવાનંદ આશ્રમે ફાળવી આપી. સરકાર પંદર દિવસનું રાશન આપતી. બાકી પંદર દિવસનું રાશન, માંદે-સાજે દવા-દારૂ અને જીવન જરૂરિયાતનું ઠેકાણું સ્વામી ચિદાનંદજી જ હતા.

સ્વામીજીને તો મુખ્યમંત્રી મળવા આવે ત્યારે જો આકસ્મિક ત્રણ-ચાર આવા રક્તપિત્તના દર્દીઓ આવી ચઢે તો સ્વામીજી રસ્તા વચ્ચે જ બેસીને તેમની સાથે વાતો કરી લે.

તેમને મન આ બધા દુ:ખીનારાયણ, રોગીનારાયણ, દર્દીનારાયણ. શિવરાત્રી હોય કે દશેરા ઉત્સવ શિવાનંદ આશ્રમમાં કંઈક પણ ઉત્સવ કે મિષ્ટાન્ન થાય તો પહેલો ભાગ આ ત્રણેય કૉલોનીના અંતેવાસીઓનો, પછી આશ્રમના અધિષ્ઠાતા દેવતા ભગવાન વિશ્વનાથ!

રીબન કાપીને રક્તપિત્ત વસાહતો ખુલ્લી મૂકવાનું સહેલું છે. અહંકાર કાપીને તેમનાં દૈનિક, વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જીવનની જવાબદારી લેવાનું દુષ્કર છે, પરંતુ તે અસંભવ તો નથી જ. સ્વામીજીએ રક્તપિત્તના દર્દીઓનાં બાળકોને આશ્રમમાં ઊછેર્યાં છે, ભણાવ્યાં છે, પરણાવીને પોતાના પગ ઉપર સ્વમાનભર્યું જીવન જીવતાં શીખવ્યું. સ્વામી ચિદાનંદજીની રક્તપિત્તના દર્દીઓ પ્રત્યેની સેવા જોવા જેવી હતી. જાણે તિરુપતિ બાલાજીને ચંદનચર્ચાનાં દર્શન.

સ્વામીજીની વાતો જાણવા જેવી છે. માણવા જેવી છે, સાંભળવા જેવી છે, વાગોળવા જેવી છે. શક્ય હોય તો જીવવા જેવી પણ ખરી જ!!!

## જીવદયા

વાત માત્ર રક્તપિત્તના દર્દીઓ સુધી જ સીમિત નથી,પરંતુ ગળ્યો પ્રસાદ ખાઈ-ખાઈને કૂતરાંઓ સડી જાય, કૂતરાંઓને ગળપણ ખવડાવવું ન જોઈએ, પરંતુ લોકો પ્રસાદ લાવ્યા જ કરે અને ખવડાવ્યા કરે. પછી એ સડેલાં કૂતરાંઓના ઘા સાફ કરવા અને દવાદારૂ કરવાનું કામ સ્વામીજીનું.

વાત ચકલાંની હોય કે ખિસકોલાંની, કૂતરાંની કે વાંદરાની અથવા તો પોતાનો દેશ છોડીને શિવાનંદ આશ્રમમાં આવીને વસનાર વૃદ્ધ આંગ્લ મહિલાઓની- સ્વામી ચિદાનંદજી સૌનાં માતા-પિતા.

એવાં જ એક પૌલા માતાજી હતાં. જીવનના અંતિમ શ્વાસ સુધી સ્વામીજીએ તેમની સેવા કરી. પોલૅન્ડના સ્વામી વેદાંતાનંદજી હતા, ઓસ્ટ્રેલિયાના સ્વામી કરુણાનંદજી હતા, આ બધા વૃદ્ધ થયા, કાયા જીર્ણ થઈ, કૃશ થઈ, અક્ષમ થઈ, પરંતુ તેમની જીવાદોરી સ્વામી ચિદાનંદજી... જાણે આંધળાને લાકડી. સ્વામી ચિદાનંદજી મહારાજને મન પૌલામાતાજી કે રક્તપિત્તના દર્દી, સૌમાં નારાયણ અક્ષર પરબ્રહ્મ.

એક દિવસ તેઓ કશુંક લખતા હતા. ડાબા હાથે જબરો મોટો મચ્છર બેઠો. તેમણે તેને ઉડાડ્યો નહીં. તેમના સેવક ઉડાડવા ગયા તો કહે, ''ઓ જી! આપ ભોજનકો બૈઠો... ભોજન ચાલુ કરો ઔર કોઇ આપકી થાલી, આપકે સામને સે હટા લે! તો આપ કૈસા મહસૂસ કરેંગે? રહને ભી દો! છોટા તો જંતુ હૈ, પેટ ભર જાયેગા તો અપને આપ હી ઉડ જાયેગા....''

આપણે સૌ દરરોજ બોલીએ છીએ, **''ત્વમેવ સર્વં મમ દેવ દેવ...'** હોઠેથી જ આવતું હશે નહીં! ક્યારેક હૈયેથી ગવાય તો ચિદાનંદત્વને ચોક્કસ પમાય...

# રાહદારીમાં રામ

સુસવતો શિયાળો હતો. સ્વામી ચિદાનંદજી તેમના સેવક બ્રહ્મચારી રામસ્વરૂપજી અને ત્રણ બીજા સંતો હરિદ્વારથી શ્રી શ્રી મા આનંદમયી માના સત્સંગેથી આવતા હતા. ઠંડી કડકડતી હતી. દુર્ભાગ્યે ઝરમર ઝરમર વરસાદ પણ વરસતો હતો અને આમેય શિયાળાની સાંજ વહેલી પડે. સાંજના છએક વાગ્યાનો સુમાર હશે પણ લાગતું એવું હતું કે મધરાત થઈ ગઈ છે. હરિદ્વાર-હૃષીકેશનો માર્ગ ભેંકાર ભાસતો હતો. કોઈ વાહનવ્યવહાર કે વટેમાર્ગુની અવરજવરનો અણસાર ન હતો.

રાયવાલા પહેલાં એક વૃદ્ધ ગામડિયો એક યુવતી સાથે વરસાદે ભીંજાતો અને ઠંડીમાં ધ્રુજતો ઊભો હતો. સ્વામી ચિદાનંદજી એમ્બેસેડર ગાડીમાં આગલી સીટમાં પલાંઠીવાળીને બેઠા હતા. સાધારણ રીતે તેઓ આખી સીટ પર લંબાવીને સૂઈ જવાના અભ્યાસુ છે, પરંતુ અંધારું થઈ ગયું હતું. ઠંડી હતી. વરસાદ હતો. આશ્રમના જ સંતો છે. વાહન મળે કે ન મળે? એટલા માટે તેમને અને સેવક રામસ્વરૂપજીને પાછળ બેસાડ્યા હતા. પેલા વૃદ્ધને એક યુવતી સાથે આમ ઊભેલા જોઈને તેમણે ડ્રાઇવરને કહ્યું : ''ઓ જી! ગાડી રોકો'' સેવક સત્વરે જ બોલ્યા, ''ગાડીમાં જગ્યા ક્યાં છે?'' ''કેમ તમે ચાર લોકો પાછળ બેસી શકો તો આગળ ચાર કેમ ન બેસી શકે? અને જો દિલમાં જગ્યા હોય તો ગાડીમાં જગ્યા કરવાની કંઈ મુશ્કેલી નથી હોતી.''

પેલા વૃદ્ધને સ્વામીજીએ જ પ્રેમથી પૂછ્યું : ''બાબા! ક્યાં સુધી જવું છે?'' ધ્રુજતો દયાની ભીખ માગતો જવાબ મળ્યો, ''બાબાજી! હૃષીકેશ જવું છે.'' આવો અને તેમણે પોતાની પલાંઠી ખોલી નાખી, છેક ડ્રાઇવરને અઢેલીને બેઠા. પછી વૃદ્ધને બેસાડ્યા. ત્યારબાદ તેમની સાથેની યુવતીને. તેઓ ભીંજાયેલાં હતાં. ગઢવાલના પહાડી લોકો દરરોજ નહાવાને કે પોતાનાં કપડાં દરરોજ ધોવા ટેવાયેલા નથી હોતા. સ્વામી ચિદાનંદજીનાં બધાં જ કપડાં આ વૃદ્ધને અડકીને ખૂબ જ ભીંસીને બેસવાથી ભીનાં થયાં હતાં. કાર એક 'ટિપિકલ'- વિશિષ્ટ-ગઢવાલી વાસથી ગંધાઈ ઊઠી હતી. પરંતુ 'ચિદાનંદ' જેનું નામ. ખૂબ જ પ્રેમથી તેમણે વૃદ્ધ સાથે વાતો કરી. જાણે બંને યુગોથી એકમેકને ઓળખતા ન હોય?

ખબર પડી, વૃદ્ધની સ્ત્રી મરણ પથારીએ છે. આ યુવતી તેની દીકરી છે. જમાઈ ફોજમાં છે. સાસુ વહુને એકલી મોકલવા રાજી ન હતાં, તેથી બાપ લેવા ગયા હતા. સ્વામીજી છેક તેમના ઘર સુધી ગલી-અંધારામાં ભંડકિયામાં બંનેને મૂકી આવ્યા. બીમાર સ્ત્રીની વિગત જાણી. આશ્રમે પહોંચીને વળતે પગલે ડૉક્ટરને બધી આવશ્યક દવા, ઈન્જેક્ષન અને ફળ-બિસ્કીટ સાથે મોકલ્યાં. દરરોજ એક બ્રહ્મચારી તેમને ઘેર જતો. મહિલા સાજી થતી ગઈ. સારી થઈને હરતી ફરતી થઇ ગઇ. સ્વામી ચિદાનંદજીને તે રૂબરૂ મળી નહોતી. પરંતુ સ્વામી ચિદાનંદજીનું કરુણાસભર ચિત્ર તેમને હૈયે કોરાયું હતું. વૃદ્ધને તેની પત્ની અને દીકરીને તેની માતા પાછી મળી.

સ્વામીજીને પણ આ દૈનિક નિત્યનૈમિત્તિક કર્મ હતું. તેમાં શું? જે રામ મંદિરમાં છે તે રાહદારીમાં પણ ખરો ને?

# ઋજુહૃદયી સંત

ઈશ્વર સર્વત્ર-પ્લાસ્ટિક થેલી(ઝભલાં)માં પણ! સ્વામી ચિદાનંદજીનો ઈશ્વર મંદિર-મસ્જિદ કે ગીરજાઘરનાં દેવળો-ગુરુદ્વારામાં બંધાયેલો નથી. નિત્ય સત્ય, નિત્ય શુદ્ધ, નિત્ય બુદ્ધ અને મુક્ત ઈશ્વર છે, તે છેક જેમાં આપણે શાકભાજી કે ફળ ફળાદિ લઈ આવીએ છીએ તે પ્લાસ્ટિક થેલીઓ (ઝભલાં)માં પણ જાગ્રત છે.

મદ્રાસ (ચેન્નઈ)ના એગમોર રેલવે સ્ટેશનથી તિરુનાલવેલ્લી જવા માટે નેલૈઈ એક્સપ્રેસ દરરોજ સાંજે ઉપડે છે. તિરુનાલવેલ્લી જિલ્લાના પટ્ટામડાઈ ગામે જ સ્વામી શિવાનંદજી મહારાજનું પ્રાક્ટ્ય એટલે

સ્વામી શિવાનંદજીના શતાબ્દી વર્ષમાં પોતાના સદ્‌ગુરુદેવની જન્મભૂમિમાં કંઈક સેવા કરવી તેવા ભાવ સાથે ત્યાંના નિવાસીઓને જ પૂછ્યું હતું. સૌ સમ સ્વરે બોલ્યા હતા, ''ડૉ. કુપ્પુસ્વામી ડૉક્ટર હતા, તેથી હૉસ્પિટલ બનાવો.'' આમ સ્વામી શિવાનંદજીનાં જન્મ શતાબ્દી વર્ષ ૧૯૮૭ના વર્ષ પૂર્વેથી જ સ્વામી ચિદાનંદજી વારંવાર પટ્ટામડાઈ જતા.

એગમોર રેલવે સ્ટેશને સ્વામી ચિદાનંદજી, સ્વામી અધ્યાત્માનંદજી, બ્ર. રામસ્વરૂપજી અને બીજા ભક્તો પણ હતા. તે સમયે કોઈ એક ભક્ત ખાસ્સું મોટું ખૂબ પાકું પપૈયું સાધારણ પ્લાસ્ટિક થેલીમાં લઈને આવ્યો. કદાચ સાડા ત્રણથી ચાર કિલો વજન હશે. થેલી પણ મોટી હતી. પારદર્શક હતી. પપૈયું પણ ખૂબ સુંદર દેખાતું હતું. ખૂબ ભાવ અને પ્રેમથી સ્વામી ચિદાનંદજીને પગે લાગી, તે ભક્તે પપૈયું સ્વામી ચિદાનંદજીના હાથમાં આપ્યું. સ્વામીજીએ પપૈયાને ફેરવી-ફેરવીને જોયું - પપૈયાની પ્રશંસા કરી. પ્રભુનો ગુણાનુવાદ કર્યો. પ્રકૃતિ માતાને બિરદાવી. પછી બીજી વાતોએ વળગ્યા એટલે સ્વામી અધ્યાત્માનંદજીએ તેમના હાથમાંથી તે વજનદાર પપૈયું લઈ લીધું. જ્યારે ટ્રેન ઉપડવાનો સમય થયો ત્યારે સૌ ટ્રેનમાં ચઢ્યા. સ્વામી અધ્યાત્માનંદજીએ તે પપૈયું સ્વામી ચિદાનંદજીના સેવકના હાથમાં આપ્યું કે જેથી રાત્રે સ્વામીજીને તેનો વપરાશ થઈ શકે. સેવકે સ્વામીજીના કમ્પાર્ટમેન્ટમાં સામાન લટકાવવાની ખીલીમાં તે પ્લાસ્ટિકની થેલી લટકાવી. તેને જોતાં જ સ્વામીજીના મુખેથી અરેરાટી નીકળી ગઈ. એકદમ ત્વરાથી તેમણે તે પપૈયાંની પ્લાસ્ટિક થેલી ખીલીએથી ઉતારીને બેસવાની સીટ ઉપર મૂકી.

સ્વામીજીનો ચહેરો લાલ થઈ ગયેલો. જાણે ધ્રુજી ઊઠ્યા હોય! કોઈ નાનાં બાળકને કાનથી ટીંગાડે તો કેવું થાય? આ પ્લાસ્ટિકની થેલીમાં પપૈયું રાખ્યું ત્યાં સુધી તો બરાબર છે, પરંતુ તેને ટીંગાડવાનું? અરેરેરે!

સમગ્ર વિશ્વ સાથે એકત્વનો ભાવ કેળવી શકાય તો આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ પારદર્શિતા અને સંવેદના સંભવી શકે. ઈશ્વરને સર્વત્ર અનુભવાય તો કોઈની પણ વેદના આપણી સંવેદના બની શકે. અશક્ય નથી. સૂક્ષ્મમાં પ્રવેશ કરવો પડે. જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિમાં જાગૃતિ કેળવવી પડે.

## કુંભમેળામાં હરિજનપૂજા

સ્વામી ચિદાનંદજીનું શરીર માધ્વ પરિવારનું. શુદ્ધ સુસંસ્કૃત દાક્ષિણાત્ય બ્રાહ્મણ સંસ્કારમાં જન્મ અને ઉછેર. તેઓ જ્યારે નાના હતા ત્યારે શાળામાં એક હરિજન બાળક તેમનો મિત્ર હતો. બાળપણથી જ તેમના હૃદયની ઉદારતા અસીમ હતી.એક દિવસ તેઓ આ હરિજન બાળક-મિત્રને પોતાના ઘેર લઈ આવેલા. બાળકો ઘરમાં આવે એટલે નાસ્તો મળે જ તે સ્વાભાવિક છે, પરંતુ જ્યારે વડીલોને ખબર પડી કે આ હરિજન બાળક છે, તાત્કાલિક તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. ગૃહશુદ્ધિ પણ કરવામાં આવેલ.

પરંતુ પોતાના સહાધ્યાયીના આવા ઘોર અપમાનની છાપ ૯૦ વર્ષે પણ તેમના માનસપટ ઉપરથી ભૂંસાઈ નહોતી. તેનું પ્રાયશ્ચિત તેમણે તેનું શરીર જ્યાં સુધી સાથ આપતું રહ્યું ત્યાં સુધી કર્યું.

તેથી જ દર વર્ષે પૂજ્ય બાપુજીના જન્મદિવસ બીજી ઑક્ટોબરના દિવસે તેઓની આગેવાની હેઠળ આશ્રમના સૌ સંતો અને સાધકો હરિજન વસ્તીમાં જઈને ત્યાં ઝાડુ વગેરે કરી તેમનાં આંગણાં અને મહોલ્લાની સાફસફાઈ કરે, તેમને સૌને સ-પરિવાર રામધૂન સાથે શિવાનંદ આશ્રમમાં લઈ આવે, ત્યાં મંદિરની મોટી પરસાળમાં સૌનાં શ્રીચરણ વૈદિક મંત્રોચ્ચાર સાથે ધોવાય, તેમને તિલક, અક્ષત,

પુષ્પમાળા, વસ્ત્ર, દક્ષિણા અપાય. તેમને સૌને મિષ્ટાન્ન સાથે ભોજન પીરસવામાં આવે. જ્યારે તેઓ સૌ જમી રહે ત્યારે સ્વામી ચિદાનંદજી મહારાજ એક ખાલી પતરાવળુ લઈને જાય, બધાંનાં પતરાવળોમાં વધેલું-બચેલું ઉચ્છિષ્ટ અન્ન હોય તે માગી લાવે, તેમની પંક્તિમાં બેસીને ખાય. આવું તો છેલ્લાં ૭૫ વર્ષથી શિવાનંદ આશ્રમ, હૃષીકેશમાં થતું હતું, પરંતુ તેનો કોઈ પણ પ્રચાર કે પ્રસાર ક્યારેય પણ કરવામાં આવેલ નહીં. કારણ આ પૂજા પ્રચાર માટે નહીં, આચાર અને ભાવથી કરવામાં આવતી. આપણા કહેવાતા ભદ્ર સમાજ દ્વારા તરછોડાયેલાં આપણાં બંધુભગિનીઓને ફરીથી સન્માનપૂર્વક જીવનયાપન કરવા માટેની પ્રેરણાનું પુનિત ભાથું.

સ્વામી શિવાનંદ શતાબ્દીના ટાંકણે શિવાનંદ આશ્રમે હરિદ્વારના ૧૯૮૬ના કુંભમેળામાં ભાગ લીધો. કુંભમેળાની પ્રથા અને પરંપરા છે કે બધા મહામંડલેશ્વરો સમષ્ટિ ભંડારા કરે. સ્વામી ચિદાનંદજીએ પણ ભંડારો કર્યો. આખાયે મેળામાં જેટલા સફાઈ કર્મચારીઓ હતા તે સૌને શિવાનંદ આશ્રમની શિબિરમાં નિમંત્ર્યા. દ્વાર ઉપર જ સ્વામી ચિદાનંદજીએ સૌનાં ચરણો ધોયાં. તિલક, અક્ષત, પુષ્પમાળા, વસ્ત્ર, દક્ષિણા આપ્યાં અને પોતાની પરંપરા પ્રમાણે તેમનું ઉચ્છિષ્ટ તેમની પંક્તિમાં બેસીને ખાધું. આ બધું દૂરદર્શન અને સમાચારપત્રોમાં પ્રથમ પૃષ્ઠે વિશેષ ઉલ્લેખ સાથે ગાજયું. મહામંડલેશ્વરોની આ પરંપરા નથી. સાધુસમાજની તો નથી જ. તેથી તેમના અખાડામાં નક્કી થયું કે વૈશાખીના શાહીસ્નાનની શોભાયાત્રામાં શિવાનંદ આશ્રમને સામેલ કરવો નહીં. કુંભમેળા અધિકારીએ કહ્યું, ''જો શિવાનંદ આશ્રમને પ્રવેશ ન આપવાનો હોય તો શાહીના પ્રસ્થાનની અનુમતિ જ નહિ મળે.''

સ્વામી ચિદાનંદજી તો વિનય અને નમ્રતાના અવતાર હતા. તેઓ સૌની પાછળ ચાલ્યા. સ્વામી શિવાનંદજીના રથને ખેંચીને ચાલ્યા. જગતે એક સાચા સંતની સુવાસ માણી.

## ભૂકંપપીડિતોને-બીડી

૧૯૯૨ના દશેરાની ઢળતી રાત્રે ઉત્તરાખંડમાં ભયંકર ભૂકંપ આવેલો. વહેલી સવારના ૫.૩૦ વાગ્યે અમને જાણ થઈ હતી કે ભૂકંપની તારાજી ઉત્તર કાશીની આજુબાજુમાં હતી. સ્વામી અધ્યાત્માનંદજીના નેતૃત્વમાં બીજા ચાર સંતો સવારે ઉત્તર કાશી જવા રવાના થયેલા. ભૂકંપ મળસ્કે ૨.૫૫ કલાકે આવેલો. ઉત્તર કાશીની આગળ ગવાણા, નેતાલા, હીના વગેરે ગામોનાં ગામ ભાંગી પડેલાં. મરેલાં દબાયેલાં ને જીવતાં પણ દબાયાં. સ્વામી અધ્યાત્માનંદજીએ એક લિસ્ટ બનાવ્યું. ઘઉંના લોટથી આરંભ કરી, ચોખા, દાળ, હિંગ, જીરું, મીઠું, મરચું, હળદર, ખાવાનું તેલ, માચીસ, મીણબત્તી, ફાનસથી આરંભી પહેરવાનાં કપડાં, બધી જણસો રાખવા માટે પતરાંની મોટી પેટીઓ-ટ્રંક, ધાબળા, જાનવરો માટે ટીન શેડ ઊભું કરવાનાં પતરાં અને તારપોલીનના તંબુઓ વગેરે કશુંયે ખૂટતું નથી ને? તે બે-ચાર વાર વિચારી જોયું - નીચે નોંધ લખી. ''અત્યારે ઈશ્વર આપણી સમક્ષ ભૂકંપ પીડિતોના સ્વરૂપમાં આવ્યો છે, તેની સેવા કરવાની તેણે તક આપી છે, બધું યોગ્ય કરવું. અહીં જે સ્વયંસેવકો આવે તે પોતાની વ્યવસ્થા કે સુખ-સુગવડ ન ઈચ્છે તેવા જ આવે વગેરે...''

બીજે દિવસે સાંજે બે ટ્રક ભરીને સામાન અને એક બસ ભરીને આશ્રમના સંતો, સાધકો અને સ્વયંસેવકો આવી પહોંચ્યા. માલસામાનની જે યાદી મોકલાવેલી હતી તે કાગળ પણ પાછો આવ્યો હતો. સ્વામી ચિદાનંદજી મહારાજના દ્વારા 'ટીક માર્ક'

કરવામાં આવેલું તે દેખીતી રીતે જ ઊડીને આંખે વળગતું હતું. અંતે એક આઈટમ ઉમેરવામાં આવી હતી -'બે ટન બીડી.'

ગઢવાલીનો જીવ બીડી વગર ભલા કેમ જીવી શકે ? તમાકુ ખાવી, પીવી કે સુંઘવી તે વ્યસન છે, પરંતુ ગઢવાલીને માટે બીડી તો જીવાદોરી છે.

સ્વામી ચિદાનંદજીનો આત્મા વિશ્વાત્મા હતો. તેમનામાં રહેલી વૈશ્વિક ચેતના જીવ જડ હોય કે ચેતન, સૌનાં અંતરસ્તરને સ્પર્શીને રહેતી હતી ગઢવાલ ભૂકંપની તારાજીમાં રાહતસામગ્રીમાં બીડી આપવાની સેવા સ્વામી ચિદાનંદજીની મહત્ તત્ત્વમાં એકાત્મતાની પ્રતીતિ કરાવતી હતી. અને તેથી સંતો વીરલા હોય છે. સ્વામી ચિદાનંદજી અકલ્પ્ય સત્ત્વ અને અપ્રતિમ વિભૂતિ હતા. અતુલ્ય સંત હતા, સાચા સંત હતા.

## જીવમાં શિવ

ડૉક્ટર અધ્વર્યુસાહેબ ૧૯૫૨થી હૃષીકેશ જતા. તે દિવસોમાં આશ્રમ નાનો હતો. અંતેવાસીઓ પણ ઓછા હતા. આવતાં-જતાં તમામ યાત્રીઓ ગંગાપાર સ્વર્ગાશ્રમની પાછળ હિમાલયની ઉપત્યકા (નીચાણની જમીન)માં મણિકૂટ પર્વતોની કંદરામાં નીલકંઠ મહાદેવનાં દર્શને અચૂક જતા. અત્યારે તો છેક ત્યાં સુધી ૪૦ કિ.મી. લાંબો મોટર માર્ગ થઈ ગયો છે. જૂનો માર્ગ પહાડો વચ્ચે સાત કિલોમીટર લાંબો પગપાળા રસ્તો છે.

પૂજ્ય બાપુજી(ડૉ. અધ્વર્યુ)ની મંડળી ધીમે ધીમે મંથરગતિએ ચારેક કલાકે નીલકંઠ પહોંચી હશે.

નીલકંઠનો માર્ગ પહાડી, વાંકોચૂકો અને ઝાડી-ઝાંખર તથા કાંટાળો હતો. હવે કંઈક સુધર્યું છે. માર્ગે ચા-પાણી અને બિસ્કિટ-ભજિયાના ઢાબા પણ થયા છે. ઉપર ખુલ્લું નીલું આસમાની આકાશ, ચોપાસ ગીચ જંગલ, રીંછ, હાથી, અજગર અને વાંદરાઓનો પાર નહીં. ક્યારેક જંગલી ચિત્તાઓ પણ આકસ્મિક આક્રમણ કરી બેસે, પરંતુ નીલકંઠમાં પહોંચ્યા પછી પહાડમાંથી પડતા ઠંડા શીતળ જળનું સ્નાન ખૂબ જ પરિશ્રમ અને થાક દૂર કરનારું આહ્‌લાદક હોય છે.

ડૉ. અધ્વર્યુજીની મંડળીએ ત્યાં સ્નાન-ધ્યાન કરીને રસોઈ તૈયાર કરી. એક થાળી મહાદેવ અને બીજી મંદિરના મહંત માટે તૈયાર કરી. સ્વામી ચિદાનંદજી પણ સાથે આવેલા. તેમણે એક પતરાવળી તૈયાર કરાવડાવી. પછી બાપુજી પાસેથી એકસો રૂપિયાની એક નોટ લઈને-ભોજનની પતરાવળી લઈને એક ઝાડ નીચે એક ભાઈ એક પગે ઊભા હતા તેને જઈને આપી. તેને દંડવત્ પ્રણામ કર્યાં. પતરાવળીના છેડે દબાવીને દક્ષિણા પણ મૂકી. તેની પ્રદક્ષિણા કરી પછી ચૂપચાપ બધાંની સાથે આવીને બેસીને જમ્યા.

પાછળથી તેમણે ઘટસ્ફોટ કર્યો હતો. એક પગ ઉપર ઊભેલો માણસ હરિજન હતો. વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તે ઊઠીને નીલકંઠનું આખું પ્રાંગણ વાળીઝૂડીને સાફ કરતો હતો, પછી ઝરણામાં સ્નાન કરીને એક પગ ઉપર ઊભા કહીને 'ૐ નમઃ શિવાય' પંચાક્ષરી મંત્રનો જાપ કરતો હતો.

કાશીમાં શંકરાચાર્યજીનો રસ્તો એક હરિજને ચાંડાળરૂપે આવીને રોક્યો હતો. વેદાંત વિચાર કરતો તે જીવ ચાંડાળ હોઈ જ ન શકે. તે જીવમાં શિવ છે એવું સમજાતાં આદિ શંકરાચાર્યજીએ તેને દંડવત્ પ્રણામ કરતાં તેમણે પોતાના સાચા 'વિશ્વનાથ' રૂપનાં દર્શન આપ્યાં હતાં.

'જાતિ મત પૂછો, મત બોલો, મત સોચો'નો ઢોલ વગાડનાર સરકારીતંત્રનાં હૃદયમાં ક્યારેક કોઈક ખૂણે પણ આ દિવ્ય ચેતનાની સરવાણી ફૂટે તો વિશ્વપ્રેમ, સેવા, સદ્‌ભાવ, સન્માન, પરસ્પર-સમજણ વગેરે ઉપજી શકે છે. જગતમાં કંઈ પણ અસંભવ નથી, કારણ અસંભવમાં પણ સંભવ છે જ. જીવમાં શિવનાં દર્શન થશે જ.

## પશુ-પ્રેમ

સ્વામી ચિદાનંદજીને દરરોજ સાંજ ઢળે હૃષીકેશ લક્ષ્મણઝૂલા માર્ગે ચાલવા જવાનું ગમતું. એક દિવસે કોઈ ટ્રકની અડફેટે એક કૂતરું આવી ગયું. કમર કે પગ કંઈક ભાંગ્યું હશે. પણ ગમે તેમ હોય તે જ્યાં ફેંકાઈ ગયું ત્યાંથી તે હાલી-ચાલી શકે તેમ ન હતું. સ્વામીજીએ તેની ચારે તરફ પથરા ગોઠવ્યા કે જેથી બીજાં વાહનો તેને વધુ ઈજા ન પહોંચાડે. ત્યારબાદ સ્વામીજી બાપુજી (ડૉ. અધ્વર્યુસાહેબ)ની કુટીરમાં પધાર્યા. તે દિવસોમાં બાપુજી હૃષીકેશ હતા. કહ્યું, ''ચાલો, મારી સાથે, એક ઘાયલ દર્દીને જોવાનો છે.'' બાપુજીના વાહનમાં સૌ એકાદ માઈલ દૂર પેલા ઘવાયેલા કૂતરા પાસે આવ્યા.

બાપુજીએ કહ્યું, ''સ્વામીજી! હું આંખનો ડૉક્ટર છું અને પશુનો ડૉક્ટર તો નથી જ. આ કૂતરાને પશુ ચિકિત્સાલયમાં લઈ જવો જોઈએ. વળી, આવા રખડુ કૂતરાને કોઈ પશુ ચિકિત્સાલય પણ દાખલ નહીં કરે.''

આટલું સાંભળતાંની સાથે સ્વામી ચિદાનંદજી મહારાજે પોતાની ધોતીનો એક લાંબો છેડો ફાડી નાખ્યો. કૂતરાના ગળામાં બાંધીને કહે, 'હવે તો દાખલ કરશે ને? કહેજો, સ્વામી ચિદાનંદજીનો અંગત કૂતરો છે.'

પછી તો તે ઘવાયેલા જીવને પશુઓના સરકારી દવાખાને દાખલ કરવામાં આવ્યો. આશ્રમથી દરરોજ તેને માટે દૂધ, રોટલી જરૂરી દવાઓ વગેરે મોકલવામાં આવ્યાં. દર્દીનું નામ લખાવવામાં આવ્યું- 'બ્રહ્મ' અને સરનામું C/o સ્વામી ચિદાનંદ, સેવક, શિવાનંદ આશ્રમ, પો.ઓ. શિવાનંદનગર, પિન-૨૪૯૧૯૨ (ઉ.પ્ર.).

## પીડ પરાઈ જાણે રે...

સુરેન્દ્રનગર ખાતે નેત્રયજ્ઞ હતો. આયોજક દિવ્ય જીવન સંઘ હતું. પૂજ્ય બાપુજીના આગ્રહથી શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ પણ નેત્રયજ્ઞના ઉદ્‌ઘાટન માટે પધાર્યા હતા. ગુજરાત દિવ્ય જીવન સંઘના એક ટ્રસ્ટી અને મંત્રી પ્રાણલાલ મહેતાના સુપુત્ર શ્રી જનક મહેતાને ત્યાં સ્વામીજીનાં ચાપાણીની વ્યવસ્થા હતી.

ઘર પહેલે માળે હતું એટલે દાદરો ચઢીને જવું પડે તેમ હતું. ફળિયાંના એ દાદરાની નીચે કોઈ કૂતરીએ બચ્ચાં જણ્યાં હતાં. એટલે સ્વભાવ પ્રમાણે જતાં-આવતાં સૌ અજાણ્યા લોકોને તે ભસતી હતી. ચા-પાણી પૂરાં કરીને નેત્રયજ્ઞના ઉદ્‌ઘાટન માટે જતાં પૂર્વે સ્વામીજી પોતાની સાથે બિસ્કિટનું એક પૅકેટ લઈને આવ્યા. કૂતરી પાસે બેસીને તેને ખવડાવવાનો પ્રયત્ન કર્યો. બચ્ચાંઓ તો ક્યાંથી ખાય? પણ માતા ખાઈ શકે તો સારું, પરંતુ જે રીતે કૂતરી મોઢું ફેરવતી હતી તે જોઈને લાગ્યું કે તેને બિસ્કિટની વાસની ખબર પડે છે, પરંતુ તે જોઈ શકતી નથી.

અને કરુણાનો સ્રોત વહ્યો. સ્વામી ચિદાનંદજી મહારાજ બોલી ઊઠ્યા, ''ડૉક્ટરસાહેબ! ઉદ્‌ઘાટનમાં આ કૂતરીની આંખોનું ઑપરેશન થઈ શકે તો સારું!'' ડૉક્ટરસાહેબે કહ્યું, ''હું આંખનો ડૉક્ટર ખરો, પરંતુ પશુની આંખોનો નહીં.'' સ્વામીજીએ કહ્યું, 'આપણે ઑપરેશન ન કરી શકીએ પણ કરાવી તો શકીએ ને?''

સુરેન્દ્રનગરથી રાજકોટ, વીરનગર, ભાવનગર યાત્રા આગળ વધતી ગઈ. દરરોજ સવાર, બપોર અને સાંજ પેલી કૂતરીની આંખોનું ઑપરેશન થયું કે નહીં તેનું રટણ સ્વામીજી કરતા રહ્યા. આશ્રમ પહોંચ્યા પછી જ્યારે જાણ થઈ કે ઑપરેશન સફળ થયું છે, ત્યારે ઑપરેશનનો ખર્ચ અને ડૉક્ટરસાહેબ માટે પુસ્તકોનો જ્ઞાનયજ્ઞ પ્રસાદ તથા જાતે લખીને ચેક અને આભારપત્ર પણ મોકલવામાં આવ્યાં.

## બિલાડીની પ્રસૂતિ

ગુરુનિવાસમાંથી નીકળીને શિવાનંદ સ્વામીજીના સમાધિ મંદિરમાં જવું હોય તો શોર્ટ કટ એટલે શિવાનંદ ભવનમાં થઈને જવાનું અને ઘણાં વર્ષો સુધી સ્વામી ચિદાનંદજી મહારાજનો આ જ ક્રમ રહ્યો. એક દિવસ મેઈન રોડના દરવાજા પાસે નીચે એક બિલાડી ખૂબ જ વ્યથિત દેખાતી હતી. સ્વામી ચિદાનંદજી ત્યાંથી પસાર થતા હતા. વેદનાની અસહ્ય પીડા જેટલી બિલાડી અનુભવતી હશે તેટલી જ કંઈક વિશેષ કદાચ સ્વામીજીએ અનુભવી હશે. થોડી પળો તેઓ શાંતિથી ઊભા રહ્યા.

તે જ ભવનમાં ડૉ. દેવકી કુટ્ટી માતાજીની કુટીર પણ ખરી. કુટ્ટી માતાજી એટલે આશ્રમનાં ટ્રસ્ટી, સ્વામી શિવાનંદ મહારાજનાં શિષ્ય. લખનૌની સુપ્રસિદ્ધ કિંગ જ્યોર્જ મેડીકલ કૉલેજનાં સ્ત્રી-રોગો અને પ્રસૂતિ વિજ્ઞાનનાં વરિષ્ઠ વ્યાખ્યાતા અને ચિકિત્સક, ક્વીન મેરી હૉસ્પિટલનાં સુપરિટેન્ડેન્ટ અને ચીફ મેડિકલ ઑફિસર. સ્વામીજી તેમના બારણે ગયા. કૉલબેલ વગાડી સત્વરે તેમને પોતાની સાથે આવવાનું કહ્યું.

પેલી બિલાડીની વેદના સંભળાવી. કુટ્ટી માતાજીને કહ્યું, ''તેને પ્રસૂતિ આવે તેમ લાગે છે ને?'' કુટ્ટી માતાજી કહે, ''તો આપણે શું કરીએ ?'' સ્વામીજીએ કહ્યું, ''પ્રસૂતિ ચિકિત્સક તમે છો. મારા કરતાં તમે તેને વધુ મદદરૂપ થઈ શકો. માટે તો તમને તકલીફ આપી.''

કુટ્ટી માતાજી વિચારતાં રહ્યાં. જેણે ભૂ: ભુવ: અને સ્વ:ની **''સંન્યસ્તં મયા''**ની પ્રતિજ્ઞા કરી છે, તે વીતરાગીનું હૃદય એક તુચ્છ પશુની પ્રસૂતિની વેદનાથી પીડાઈ રહ્યું છે. અરે! ભગવાન! આમાંની એકાદ ટકા કરુણા પણ જો જગતના જીવોમાં હોત તો જગત શાંતિ, સેવા અને પરોપકારનું ધામ બનત.

તુલસીજી કહે છે કે, **''સંતહૃદય નવનીત સમાના''**, પરંતુ ખરેખર તેવું નથી. માખણ તો પોતે તપે તો દ્રવિત થાય, પરંતુ સંત તો કોઈ પણ કષ્ટ પામતું હોય તો દ્રવીભૂત થઈ જાય, તેનું સ્વામી ચિદાનંદજી સર્વોચ્ચ ઉદાહરણ છે. નરસિંહના 'વૈષ્ણવ' માટેના શબ્દો સાચા જ છે, **'જે પીડ પરાઈ જાણે રે...'**

## સત્યનું મૂર્તસ્વરૂપ

સરકારી ઉપકરણો, સાધન સુવિધા, સ્વચ્છતા બધું વધી જતાં હવે કુંભમેળામાં જવા-આવવાનું સરળ બન્યું છે. પહેલાં તેવું ન હતું. કુંભમેળાના ક્ષેત્રમાં પ્રવેશ કરતાં પૂર્વે કોલેરા, મેલેરિયા વગેરેનું ટ્રિપલ વેક્સિન લેવું જરૂરી હતું. આ ઈન્જેક્શન સરકારી દવાખાનામાં જ લીધેલું હોવું જોઈએ અને આ ઈન્જેક્શન લીધું છે તેનું પ્રમાણપત્ર પણ જેટલી વાર મેળા-પરિસરમાં બહારથી પ્રવેશ કરીએ તેટલી વાર દેખાડવું જરૂરી હતું. જો ન દેખાડી શકો તો ત્યાં જ તમને મોટી સોય ભોંકીને ઈન્જેક્શન આપી દેવામાં આવે. તેનો દુખાવો બે દિવસ ચાલે, એકાદ દિવસ તાવ પણ આવે. પરંતુ આ બધું યાત્રીઓનાં હિતમાં જ હતું.

૧૯૭૪ના કુંભ સમયે આશ્રમની ગાડી લઈને સ્વામી અધ્યાત્માનંદજી સ્વામી ચિદાનંદજી મહારાજને લેવા દહેરાદૂન ગયેલા. સ્વામીજી દિલ્હીથી દહેરાદૂન આવ્યા હતા. ડૉ. અધ્વર્યુ, ડૉ. કુટ્ટી પણ ગુજરાત-લખનૌથી દહેરાદૂન શ્રી કૌલસાહેબને ત્યાં આવેલાં. ટ્રસ્ટીઓની એક ખાસ મિટિંગનું આયોજન ત્યાં હતું.

સ્વામી અધ્યાત્માનંદજીએ ડૉ. કુટ્ટી માતાજીને કહ્યું કે, ''દહેરાદૂનમાં ટ્રિપલ વેક્સિન લઈને પ્રમાણપત્ર સાથે રાખવું જરૂરી પડશે, નહીં તો હૃષીકેશમાં પ્રવેશ કરતાં પૂર્વે ટોલટેક્સના ચુંગીનાકા ઉપર ઈન્જેક્શન લેવું જરૂરી થશે.'' સ્વામી અધ્યાત્માનંદજી અને આશ્રમના ડ્રાઈવર

ઓમપ્રકાશજીએ તો ઈન્જેક્શન લીધાં હતાં અને તેનાં પ્રમાણપત્ર પણ હતાં.

કુટ્ટી માતાજીએ પોતાના કિંગ જ્યોર્જ મેડિકલ કૉલેજ અને ક્વીન મેરી હૉસ્પિટલના લેટર-હેડ ઉપર ફટાફટ ત્રણ પ્રમાણપત્ર લખી નાંખ્યાં અને પોતાના પર્સમાં રાખ્યાં કે જેથી કોઈ માગે તો દેખાડી શકાય.

હૃષીકેશ ચુંગી ઉપર ગાડી રોકવામાં આવી. આશ્રમની કાર, આશ્રમનો ઝંડો, સંતો બેઠેલા, તેથી પેલા માણસે થોડું નરમાઈથી પૂછ્યું, ''ટીકા લિયા હૈ, પરચી હૈ?'' ટીકા એટલે ઈન્જેક્શન અને પરચી એટલે તે લીધાનું પ્રમાણપત્ર કે સર્ટિફિકેટ. સત્વરે જ ડૉ.કુટ્ટી બોલ્યા, ''હમ લખનઉ કા ડૉક્ટર હૈ, દેખો પરચી હૈ...'' સ્વામી અધ્યાત્માનંદજી અને ડ્રાઈવર ઓમપ્રકાશે પણ પોતાની પરચીઓ દેખાડી. પેલા ભાઈ કહે, ''ઠીક હૈ, ઠીક હૈ જાઓ'' જેવી ડ્રાઈવર ગાડી ચલાવવા લાગ્યા ત્યારે એકાએક સ્વામી ચિદાનંદજી બોલી ઊઠ્યા, ''ઓજી! પરચી તો હૈ... મગર હમ તીન લોગોં ને ટીકા નહીં લિયા હૈ''. કુટ્ટી માતાજીનું મોઢું તો કાળું ધબ્બ થઈ ગયું. કાપો તો લોહી ન નીકળે તેવી અવસ્થા પણ પેલો સરકારી માણસ કહે, ''ઠીક હૈ મહારાજ, આપ લોગ જાઈએ. પરચી હોના હી કાફી હૈ..''

ગાડી ચાલી. કુટ્ટી માતાજી અકળાયેલાં હતાં. સ્વામીજીને કહે, ''સ્વામીજી! પેલો પરચી માગે છે, આપણે પરચી દેખાડી, હમને ટીકા નહીં લિયા હૈ, તેવું કહેવાની જરૂર શી હતી? હું સરકારી ડૉક્ટર છું, ખોટી પરચી લખવાના સંબંધે મને જેલ પણ થઈ શકે.''

સ્વામીજી ખૂબ જ સરળતાથી બોલ્યા, ''માતાજી હમ સાધુ હૈ, હમારા કર્તવ્ય સંપૂર્ણ સત્ય કા પાલન કરના હૈ, સો કિયા.'' મણીકૂટ પર્વતોની કંદરા અને હિમાલયની તળેટીમાં ઊભા આકાશને આંબતી વનરાજી વચ્ચેથી વહેતો શીળો શીતળ વાયુ **'ઋતં વદામિ સત્યં વદામિ'**નો વૈદિક મંત્રોચ્ચાર કરી રહ્યો હતો. સ્વામી ચિદાનંદજીનું હૃદય પ્રશાંત શાંતિથી પરિતૃપ્ત હતું, ડૉ. કુટ્ટીને કશું ખોટું કર્યાનો પશ્ચાત્તાપ હતો, પરંતુ અંતે તો બંને સંપૂર્ણ સત્યને ઓવારે જ ઊભાં હતાં. સત્યનું પાલન પણ સત્ય અને સત્યનું પાલન નહીં કર્યાનો પશ્ચાત્તાપ બંને સંપૂર્ણ સત્ય જ છે ને!!!

## મહત્ ચૈતન્યની એકાત્મતા

ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજનાં અનેક શિષ્યરત્નોમાં હરિદ્વાર ખાતે સચ્ચિદાનંદ સત્સંગ ભવનનાં સંસ્થાપિકા પૂજ્યા સ્વામિની ઓમપ્રેમાનંદમાતાજી પણ એક હતાં. ઊંચું શરીર, લલાટે ત્રિપુંડ-ભસ્મ, મુંડન કરેલું- ચળકાટ કરતું લલાટ અને કંઠમાં સુવર્ણમંડિત રુદ્રાક્ષની માળા ધારણ કરેલો દેહ, ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની જ દિવ્ય પ્રતિકૃતિ સમાન દેદીપ્યમાન દર્શન હતું.

ઓમપ્રેમાનંદમાતાજીની બહુ ઈચ્છા કે ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ તેમના ત્યાં એક વાર શાંતિથી પધારે. તેઓએ આ વાત શ્રી ઉછરંગરાય સ્વાદિયાજીને વારંવાર કરેલી અને એક દિવસ પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ, શ્રી સ્વાદિયાજી અને સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ હરિદ્વાર સચ્ચિદાનંદ ભવન ખાતે પધાર્યા.

સાંજના ચાર વાગ્યે શિવાનંદ આશ્રમથી રવાના થયા ત્યારે વરસાદ ખૂબ પડ્યો હતો. ઉપરવાસમાં તળાવ ફાટ્યાના સમાચાર હતા. શિવાનંદ આશ્રમમાં શ્રી ગુરુદેવ કુટીર અને ગુરુનિવાસના નીચેના ભાગમાં પાણી આવી ગયું હતું, પરંતુ આવું તો દર વર્ષે એક-બે વખત થતું જ. તેથી કંઈ નવાઈની વાત ન હતી.

પૂજ્યા ઓમપ્રેમાનંદમાતાજીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની ષોડષોપચાર પૂજા કરી. કમળનો એક હાર પહેરાવ્યો. એક કમળ સ્વામીજીના

મસ્તક પર મૂક્યું. પૂજા પૂરી થયા બાદ માથા ઉપર મૂકેલા કમળને સ્વામીજીએ સ્વામી અધ્યાત્માનંદજીના હાથમાં આપ્યું અને કહ્યું, ''નીચે મૂકશો નહીં.'' ત્યાર બાદ સૌ હૃષીકેશ પાછા આવવા રવાના થયા. હૃષીકેશ આવતાં સુધી તો સમાચાર આવ્યા કે હૃષીકેશના નીચાણવાળા ભાગને ક્લેક્ટર ખાલી કરાવે છે.

ગુરુનિવાસમાં આવતાં જ સ્વામી ચિદાનંદજીએ સ્વામી અધ્યાત્માનંદજીના હાથમાંનું કમળ માગ્યું અને ગુરુનિવાસની અગાસીમાં જઈને ગંગાજીમાં આવતા ઘોડાપૂરમાં પધરાવતાં કહ્યું, ''ઓજી ! બસ કરો !'' અને પછી સૌ રાત્રિ સત્સંગમાં ગયા. દોઢેક કલાક પછી સત્સંગમાંથી પાછા ફર્યા ત્યારે ગંગાજીનું જળ વીસેક ફૂટ જેટલું નીચે ચાલ્યું ગયું હતું.

પરમાત્માની આરાધના કરતાં સાધક પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ સાથે તાદાત્મ્ય કરે છે તેનું આ મહત્ દર્શન હતું.

આવી જ એક ઘટના ચંડીગઢ દિવ્ય જીવન સંઘ દ્વારા આયોજિત સાધના શિબિર સમયે થઈ. એવું નક્કી કરવામાં આવેલું કે સૌએ સુખના તળાવની પાછળ જંગલના એકાંતમાં તંબુઓમાં રહેવાનું. બધું બરોબર હતું, પરંતુ આકસ્મિક ભયંકર વાવાઝોડાં અને ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો, જ્યારે બારેય મેઘ ખાંગા થયા, આકાશે કરોડ પગે તાંડવ કર્યું, મૃત્યુ અને પ્રલયનો અભિનય કેમ જાણે ન હોય?

હૃષીકેશની અવસ્થા પણ કંઈ સારી ન હતી. સવારે પ્રસ્થાન કરવું કે નહીં તે પૂછવા માટે પૂજ્યશ્રી સ્વામી દેવાનંદજી મહારાજ અને સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ગુરુનિવાસ આવેલા ત્યારે ચંડીગઢ દિવ્ય જીવન સંઘના તત્કાલીન પ્રમુખશ્રી તિરથરામ શર્માજીનો પત્ર લઈ એક સાધક ગુરુનિવાસ આવી પહોંચ્યા.

પત્ર ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના હાથમાં આપ્યો હતો, તેમાં લખ્યું હતું, ''આકાશવાણી, વાહનવ્યવહાર અને ઈલેક્ટ્રિક સપ્લાય બંધ છે. વરસાદ અને તોફાન ચાલુ જ છે. બધા તંબુ પડી ગયા છે, પરંતુ આપશ્રીએ ચંડીગઢ આવવાનું જ છે. અમે ક્યાં રામ-કૃષ્ણ કે મહાદેવને જોયા છે. ગુરુદેવ ! આપ જ અમારા માટે સર્વસ્વ છો. માટે આ આંધી-તોફાન, વરસાદને રોકો, આપશ્રી ચંડીગઢ પધારો. સાધના શિબિર ખૂબ જ આનંદપૂર્વક થવી જ જોઈએ.''

આ પત્ર હાથમાં પકડીને સ્વામી ચિદાનંદજી મહારાજ ગુરુનિવાસની લોબી-બાલ્કનીમાં ગયા અને બોલ્યા, ''હે ઈન્દ્રદેવ ! આ પત્ર આપના માટે જ છે. ભક્તોની શ્રદ્ધા વધે, હરિનામ તેમના હૈયે પ્રકાશ કરે માટે ખમૈયા કરો.''

સવારે વરસાદ બંધ થઈ ગયો હતો. મુક્ટીફાટ તડકો નીકળ્યો હતો. સૌ ચંડીગઢ આવ્યાં. ઈંટો ઉપર પગ મૂકીને ચાલવું પડે તેવી પરિસ્થિતિ હતી. સાધના શિબિરમાં ચારસોથી વધુ સાધકોએ ભાગ લીધો. પંજાબના રાજ્યપાલશ્રી જયસુખલાલ હાથીજી અને હરિયાણાના રાજ્યપાલશ્રી તપાસેજી સવારથી સાંજ સુધી દરરોજ એક પ્રામાણિક સાધકની જેમ હાજર રહ્યા હતા.

સાધના શિબિર પછી સ્વામી ચિદાનંદજીનું મંડળ અંબાલા, કુરુક્ષેત્ર થઈને રાત્રિના બારેક વાગ્યે શિવાનંદ આશ્રમ પહોંચ્યું, પછી ફરીથી રોકાયેલો વરસાદ મન મૂકીને બે-ચાર દિવસ વરસ્યો.

સાંભળ્યું હતું, ઈશ્વર ભણી આપણે એકાદ ડગલું ભરીએ તો ઈશ્વર દશેક ડગલાં આપણા ભણી આવે છે. આજે આ અનુભૂતિ થઈ અને પછી તો આવી અનુભૂતિઓની વણજાર ચાલ્યા જ કરે છે.

## સેવકની સેવા

બ્ર. રામસ્વરૂપજી સ્વામી ચિદાનંદજીના સેવક. કોઈ ગુરુનિવાસના બારણે આવે તો સેવક દ્વાર ખોલે, પરંતુ બધો વખત આવું ન પણ થાય. ક્યારેક બપોરે બે-અઢી વાગ્યે થાકીને રામસ્વરૂપ ગાઢ નિદ્રામાં પોઢ્યા હોય અને બારણે ઘંટી વાગે તો સ્વામી ચિદાનંદજી મહારાજ જાતે બારણું ખોલે, આગંતુક મોટા ભાગે તો હેબતાઈ જ જાય. પરંતુ સ્વામીજી શાંતિથી પૂછે, ''હા જી, કોનું કામ છે?'' જવાબ મળે, ''રામસ્વરૂપજીનું.'' ''રામસ્વરૂપજી અત્યારે આરામમાં છે, ચારેક વાગ્યા પછી આવજો હોં!'' અને તેનું નામ પૂછે, તેને જ્ઞાનયજ્ઞનો પ્રસાદ આપે, ફળ-બિસ્કિટ વગેરે આપે. ક્યાંથી આવો છો વગેરે ખબર-અંતર પૂછે, લાંબેથી આવ્યો હોય તો પાણી લાવીને પણ પાય!

એક વાર સુંદરલાલ બહુગુણા (ચીપકોવાળા) સ્વામી ચિદાનંદજીને ગઢવાલ-પૌડી-કુમાઉંની યાત્રામાં લઈ ગયા. ન કંઈ રહેવા, ખાવા-પીવાની વ્યવસ્થા કે કંઈ પૂરો પ્રચાર-પહાડોમાં તો ચાલવું પણ બહુ પડે. સ્વામીજી તો સહનશીલતા અને તિતિક્ષાની મૂર્તિ. કંઈ પણ સગવડ-અગવડનો હરફ માત્ર ઉચ્ચારવાનો નહીં, તે તેમનો સ્વભાવ, પરંતુ અનિયમિત અને ખૂબ જ કઠિન યાત્રામાં સુંદરલાલ બહુગુણા પોતે જ બીમાર પડી ગયા.

સ્વામી ચિદાનંદજીને મન તો ચૈતન્ય મહાપ્રભુ એક મહાન આદર્શ છે. **'તણખલાથી પણ વધુ વિનમ્ર હળવા થઈને રહીએ. વૃક્ષથી પણ વધુ સહનશીલ.** જેને માન આપવાની જરૂર નથી, જે માન-સન્માનને યોગ્ય નથી તેને પણ માન આપવું અને આ બધું પ્રભુસેવા છે તે જાણીને જ કરવું, હરિઃસ્મરણમાં સદા રહેવું'. સ્વામી ચિદાનંદજી મહારાજે જ્યાં સુધી સુંદરલાલજી સાજા ન થયા ત્યાં સુધી યાત્રા સ્થગિત કરી, તેમના હાથ-પગ દબાવ્યા, તેમના માથે ઠંડા પાણીનાં પોતાં મૂક્યાં.

એક દિવસ સ્વામી ચિદાનંદજીના સેવક આકસ્મિક જ સ્વામીજીના રૂમમાં આવ્યા. જોયું તો હેબતાઈ જ ગયા. ગુરુનિવાસમાં છપ્પનસિંગ નામના એક ગઢવાલી વૃદ્ધ સેવક હતા. તે રસોઈ બનાવવાનું, આશ્રમની અન્નપૂર્ણામાંથી દૂધ, ફળ, શાકભાજી લાવવાનું કે વાસણ વગેરે સાફ કરવાનું કામ કરતા. સ્વામી ચિદાનંદજીએ તેને એક-બે દિવસ લંગડાતા ચાલતા જોયેલ. બપોરે શાંત પહોરે તેને બોલાવીને બેસાડીને તેનો પગ ખોળામાં લીધો. જોયું-તપાસ્યું કે શું પરિસ્થિતિ છે. પછી પોતાના રૂમમાંથી સ્પિરિટ, રૂ, પાટો, બેન્ડ-એઈડ, બોરીક પાઉડર, ઘા ઉપર લગાડવાની દવા વગેરે લઈ આવ્યા. પાકી ગયેલા ભાગને નસ્તર મૂકી ચીરી નાખ્યો. સ્પિરિટથી બધું સારી રીતે સાફ કર્યું અને પાટો બાંધી આપ્યો, આ બધું સેવક છપ્પનસીંગનો પગ પોતાના ખોળામાં રાખીને.

સ્વામીજીને મન સેવા એ જ જીવનધર્મ, પછી તે સેવકની ભલેને હોય ને!

## જાતમહેનતનું દાન

તિરુપતિ બાલાજીની પરંપરા છે કે જે લોકો ત્યાં દર્શન માટે જાય તે સૌ ત્યાંની હૂંડી (દાનપાત્ર)માં દાન અવશ્ય કરે. ત્યાંનું દાનપાત્ર એક મોટા ગરણા આકારનું કપડું (ઊંધો તંબુ લટકાવ્યો હોય તેવું) બાંધેલું હોય તેમાં દાન નાખો એ બધું નીચે વિશાળ ઓરડામાં પડે. ત્યાં આખોયે દિવસ અને રાત દાનની રકમ ગણવાવાળા લોકો હોય જ છે. લોકો સોનું-રૂપું, હીરાનાં ઘરેણાં વગેરે ખૂબ જ પ્રેમ અને ભાવથી ત્યાં ચઢાવી (નાખી) આવતા હોય છે. હજુ ૨૦૦૩ના વર્ષમાં એક અરબ રૂપિયા (એક ટ્રિલિયન ડોલર)નો ચેક કોઈ અમેરિકા નિવાસી ભક્ત તેમાં નાખી ગયો હતો. આ ચેક સાચો છે કે ખોટો તેની અમેરિકામાં તપાસ કરાવવામાં આવી હતી. છાપાંમાં આ બધા સમાચાર વિશિષ્ટ ઉલ્લેખ સાથે છપાયા હતા.

જ્યારે સ્વામી ચિદાનંદજી ૭૫ વર્ષ પૂર્વે

ગૃહત્યાગ કરીને હૃષીકેશ આવેલા ત્યારે હૃષીકેશ આવતાં પૂર્વે તેઓ તિરુપતિ થઈને આવેલા. તિરુપતિમાં બાંધકામ બારેય મહિના ચાલ્યા જ કરે. ત્યાં જઈને કોન્ટ્રાક્ટર પાસે એકાદ-બે દિવસ પોતાને મજૂર તરીકે રાખવા શ્રીધરરાવે (શ્રીધર રાવ સ્વામી ચિદાનંદજીનું પૂર્વાશ્રમનું નામ હતું.) જ્યારે પૂછ્યું ત્યારે પહેલાં તો તેણે ના જ પાડી. જોયું કે ઉમરાવ ઘરનો નબીરો, માથા પર મણિ મૂક્યો હોય તેવું ચળકાટ કરતું વિશાળ ભાલ-લલાટ એ વળી મજૂરી શું કરશે? પરંતુ પછી જ્યારે જાણ્યું કે તે પોતાની કમાણી કરીને જ તિરુપતિ બાલાજીની હૂંડીમાં દાન નાખવા માગે છે ત્યારે તેણે ખૂબ જ ખુશીથી આવકાર્યો અને આવો નબીરો પોતાને ત્યાં મજૂરી કરે છે તેનું ગૌરવ પણ અનુભવ્યું.

શ્રવણબેલગોલા ખાતે મહાકુંભાભિષેકમ્‌નો મહાન કાર્યક્રમ હતો. તેના અતિથિવિશેષ સ્વામી ચિદાનંદજી હતા. સ્વામીજી કોઈને પણ પૂર્વ સૂચના આપ્યા વગર ત્રણ દિવસ પહેલાં ત્યાં ગયા, તિરુપતિ બાલાજીમાં શ્રમ કર્યો ત્યારે તેઓ માત્ર ૨૯ વર્ષના હતા, જ્યારે શ્રવણબેલગોલામાં શ્રમદાન કર્યું ત્યારે તેમની વય ૭૦ વટાવી ચૂકી હતી. ઉંમર વધતી ગઈ તેમ વિનમ્રતા અને સેવાનો સ્વભાવ વધુ સુદૃઢ થતો ગયો.

મંદિરો કે ધર્મસ્થાનોમાં સેવા કરવાનું તો સમજાય તેવું છે, પરંતુ એક દિવસ સ્વામી ચિદાનંદજી મહારાજ ડૉ. કુટ્ટી માતાજી, સ્વામી અધ્યાત્માનંદજી અને સ્વામી સાકેતાનંદજી હરિદ્વારથી દિલ્હી રાતની ટ્રેન-મસૂરી એક્સપ્રેસમાં જતા હતા. સ્વામી અધ્યાત્માનંદજીને તો આપણે સૌ ઓળખીએ છીએ, તેઓ તેમના યોગવર્ગમાં અને તેમના દૂરદર્શનના કાર્યક્રમોમાં પણ વિનોદ આનંદ સાથે સદા કહેતા જ હોય છે કે, 'પહેલું સુખ તે ઝાડે ફર્યા.' તે સવારના ૩-૩૦ વાગ્યે શૌચાદિ નિત્યકર્મ કરવા ઊઠ્યા તો ડૉ. કુટ્ટી માતાજી ધ્યાન કરતાં બેઠાં હતાં. તેમણે સ્વામી અધ્યાત્માનંદજીને કહ્યું : 'સ્વામીજી! ડાબી તરફ ન જશો. જમણે જજો. ડાબી તરફનું જાજરૂ કોઈ ઊંધું બેસીને બગાડી ગયું છે. સવારના પહોરમાં ગંદકીમાં વળી ક્યાં મોં નાંખવું?''

ડૉ. કુટ્ટીને આવું બોલતાં સાંભળીને પોતાની સીટ ઉપર માથે ઓઢીને સૂતાં સૂતાં જ સ્વામી ચિદાનંદજી બોલ્યા, ''અધ્યાતમ! ડાબે-જમણે જ્યાં જવું હોય ત્યાં જજો. રાત્રે સૂતાં પહેલાં જ બંને તરફનાં જાજરૂ સાફ કરીને જ દાસ સૂતો છે.''

ઉચ્ચસ્તરીયના વર્ગોમાં આવી ગંદકી ન થાય અને થઈ હોય તો તેને સાફ કરાવવાનું કર્તવ્ય જે તે કમ્પાર્ટમેન્ટના એટેન્ડેન્ટનું હોય છે. પરંતુ રાત્રે અગિયાર વાગ્યે હરિદ્વારથી ટ્રેન ઉપડ્યા પછી અડધી રાત્રે વળી કોણ સફાઈ કરે! દિવસ હોય તો જ જ્યાં પાણી ભરવાનું હોય તે જ સ્ટેશન પર આવા સફાઈ કર્મચારીઓ સેવાર્થે હાજર રહેતા હોય છે. બાકી બધું ઠીક!

સ્વામી ચિદાનંદજી માધ્વ સંપ્રદાયમાંથી આવ્યા-દોમદોમ સાહ્યબીમાં ઊછર્યા. પરંતુ ચેલા તો સ્વામી શિવાનંદજીના થયા હતા ને! ગુરુ મહાન હતા. સ્વામી શિવાનંદજી સદા સેવાનંદ અને GIVANANDAના નામે ઓળખાયા છે. એવા આંબે ભલા જમરૂખ કેમ બાઝે?

સ્વામી ચિદાનંદજીનો પ્રત્યેક શ્વાસ સેવાનિરત છે. જીવમાત્રની, જાણ્યા-અજાણ્યાની સદા, સર્વત્ર સેવા કરવામાં જ તેઓએ પોતાની સાધુતા જાણી છે, માણી છે અને જીવેલી છે. માટે જ સંતો કહે છે કે સેવા અને પ્રભુ-સ્મરણમાં જીવાય, તેટલું સાચું જીવન અને શેષ બધું મરણ.

# ઉદારચરિતાનામ્ તુ વસુધૈવ કુટુંબકમ્

કોટા રાજસ્થાનથી સ્વામી ચિદાનંદજી મહારાજ હૃષીકેશ પાછા ફરતા હતા. સાથે સ્વામી પ્રેમાનંદજી, સ્વામી અધ્યાત્માનંદજી, બ્રહ્મચારી રામસ્વરૂપજી પણ હતા. દહેરાદૂન એક્સપ્રેસ સવારે દિલ્હી આવી પહોંચ્યો ત્યાં ભક્તોનું મોટું મંડળ સ્વામી ચિદાનંદજીના દર્શનાર્થે આવ્યું હતું, તેમાં પરદેશના ભક્તો પણ હતા.આજકાલ તો ભારતમાં પરદેશનું બધું જ મળે છે, પરંતુ ૪૦ વર્ષ પહેલાં સ્વીસ-જર્મન ચોકલેટોનો મોટો ક્રેઝ હતો.

તે પરદેશી ભક્તોએ ચૉકલેટના ખાસ્સા મોટા ત્રણ બાર સ્વામી ચિદાનંદજીના હાથમાં આપ્યા. તે સ્વામીજીએ સ્વામી અધ્યાત્માનંદજીના હાથમાં આપ્યા. સ્વામી અધ્યાત્માનંદજીએ તેને સંભાળીને કંપાર્ટમેન્ટમાં મૂક્યા. ટ્રેન દિલ્હીથી હરિદ્વાર ભણી જતાં, આકસ્મિક કોઈ બાંધકામના કારણે રસ્તામાં ખાસ્સો સમય રોકાઈ.

બાંધકામ રેલવે લાઈન પર હતું. મજૂરો કામમાં લાગેલા હતા. ત્યાં એક પાઈપલાઈન તૂટી ગઈ હતી, તેમાંથી પાણીનો ફુવારો ઊડતો હતો. પાણી નકામું વહી રહ્યું હતું. પરંતુ મજૂરોનાં બાળકોને મન આ તૂટેલ પાઈપમાંથી ઊડતું પાણી આનંદનું એક સાધન હતું. તેઓ આનંદ-કિલ્લોલ કરતાં છબછબિયાં કરતાં નાહી રહ્યાં હતાં.

ત્યાં સ્વામી ચિદાનંદજીએ અધ્યાત્માનંદજીને કહ્યું, ‘‘પેલી ચોકલેટો ક્યાં છે?’’ ચોકલેટ છાજલી કે અભરાઈ ઉપર સાચવીને રાખેલી. સ્વામીજી કહે, ‘‘નીચે ઊતારો. પેલાં બાળકો જે પાણીમાં રમી રહ્યાં છે તેમને બોલાવશો નહીં. જાતે ત્યાં જાઓ અને તેમના ત્રણેયના હાથમાં એક ચૉકલેટ બાર આપજો. જ્યારે તેઓ ચૉકલેટ હાથમાં લે ત્યારે તેમની આંખો નિહાળજો, તેમાં શું દેખાયું, તે કહેજો.’’

રિપેર થતી રેલવે લાઈન પાસે સવારના કૂણા તડકે તૂટેલી પાઈપમાંથી ઊડતા ફુવારામાં મેઘધનુષ રચાયું હતું. નાગાંપૂગાં આનંદ-કિલ્લોલ કરતાં નિર્દોષ બાળકોના હાથમાં ચૉકલેટનો આટલો મોટો બાર આવતાં તેમની આંખો પહોળી થઈ ગઈ. હરણ જેવી વિશાળ આંખોમાં જાણે ચમકારો થયો.

**‘વીજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ’ની** યાદ આવી. કાળી ઘટાટોપ મેઘસભર વાદળીઓ વચ્ચે વીજળીનો ચમકાર જાણે કે મા યશોદાના પાલવમાં મોં સંતાડતો બાલકૃષ્ણ અને તેના શ્યામમુખમાં ચળકતી દંતપંક્તિઓ...આ બધું આકસ્મિક દેખાયું. ઈશ્વરને જોયો ન હતો, પરંતુ ઈશ્વરની ઝલક એ પ્રત્યેક બાળકના પ્રસન્ન વદનમાં થઈ. સ્વામી અધ્યાત્માનંદજી પાછા આવ્યા. ટ્રેન તો થોડી વારે હરિદ્વાર તરફ ચાલી, પરંતુ સ્વામી ચિદાનંદજીએ અધ્યાત્માનંદજીને હરિના દ્વારે ઊભા કરી જ દીધા હતા.

શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે વિશ્વનાથ મંદિરની સ્થાપના માટે સ્વામી ચિદાનંદજી મહારાજ અમદાવાદ પધાર્યા હતા. ઉનાળાની વહેલી સવાર ખૂબ જ આહ્‌લાદક હોય છે. આકરા ઉનાળામાં અકળાયેલા મોરલાઓના ટેહૂક ટેહૂક નિનાદ ટહુકારથી સમગ્ર શિવાનંદ આશ્રમનું પ્રાંગણ મુખરિત થઈ જાય તે વેળા સ્વામી ચિદાનંદજી મહારાજ આશ્રમની લટાર મારવા નીકળ્યા, અધ્યાત્માનંદજી તો સાથે હોય જ. એમણે મોટા સ્વામીજીને કહ્યું, ‘‘સ્વામીજી! આ અમારો માળી, માંદો જ રહે છે, શરીર પીળું પડી ગયું છે. મેડિકલ તપાસ બધી કરાવી પણ ફીક્કો જ પડતો જાય છે...!!!

બગીચાની પોતાની લટાર પૂરી કરીને સ્વામીજી પોતાની દિનચર્યામાં વળગ્યા. બપોરે ભોજન પછી રસોડામાં આવીને બેઠા. દૂધની થેલીઓનો શો ભાવ છે? એક થેલીમાં કેટલું દૂધ આવે? બે ગ્લાસ દૂધ એક થેલીમાંથી ભરાય? દરરોજ બે ગ્લાસ લેખે મહિનામાં કેટલું દૂધ જોઈએ? એટલે કે કેટલી કોથળી દૂધ ખરીદવું પડે? બધું સમજીને દરરોજના બે ગ્લાસ લેખે ત્રણ મહિનાના દૂધના પૈસા અને બે કિલો અમેરિકન બદામ તેમણે સ્વામી અધ્યાત્માનંદજીના હાથમાં મૂક્યાં. કહ્યું, ‘‘દરરોજ સાત-આઠ દાણા

બદામના પાણીમાં પલાળવાના. સવારે તેને ચંદન ઘસીએ તે પ્રમાણે ઓરસિયે ઘસી નાખવાના. આમ, આ તૈયાર થયેલ બદામની 'પેસ્ટ'ની સાથે થોડું મલાઈ-મીસરી મેળવી હૂંફાળા દૂધ સાથે પેલા માળીને દરરોજ ખવડાવવાનું. ત્રણ મહિનાના અંતે માળીનો ચહેરો પ્રકાશમય થઈ ગયો. આવશ્યક પથ્ય અને પૂરતો ખોરાક સંતકૃપા સાથે મળ્યો. સ્વકીય જીવન ધન્ય કર્યું.

સ્વામી ચિદાનંદજીના પ્રત્યેક શ્વાસ **''પરોપકારાય સતાં વિભૂતયઃ'**ની સાર્થકતા જ કરે છે, કારણ કે **ઉદારચરિતાનામ્ તુ વસુધૈવ કુટુંબકમ્.**

## મન અભિમાન ન આણે રે...

૧૪, જાટ રેજિમેન્ટ બરેલીના કમાન્ડર બ્રિગેડિયર શ્રી લક્ષ્મીનારાયણ સબરવાલ સ્વામી ચિદાનંદજીના અનન્ય ભક્ત. તેમની રેજિમેન્ટમાં કલર પ્રેઝન્ટેશનનો કાર્યક્રમ હતો. ભારતના રાષ્ટ્રપતિ શ્રી આર. વૈંકટરમણજી પધારવાના હતા. બ્રિગેડિયરની ભક્તિ અદ્‌ભુત હતી. તેમણે શિવાનંદ આશ્રમના પ્રેસિડેન્ટ સ્વામી ચિદાનંદજી અને ભારતના પ્રેસિડેન્ટ શ્રી આર. વૈંકટરમણજીને એકસાથે એક મંચ પર આ મહત્ કાર્યક્રમમાં નિમંત્ર્યા.

આર્મીના એક અધિકારીને કહ્યું, 'તમે દહેરાદૂનથી હાવરા એક્સપ્રેસમાં 'કૂપે'માં બેસીને આવો. (ઉત્તરપ્રદેશના આ ભાગોમાં મોટા ભાગે કૂપે રેલવે અધિકારીઓ જ વાપરતા હોય છે, યાત્રીઓને ભાગ્યે જ મળતા હોય છે. તેથી ઉપરોક્ત નિર્ણય લેવામાં આવેલો). તે અધિકારી કૂપેમાં બેસીને હરિદ્વાર સુધી આવ્યા. હરિદ્વાર સ્ટેશને ટ્રેન ઊભી રહી ત્યારે તે ડબો દૂર સ્ટેશનના ઉપર બાંધેલ છાપરાની બહાર છેક આવ્યો. વરસાદ પણ પડતો હતો. તેથી સ્વામીજી તેમના ભક્તમંડળ સાથે છાપરા નીચે જ ઊભા હતા. ટ્રેન ઊભી રહી. આર્મી અધિકારી કૂપેમાંથી બહાર આવ્યા. સ્વામીજીને કહ્યું, ''ચાલો, ત્યાં દૂર ડબામાં આપનું આરક્ષણ છે.'' પૂ. સ્વામીજી અને તેમનાં દર્શને તથા તેમને વિદાય આપવા આવેલું મોટું ભક્તમંડળ બધાં ફર્સ્ટ ક્લાસના કમ્પાર્ટમેન્ટ સુધી આવ્યાં. ત્યાં જઈને જોયું તો એક આધેડ વયનાં પતિ-પત્ની કૂપેમાં પથારી જમાવીને બેસી ગયાં હતાં. આર્મી અધિકારીએ તેમને કહ્યું કે, ''તેઓ દહેરાદૂનથી આ કૂપેમાં આવ્યા છે અને હવે સંતો તેમાં પ્રવાસ કરશે.''

આકસ્મિક જ પેલાં દંપતી બોલી ઊઠ્યા, ''અરે! યહ કૂપે તો શાદી સુદાઓં કે લિયે હોતા હૈ, કોઈ સાધુબાબાઓ કે લિયે નહીં. કુછ સમજ હૈ?'' સ્વામીજીની કરુણા વરસી : 'કંઈ વાંધો નહી. આપણે કંડક્ટરને પૂછોને કે ક્યાં બેસીએ?' કંડક્ટર પણ પીધેલો જ હશે, તે કહે : 'અત્યારે 'એફ'કેબિનમાં બેસી જાઓ, પછી ટ્રેન ચાલશે ત્યારે તે વ્યવસ્થા કરી દેશે.'

આપણા અમદાવાદથી લોકો મણિનગર કે સાબરમતી જાય તેવું હરિદ્વારથી જ્વાલાપુર છે. રેલવેના માણસો સિનેમા-સર્કસ જોવા આવે પછી આ ટ્રેનના ફર્સ્ટ ક્લાસના જે તે ચેમ્બરમાં બેસીને જ્વાલાપુર જાય. આમ, આ 'એફ' કૅબિન તેવા લોકોથી ખીચોખીચ ભરી હતી. તેમને કહ્યું : ''ભાઈ અહીં આ સંતોને બેસવાનું છે'' તો ચટાકેદાર જવાબ મળ્યો. ''બાબ્બાજી! યે તો ફર્સ્ટ ક્લાસ હૈ, આપ કે પાસ ટિકિટ-બિકિટ હૈ ભી યા રામભરોસે?''

ખરું કહ્યું છે, **''વિશ્વં દર્પણ દશ્યમાન નગરી''** પોતે બધા જ રામભરોસે હતા એટલે ટિકિટવાળાને પણ રામભરોસે જ જાણે. ફરીથી કંડક્ટરનો સંપર્ક સાધ્યો. તેનો લુખ્ખો જવાબ જ માથામાં ભટકાયો, ''બાબ્બાજી! ઈધર-ઉધર હોતે રહોગે તો ટ્રેન છૂટ જાયેગી, સામાન રખ્ખો ના કહીં ભી...અભી ટ્રેન છૂટને હી વાલી હૈ'' ભક્તો દુઃખી હતા. આર્મી અધિકારી એક જ ક્ષણમાં બધાંને ઊંચકીને ડબા બહાર ફેંકી શકે તેવી ક્ષમતામાં હતા, પરંતુ સ્વામીજીનો પ્રભાવ **'શાંત સુમના મનાઃ'**ની જ પ્રતીતિ કરાવતો હતો. ટ્રેન ચાલી. સ્વામીજી કોરિડોરમાં સામાન

રાખીને રહ્યા. ભારે સામાન રાખવાના 'રેક' હોય ત્યાં બેઠા. કહે, વાહ! અહીં કેટલી શાંતિ છે, સ્વતંત્રતા પણ પૂરેપૂરી, લોકોને તો ટ્રેનમાં ઊભા રહેવાની જગ્યા નથી, આપણે શાંતિથી પગ લાંબા કરી શકાય તેવી વ્યવસ્થા છે. વળી, હાથ ધોવાની વ્યવસ્થા પણ સામે અને બાથરૂમ પણ બીજા બધાં કરતાં આપણાથી વધુ નિકટ, બહારથી કંઈ લેવું હોય તો પણ કેટલું સહેલું!! જ્વાલાપુરમાં પેલું રામભરોસે મંડળ ઉતરી ગયું ત્યારે 'એફ' કમ્પાર્ટમેન્ટમાં સગવડ થઇ ગઇ.

ત્રિવેન્દ્રમ ખાતે ખ્રિસ્તી સમુદાયનું ક્રાઈસ્ટ કોન્શિયસનેસનું રાષ્ટ્રીય સંમેલન હતું. સ્વામી ચિદાનંદજી મહારાજને અતિથિવિશેષરૂપે નિમંત્ર્યા હતા. સ્વામીજી ફ્લાઈટ ચૂકી ગયા. ટ્રેનમાં આવ્યા. આજકાલ જેવી ફોન-ફેક્સ કે ઈ-મેઈલની સગવડો ત્યારે નહોતી. તેથી ત્રિવેન્દ્રમ આવીને જાતે જ કોઈ હૉટલમાં ઉતારો કર્યો. કાર્યક્રમ સમયે નિર્ધારિત સ્થળે ગયા તો ત્યાંના સ્વયંસેવકે કહ્યું : ''આપનો 'પાસ' ક્યાં છે? આ તો વી.વી.આઈ.પી. ગેટ છે. આમ, ત્રણ-ચાર પ્રવેશદ્વાર પર જાકારો મળ્યો ત્યારે સ્વામીજી અને તેમના સેવક સર્વ સાધારણ જનતા જ્યાં બેસવાની હતી તે વિભાગમાં ગયા. ત્યાં પૂજ્ય સ્વામી ચિદાનંદજીનાં દર્શન અને સત્સંગ માટે વિશાળ સંખ્યામાં ભક્તો આવ્યા હતા, તેમને સૌને જ જાણે આનંદ આપવા સ્વામીજીએ લીલા કરી હોય તેવું લાગ્યું. જ્યારે આ વિભાગમાં આનંદ-કિલ્લોલ આકસ્મિક વધતાં આયોજકોને ખબર પડી કે આપણે તો સમજતા હતા કે પ્લેન આવ્યું પણ સ્વામી ચિદાનંદજી ન આવ્યા, સમાચાર પણ નથી, તેથી આપણે તેમની ઉપસ્થિતિ વગર વંચિત રહીશું. પરંતુ સ્વામીજી તો Already He is there!. કહેવાની જરૂર નથી કે, સન્માનપૂર્વક તેમને સ્ટેજ પર લઈ જવામાં આવ્યા, પરંતુ તેમના ચહેરા પર, 'કોઈ રૂસવાઈ(રીસ) નહીં, કોઈ શીકવા(ફરિયાદ) નહીં, 'કોઈ ગીલા(નિંદા) નહીં' અહી તો **'in all conditions, I am bliss bliss bliss absolute!!! હર હાલ મેં અલમસ્ત સચ્ચિદાનંદ હૂં'ની જ દિવ્ય ભાવના.**

સ્વામી શિવાનંદજી સદા કહેતા કે સૌથી પહેલાં તો સાધુ-સંતોએ 'હું સંન્યાસી છું' તેવું અભિમાન છોડવું.પછી 'તલાટી' તેનો અહંકાર છોડે, કારણ કલેક્ટર કરતાં તલાટી વધુ પાવર દેખાડતા હોય છે. માટે જ સ્વામી શિવાનંદજીના શબ્દો વાગોળવાના **'અભિમાન ત્યાગો...સેવા કરો; નારાયણ, નારાયણ, નારાયણ.''** બાકી સ્વામી ચિદાનંદજી મહારાજમાં પેલા નરસિંહ મહેતાનો વૈષ્ણવ સદા જાગ્રત છે **'મન અભિમાન ન આણે રે'**...મૂક વંદના.

## મેન્ટલ હાઇજીન

ગુજરાત દિવ્ય જીવન સંઘ અને દિવ્ય જીવન સંઘ-વડોદરા શાખાએ એક ત્રિદિવસીય સાધના શિબિરનું આયોજન માલસર-સત્યનારાયણ મંદિર-નર્મદા તટે ૪૦ વર્ષે પૂર્વે કરેલું.

સ્વામી ચિદાનંદજી મહારાજ ડૉ.શિવાનંદ અધ્વર્યુસાહેબના અમૃત મહોત્સવ માટે રાજકોટ પધારેલા. ત્યાંની પૂર્ણાહુતિ કરી મળસ્કે વડોદરા આવ્યા. પ્રાતઃ કર્મસ્નાન સંધ્યાથી નિવૃત્ત થઈને માલસર આવવા નીકળ્યા. આગળ બે ગાડીઓ તેમાં આયોજકો, યજમાનો, ટ્રસ્ટીઓ હતા. મોટા સ્વામીજીની ગાડીમાં તેઓ પાછલી સીટમાં આરામમાં હતા. આગળ સ્વામી અધ્યાત્માનંદજી અને બ્રહ્મચારી રામસ્વરૂપજી, તેમની પાછળ છેલ્લી અને ચોથી કારમાં સ્વામી ભૂમાનંદજી, સ્વાદિયાકાકા વગેરે.

હવે જે રસ્તે માલસર જવાનું હતું, તે વડોદરાથી ડભોઈ અને માલસર. તે છેલ્લો ટુકડો હજુ બંધાતો હતો. તેના પથરા બંને તરફ ઢગલો કરી રાખેલા. એક તો આગળની ગાડીઓ પાછળવાળાનો ખ્યાલ કર્યા વગર ધૂળ ઉડાડતી જતી હતી. વળી, ગાડીઓએ જતાં-આવતાં ઑવરટેક કરતાં આખાયે

રસ્તાની બાજુમાં ઢગલાબંધ નાખેલી મોટી મૅટલ (રસ્તામાં પૂરવાના પથરા કે કપચી) આખાયે રસ્તા ઉપર વિખરાયેલ હતી. તેથી ગાડી ખડબડ ખડબડ ઉપર-નીચે થતી હતી. પોઢેલા પ્રભુ જાગ્યા. સ્વામીજી કહે, ''ઓજી, ગાડી ખડી કરો'' અને કોઈને પણ કશુંયે કહ્યા વગર રસ્તામાં વેરવિખેર થઈને પડેલ મૅટલને બાજુના ઢગલામાં મૂકવા માંડી. સ્વામી ચિદાનંદજીની ગાડી થોભી એટલે પાછળની મોટર પણ ઊભી રહી ગઈ. આગળવાળા મિત્રોએ જોયું કે ધૂળની ડમરી શમી પણ બીજી ગાડીઓ દેખાતી નહોતી. તેથી તેઓ પાછા આવ્યા. તેમણે સૌએ ખૂબ જ લજ્જાનો અનુભવ કર્યો. આપણા જીવન પથેથી ગુરુ કંટકો દૂર કરે છે. આપણે ગુરુના માર્ગેથી આ ભૌતિક અડચણો દૂર ન કરી શક્યા. સવારે નાહ્યા-ધોયા હતા, શારીરિક શુદ્ધિ સરળ છે, પરંતુ ''મેન્ટલ હાઈજીન''નું શું?

સ્વામી ચિદાનંદજી તો આ બધાંથી ઉપરામ છે, કોણે શું કર્યું કે ન કર્યું તેનાથી મુક્ત. મારે શું કરવું જોઈએ, તેની જ સજાગતામાં તેઓ જીવે છે. ભૂતની ભૂતાવળથી મુક્ત છે, ભવિષ્યની પળોજણ કરતા નથી. વર્તમાનની પ્રત્યેક પળે દિવ્ય જીવન જીવે છે. સેવા તેમનો જીવનમંત્ર છે, તેથી જ તેઓ નિઃસ્પૃહી છે. તેથી જ સંત છે, તેથી જ ચિદાનંદ છે!

## વેદાંતીનો વિનોદ

સંતોને લાગણી હોય, સુખ-દુઃખ પણ હોય તેમ આનંદ-વિનોદ પણ હોય છે. ક્યારેક બાળક જેવા નિર્મળ સરળ હૃદયમાંથી નિઃસૃત તેમનો આનંદ આવતો હોય છે ત્યારે તેમનામાં રહેલી નિષ્કપટતા અને નિષ્પાપતાનું દર્શન પણ કરાવતો હોય છે.

યાત્રા જ્યારે મોડી રાતે કે આખીયે રાત કરવાની હોય ત્યારે સાધારણ રીતે ડ્રાઇવરો તેમનાં ચ્હા-પાણી માટે ગાડીઓ ઊભી રાખે જ. આવું જ એકવાર સૌરાષ્ટ્રથી છેક દક્ષિણ ગુજરાતની યાત્રામાં ડ્રાઇવરોએ ગાડી થોભાવી એટલે સ્વામી ચિદાનંદજીએ સ્વામી અધ્યાત્માનંદજી તથા બ્રહ્મચારી રામસ્વરૂપજીને કહ્યું, ''ઓજી! ગો એન્ડ ગીવ કંપની ટુ ડ્રાઇવર્સ.'' એટલે બંને સંતો ડ્રાઇવરને ચા-પાણી કરાવવા ગયા. કુદરતી રીતે તેમની સાથે તેઓ પણ ચપટી ચવાણું ચાખે તે સ્વાભાવિક છે. ત્યારે બીજા એક વડીલ સંત સ્વામી દેવાનંદજી મહારાજ તેમને બંનેને ડ્રાઈવર સાથે બેસીને અડધી રાતે આરોગતા જોઈને કહેવા લાગ્યા, ''અરે! તમે કંઈ નીતિ-નિયમમાં સમજો છો કે નહીં, રાત અડધી થઈ અને આ ડ્રાઇવરો સાથે બેસીને ખાઓ છો?'' પરંતુ ત્યારે જ પાછળથી મોટા સ્વામીજીનું આગમન થયું, કહે, ''વાહ! ઉજાણી ચાલે છે, લાવો જોઈએ, અમે પણ ચાખીએ, બધું કેવુંક સ્વાદિષ્ટ છે?'' અને તેઓ પણ બધી મંડળીમાં જોડાયા...!

એક વખત સ્વામી ચિદાનંદજી મસૂરી ખાતે બારલોગંજમાં વિશ્રામ અર્થે પધાર્યા હતા. સ્વામી અધ્યાત્માનંદજી હેપ્પીવેલી (લાલબહાદુર શાસ્ત્રી નેશનલ અકાદમી ફોર એડ્મિનિસ્ટ્રેશન-મસૂરી)માંથી દરરોજ ચાલીને સ્વામીજીની સેવામાં સવારે નવ વાગ્યે હાજર થઈ જતા અને સાંજના વર્ગો માટે ચાર વાગ્યે પાછા ચાલ્યા જતા.

એક દિવસ સ્વામી ચિદાનંદજીએ પૂછ્યું, ''તમારી લાઇબ્રેરીમાં ''નેસેસિટી ઑફ સંન્યાસ'' પુસ્તક છે? હોય તો લેતા આવજો ને.'' સ્વામી અધ્યાત્માનંદજી લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઑફ એડ્મિનિસ્ટ્રેશનમાં યોગનિર્દેશક તરીકે કાર્યનિરત હતા. ત્યાંથી સ્વામીજીએ માગેલું પુસ્તક લઈ આવ્યા. સ્વામી ચિદાનંદજીને તે પુસ્તક વાંચતાં ઊંઘ આવી ગઈ. પુસ્તક હાથમાંથી પડી ગયું, તેની સિલાઈ પૂંઠામાંથી નીકળી ગઈ. સ્વામી ચિદાનંદજીએ

આ બાબત સ્વામી અધ્યાત્માનંદજી પાસે દુ:ખ વ્યક્ત કર્યું. વિકસતાં પુષ્પ જેવા મઘમઘાટ કરતા રાષ્ટ્રીય પ્રશાસનિક તાલીમાર્થીઓ વચ્ચે યુવાનો જેવો તરવરાટ કરતા અધ્યાત્માનંદજી તેમની જ 'સ્લેંગ' ભાષામાં બોલી ગયા. ''નો પ્રોબ્લેમ સ્વામીજી! વી વિલ ચીપકાઓ ફાઈ'' (ચીપકાવવું એટલે ચોંટાડવું તેનું સ્લેંગ અંગ્રેજીકરણ ચોંટાડો ફાઈ-જેવું આ સ્ટેટમેન્ટ ચીપકાઓ ફાઈ!)

સ્વામી ચિદાનંદજી કશું બોલ્યા નહીં, માત્ર નાકની દાંડીએ ચશ્માં રાખી, ચશ્માંના કાચ ઉપરથી એક વેધક નજર તેમણે શિષ્યના પ્રત્યુત્તર તરફ કરી. થોડી વારે સ્વામી અધ્યાત્માનંદજીએ આવીને સ્વામી ચિદાનંદજીને પૂછ્યું, ''આ કિરણ વહેલી સવારથી મસૂરી ગયેલ છે. કામ માત્ર પંદર મિનિટનું છે. અડધો કલાક જતાં-આવતાં થાય તો પછી ક્યાં ગયા તે સજ્જન?'' સ્વામી ચિદાનંદજી સત્વરે બોલી ઊઠ્યા, ''ઓજી! હી ઈઝ યંગ મેન, હી મસ્ટ બી ઘુમિંગ'' (ઘુમિંગ - ઘૂમના-ફરતો હશે... વહેલી સવારે ચીપકાઓ ફાઈ સાંભળ્યું હતું ને! એટલે જ બેઠું એવું જ સ્લેંગ અંગ્રેજી સ્વામીજી બોલી ગયા.)

સંતોનાં હૃદય નિર્મળ હોય છે. તેથી જ તેઓ શિવાનંદ, ચિદાનંદ, માધવાનંદ, કૃષ્ણાનંદ, દયાનંદ, દેવાનંદ, વિમલાનંદ કે અધ્યાત્માનંદ કહેવાય છે. આનંદ તેમની થાપણ છે. તે પરદુ:ખે પીડાય, પરંતુ પારકે આનંદે આનંદી પણ થાય. માટે જ સદા વિનોદમાં રહે. MA..... માસ્ટર ઑફ અવિદ્યા અને મારી-મચડીને મેટ્રિક પાસ'' થઈને આવ્યો હોય તો "KKMP" એટલે ''ખીંચ ખીંચ કે મેટ્રિક પાસ !!!''

## ભક્તિનું દિવ્ય દર્શન

એક વાર પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ પરદેશથી દિલ્હી પધાર્યા. એરપોર્ટ પર સ્વામી અધ્યાત્માનંદજીને પૂછ્યું, ''પૂજ્યા શ્રી શ્રી મા દિલ્હીમાં સ્થિરતા કરે છે?'' ''સ્થિરતા હતી, પરંતુ આજે સવારના અગિયાર વાગ્યે વિશ્વનાથ મેલમાં કાશી-બનારસ જવાનાં છે....''

''સારું ત્યારે એક કામ કરો. ફળના બે ટોપલા તૈયાર કરો. એક મોટો અને એક નાનો. મોટો સાથે લઈ જઈ શકે અને નાનો તાત્કાલિક પ્રસાદ વહેંચાય માટે.'' બે ટોપલા તૈયાર થયા અને શ્રી સ્વામી ચિદાનંદજી ન્યુ દિલ્હી રેલવે સ્ટેશને સાડા દશ વાગ્યે પધાર્યા. થોડી વારે શ્રી શ્રી મા આનંદમયીમાને લઈ એક સફેદ કાર છેક રેલવે પ્લેટફોર્મ ઉપર આવી અને પૂજ્યા મા જે કમ્પાર્ટમેન્ટમાં યાત્રા કરવાનાં હતાં ત્યાં આવીને ઊભી રહી. ભીડ ખૂબ હતી. શ્રી સ્વામી ચિદાનંદજી ખૂબ દૂર ઊભા હતા. પૂજ્યા મા કારમાંથી ઊતર્યાં અને ગાડીના ડબામાં ચઢવા લાગ્યાં. શ્રી શ્રી માના પવિત્ર દેહવિગ્રહનું દર્શન થતાં જ સ્વામી ચિદાનંદજીએ પ્લેટફોર્મ ઉપર દંડવત્ પ્રણામ કર્યાં. સ્વામીજી દ્વારા આવી રીતે કરવામાં આવેલા પ્રણિપાત પૂજ્યા માએ તેમનાં અંતરમાં અનુભવ્યા. ''ડબામાંથી ઊતરી પડ્યાં. પાછળ ફરીને મા બાબા ! બાબા ! બાબા!'' કહેવા લાગ્યાં અને સૌએ ચોપાસ જોયું. સ્વામી ચિદાનંદજીને પૂજ્યા મા પાસે પહોંચે તેવો માર્ગ પ્રશસ્ત કર્યો અને ફરીથી સ્વામીજી શ્રી શ્રી માના શ્રીચરણોમાં ઢળી પડ્યા.

સ્વામીજીનું કહેવાનું છે, ''મા ! એક અસ્તિત્વ છે. દિવ્ય અવતરણ છે.'' જ્યારે શ્રી શ્રી માનું સદૈવ કહેવાનું કે, ''બાબા ચિદાનંદજીનાં દર્શન પ્રત્યક્ષ નારાયણ કા દર્શન.'' **પરસ્પરં દેવો ભવની** ભક્તિનું દિવ્ય દર્શન.

માટે જ શ્રી શ્રી મા સદૈવ કહેતાં, ''બાબા ચિદાનંદજી કો એક બાર સંતુષ્ટી સે ભોજન દેનેસે એક અશ્વમેઘ યજ્ઞ કા ફલ પ્રાપ્ત હોતા હૈ.''

**શ્રી સોમનાથ ટ્રસ્ટ** પ્રભાસ પાટણ, ગીર-સોમનાથ, હરિહરધામમાં

# શિવપુરાણ કથા

**પ્રારંભ :** ભાદરવા સુદ-૧, શનિવાર તા. ૩૧-૦૮-૨૦૧૯

**પૂર્ણાહુતિઃ** ભાદરવા સુદ-૧૦, રવિવાર, તા. ૦૮-૦૯-૨૦૧૯

**સમય :** દરરોજ બપોરે ૩-૦૦ થી ૭-૦૦ વાગ્યા સુધી

**સ્થળ :** ચોપાટી, મંદિર પરિસર પાસે, પ્રભાસ પાટણ, તા. વેરાવળ, જિ. ગીર-સોમનાથ-૩૬૨૨૬૮

**વ્યાસસ્વરૂપ વક્તા : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ, (શિવાનંદ આશ્રમ, અમદાવાદ)**

**'શિવપુરાણ કથા'માં યજમાન તરીકે ભાગ લેવા આપને ભાવભર્યું નિમંત્રણ છે.**


| ક્રમ | યજમાનપદ | સંખ્યા | ન્યોછાવર મૂલ્ય (રૂ.) |
|---|---|---|---|
| ૧. | મુખ્ય યજમાનપદ | ૧ | ૫,૫૧,૦૦૦/- |
| ૨. | વિશિષ્ટ યજમાનપદ | ૪ | ૩,૩૧,૦૦૦/- |
| ૩. | એક પોથી પધરામણીનું યજમાનપદ | --- | ૪૧,૦૦૦/- |
| ૪. | શ્રી સતી-શિવવિવાહના યજમાન | ૧ | ૩૧,૦૦૦/- |
| ૫ | શ્રી શિવ-પાર્વતીવિવાહના યજમાન | ૧ | ૩૧,૦૦૦/- |
| ૬. | શ્રી ગણેશ પ્રાગટ્યના યજમાન | ૧ | ૩૧,૦૦૦/- |
| ૭. | શ્રી ગણેશવિવાહના યજમાન | ૧ | ૩૧,૦૦૦/- |
| ૮. | શ્રી નૃસિંહ પ્રાગટ્યના યજમાન | ૧ | ૩૧,૦૦૦/- |
| ૯. | શ્રી હનુમાન પ્રાગટ્યના યજમાન | ૧ | ૩૧,૦૦૦/- |
| ૧૦. | દ્વાદશ જ્યોતિર્લિંગપૂજનના યજમાન | ૧૨ | ૩૧,૦૦૦/- |
| ૧૧. | શ્રી જગદંબા પ્રાગટ્યના યજમાન | ૧ | ૩૧,૦૦૦/- |
| ૧૨. | શ્રોતાઓના એક ટંક ભોજન-ફળાહારના દાતા | ૨૦ | ૩૧,૦૦૦/- |
| ૧૩. | એક ટંક બ્રહ્મભોજન | ૧૫ | ૩૧,૦૦૦/- |
| ૧૪. | આરતીના સહભાગી દાતા | ૨૦૦ | ૫,૦૦૦/- |
| ૧૫. | સૂકા મેવા - સાકરિયાની સેવા | ૫૦ | ૩,૦૦૦/- |

**યજમાન માટે વ્યવસ્થા-સુવિધાનો લાભ**


- મુખ્ય યજમાન અને તેમના પરિવાર માટે ૫ રૂમની ફાળવણી, મુખ્ય યજમાનના ૫૦ મહેમાનને ભોજન પાસ અને નિયમિત શાસ્ત્રોક્ત પોથીપૂજન-આરતી તથા ઉત્સવોની ઉજવણીમાં સહભાગી થવાનો લાભ.
- વિશિષ્ટ યજમાન અને તેમના પરિવાર માટે ૩ રૂમની ફાળવણી, ૨૫ મહેમાન માટે ભોજન પાસ અને નિયમિત શાસ્ત્રોક્ત પોથીપૂજન-આરતીમા અને ઉત્સવોની ઉજવણીમાં સહભાગી થવાનો લાભ.
- એક પોથી પધરાવનારને ૧ રૂમની ફાળવણી, પાંચ મહેમાન માટે ભોજન પાસ અને નિયમિત શાસ્ત્રોક્ત પોથીપૂજન આરતી અને ઉત્સવોની ઉજવણીમાં સહભાગી થવાનો લાભ.
- કથા શ્રવણ માટે શિવાનંદ આશ્રમના આશ્રયે જે જે ભક્તો સોમનાથ-શિવપુરાણ કથામાં આવવા ઈચ્છશે તેમના નિવાસ માટે ૩૦% વળતર અને નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા કરવામાં આવશે.
- વધારે જાણકારી અને નામ નોંધાવવા માટેનું **સંપર્ક સૂત્ર : શ્રી દિલીપ ચાવડા- ૯૪૨૮૨ ૧૪૯૦૧ ● શ્રી વિજયસિંહ ચાવડા - ૯૪૨૮૨ ૧૪૯૦૯ ● શ્રી મયુર પૃચ્છક - ૯૪૦૯૩ ૦૯૬૫૬ ● શ્રી જીતુપુરી ગોસ્વામી - ૯૪૨૮૨ ૧૪૯૧૨ ● શ્રી બાલારાજા શામળા - ૯૪૨૮૨ ૧૪૯૦૮ ● શ્રી વિજય વસંતે - ૯૯૯૮૨ ૩૭૧૮૯**



# હૃષીકેશમાં શ્રીમદ્ ભાગવત કથા



શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, શિવાનંદ આશ્રમ, અમદાવાદ દ્વારા આયોજિત પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના અમૃત મહોત્સવ (૭૫ વર્ષ) નિમિત્તે **આગામી દિવાળી વેકેશનમાં કારતક સુદ-૪, તારીખ ૩૧-૧૦-૨૦૧૯થી કારતક સુદ-૯ તારીખ ૬-૧૧-૨૦૧૯** સુધી હૃષીકેશમાં મા ગંગાજીના કિનારે શ્રી પરમાર્થ નિકેતન આશ્રમમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરેલ છે તો સર્વે ભક્તોને આ દિવ્ય ભાગવત સપ્તાહનો લાભ લેવા નમ્ર વિનંતી.



## વ્યાસસ્વરૂપ વક્તા
## શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ
## કથાનો સમય : સવારે ૯-૩૦ થી ૧-૦૦

ભાગવત કથા તા. ૩૧-૧૦-૨૦૧૯ થી તારીખ ૬-૧૧-૨૦૧૯ સુધી સવારે ૯-૩૦ થી ૧-૦૦ સુધી રહેશે. તદુપરાંત તા. ૩૧-૧૦-૨૦૧૯ થી તા. ૬-૧૧-૨૦૧૯ સુધી જે ભક્તો આવેલ હોય અને તેમાં જે ભક્તોને ધ્યાન, પ્રાણાયામ, યોગમાં રુચિ હશે તેમના માટે શિવાનંદ આશ્રમના યોગ શિક્ષકો દ્વારા સવારે ૬-૩૦ થી ૭-૩૦ સુધી યોગાસનના વર્ગ પણ ચાલશે અને દરરોજ સાંજે ગંગાજીની આરતી પણ ત્યાં થશે અને રાત્રિના ભોજન પછી રોજ રાત્રે સત્સંગ, કીર્તન-ગરબાનો કાર્યક્રમ પણ રહેશે. **ભાગવત કથા પેટે ન્યોછાવર રૂ. ૬૦૦૦/- રાખેલ છે. જેમાં આશ્રમમાં રોકાણ, નાસ્તો અને બે વખતના ભોજનનો સમાવેશ થાય છે. ટ્રેન-પ્લેનની ટિકિટનો આ ન્યોછાવરમાં સમાવેશ થતો નથી.** તો આમાં લાભ લેવા માગતા ભક્તોએ નીચેના નંબર પર સંપર્ક કરી નામ નોંધાવવા નમ્ર વિનંતી.

(૧) પૂનમબહેન : ૯૮૯૮૯૫૩૫૮૦ (૨) વીરેન્દ્રભાઈ : ૯૪૨૮૮૦૫૦૧૫ (૩) રૂપાબહેન : ૯૮૭૯૨૩૪૬૩૦ (૪) વિજયભાઈ : ૯૮૨૫૦૧૨૩૯૬ તેમજ શિવાનંદ આશ્રમના કાર્યાલયમાં અથવા ત્રણેય મંદિરના પંડિત પાસે.

**હૃષીકેશ વ્યવસ્થા કરવાના હેતુથી આપનું રજિસ્ટ્રેશન તા. ૩૦-૬-૨૦૧૯ પહેલાં કરવા વિનંતી.**

**પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજના 'અમૃત મહોત્સવ' નિમિત્તે હૃષીકેશમાં ભાગવત સપ્તાહ માટે ન્યોછાવર નીચે મુજબ રાખવામાં આવેલ છે, જેમાં ભાગ લેવા આપ સૌ દાતાઓને હાર્દિક નિમંત્રણ છે.**

| | યજમાનપદ | ન્યોછાવર મૂલ્ય (રૂ.) |
|---|---|---|
| ૧. | મુખ્ય યજમાન | ૨,૫૧,૦૦૦/- |
| ૨. | વિશિષ્ટ યજમાન | ૧,૩૧,૦૦૦/- |
| ૩. | રુક્મિણી વિવાહ | ૧,૦૧,૦૦૦/- |
| ૪. | શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ | ૫૧,૦૦૦/- |
| ૫. | એક ટંક ભોજન | ૫૧,૦૦૦/- |
| ૬. | શ્રી ગોવર્ધનપૂજા | ૪૧,૦૦૦/- |
| ૭. | પોથી યજમાન | ૩૧,૦૦૦/- |
| ૮. | કથાના અંતે એક દિવસની પ્રસાદી | ૩,૦૦૦/- |
| ૯. | એક દિવસની આરતી | ૧,૧૦૦/- |

● **યજમાન માટે વ્યવસ્થા-સુવિધાનો લાભ** ●

- મુખ્ય યજમાન અને તેમના પરિવાર માટે ૫ રૂમની ફાળવણી તથા મુખ્ય યજમાનના ૧૦ મહેમાનોને ભોજનપાસ અને નિયમિત શાસ્ત્રોક્ત પોથીપૂજન-આરતીમાં સહભાગી થવાનો લાભ.
- વિશિષ્ટ યજમાન અને તેમના પરિવાર માટે ૩ રૂમની ફાળવણી તથા ૬ ભોજનપાસનો લાભ.
- રુક્મિણી વિવાહના યજમાન માટે ૨ રૂમ અને ૪ ભોજનપાસનો લાભ.
- શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ, એક ટંક ભોજનના દાતા, પોથી યજમાન અને શ્રી ગોવર્ધનપૂજાના યજમાન માટે ૧ રૂમ અને ૨ ભોજનપાસનો લાભ.

ન્યોછાવર રોકડા/ચેક/ડ્રાફ્ટ અથવા ડાયરેક્ટ બેંક ટ્રાન્સફરથી ચૂકવી શકાશે.

ચેક/ડ્રાફ્ટ **'શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ'**ના નામનો લખવો.

ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર માટે બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :

બેંકનું નામ : **યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, જોધપુર શાખા, અમદાવાદ**

ખાતા નંબર : **૪૨૨૩૦૨૦૧૦૦૦૪૩૦૧**

IFSC CODE : UBIN 0542237

**કથા હિન્દી ભાષામાં થશે.**

**કથામાં લાભ લેવા માગતા ભક્તો વધુ વિગત માટે નીચેના નંબર પર સંપર્ક કરી શકે છે.**

**(૧) પૂનમબહેન : ૯૮૯૮૯૫૩૫૮૦ (૨) વીરેન્દ્રભાઈ : ૯૪૨૮૮૦૫૦૧૫**

**(૩) રૂપાબહેન : ૯૮૭૯૨૩૪૬૩૦ (૪) વિજયભાઈ : ૯૮૨૫૦૧૨૩૯૬**

# વૃત્તાંત

**● તા. ૧-૪-૨૦૧૯ થી તા. ૪-૪-૨૦૧૯, લુધિયાણા (પંજાબ)**

પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજને છેક ૧૯૭૫થી નિયમિત પંજાબની યાત્રાએ સત્સંગ અને સંમેલન માટે અને યુનિવર્સિટીઓમાં નિમંત્રવામાં આવે છે. જાલંધર દૂરદર્શન પરથી પણ પૂજ્ય સ્વામીજીના કાર્યક્રમો 'યોગ-સ્વાસ્થ્ય અને મારું ગામ-મારું ખેતર (મેરા પીંડ-મેરા ખેત)' પણ અવારનવાર આવે છે. આ વર્ષે પણ પૂજ્ય સ્વામીજીને શિલાન્યાસ, ગૃહપ્રવેશ અને રખબાગ ખાતે ત્રિદિવસીય સત્સંગ માટે નિમંત્રવામાં આવ્યા. પ્રવચનનો વિષય હતો : 'આંતર જાગરણ.' આ બધા કાર્યક્રમોનું આયોજન છેલ્લાં ૪૪ વર્ષથી શ્રીમતી દર્શન જૈન અને શ્રી રાજકુમાર જૈન પરિવાર કરે છે.

**●તા. ૬-૪-૨૦૧૯થી તા. ૧૪-૪-૨૦૧૯, અમદાવાદ**

પવિત્ર ચૈત્ર નવરાત્રી દરમિયાન શિવાનંદ આશ્રમમાં **'શ્રી રામચરિતમાનસ નવાન્હ પારાયણ'**નું આયોજન થયું. તા. ૧૪ એપ્રિલે શ્રી રામનવમી, નિમિત્તે શ્રી રામયજ્ઞ અને શ્રી રામપૂજન-અર્ચન-વિશેષ ભોગ તથા આરતી સંપન્ન થયાં. શ્રી રામચરિતમાનસ પાઠ-પારાયણ આશ્રમના આચાર્યશ્રી કમલેશકુમાર ઝાની અધ્યક્ષતામાં થયાં, જેનો દરરોજ દોઢસોથી વધુ ભક્તોએ લાભ લીધો.

● શ્રી જયંતીલાલ જેઠાલાલ કાચવાળા પૂજ્યશ્રી સ્વામી સત્યમિત્રાનંદજી મહારાજના ભક્ત છે. તેઓના નવ દશાબ્દિ વર્ષનું આયોજન આજરોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય સભાગૃહમાં થયું. હકડે-ઠઠ્ઠ ભરાયેલાં સભાગૃહમાં વહાલા 'કાકા'ને અભિનંદન તથા આશીર્વાદ આપવા પૂજ્ય સ્વામીજીને પણ નિમંત્રવામાં આવેલા. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી દિલીપ પરીખ તથા સાંસદો-સંતો પણ ઉપસ્થિત રહ્યા.

**●તા. ૧૮-૪-૨૦૧૯થી તા. ૨૯-૪-૨૦૧૯, અમદાવાદ**

પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની નિશ્રામાં ૮૦૫મો યોગાસન, પ્રાણાયામ, ધ્યાન શિબિર આશ્રમમાં આયોજાયો, જેમાં ૭૫૦ યોગપ્રેમીઓ જોડાયા.

સાંજે શ્રીનંદકિશોરજીની વ્યાસપીઠે સુંદરકાંડ પારાયણ થયું.

**● તા. ૧૯-૪-૨૦૧૯ થી તા. ૨૭-૪-૨૦૧૯, અમદાવાદ**

શિવાનંદ આશ્રમના વાર્ષિકોત્સવનો પ્રારંભ ૧૮-૪થી થયો. આજથી પૂજ્ય સ્વામીજીની વ્યાસપીઠે આશ્રમના શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવનમાં શ્રી દેવી ભાગવત કથાનું આયોજન થયું. તેનો ભક્તોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને લાભ લીધો.

આજે હનુમાનજયંતી નિમિત્તે શ્રી હનુમત યજ્ઞ અને અર્ચના થયાં.

**● ૨૧-૪-૨૦૧૯, અમદાવાદ**

રાત્રે સૌ. બંસરીબહેન ભટ્ટના પ્રમુખ સ્વરમાં ગરબાનું આયોજન પણ થયું, જેનો ભક્તોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક લાભ લીધો.

**● ૨૩-૪-૨૦૧૯, અમદાવાદ**

દિલ્હીના સુપ્રસિદ્ધ ભક્ત-ગાયક શ્રી અજય યાજ્ઞિકજીની વ્યાસપીઠે "માતા કી ચોકી"નું આયોજન થયું. પંજાબ-ઉત્તર પ્રદેશ- હિન્દીભાષા-ભાષી ભક્તોના વિશાળ મહેરામણે આ ભવ્ય અને દિવ્ય પ્રસંગનો લાભ લીધો.

**● ૨૫-૪-૨૦૧૯, અમદાવાદ**

આજે રવિવારના રોજ આશ્રમમાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન થયું, જેમાં ૯૦ લોકોએ રક્તદાન કરી માનવતાની સેવા કરી. ઈન્ડિયન રેડ ક્રોસનાં સૌજન્યથી આ શિબિરનું આયોજન થયું.

● આજરોજ શ્રી દેવી ભાગવત કથામાં નિર્વાણપીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજે પધારી સૌને ઉપકૃત કર્યા.

**●તા. ૨૭-૪-૨૦૧૯, અમદાવાદ**

'ગુજરાત રત્ન ગૌરવ' સન્માનથી સન્માનિત શ્રીમતી સ્મિતા શાસ્ત્રીજીની સંસ્થા 'નર્તન સ્કૂલ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ'નાં કલાકર બહેનો દ્વારા નૃત્યાંજલી કાર્યક્રમ ખૂબ જ અદ્ભુત રીતે પ્રસ્તુત થયો.

● સુપ્રસિદ્ધ સંન્યાસિની અને પ્રવકતા સુશ્રી આનંદમૂર્તિ ગુરુ

માતાજીનું આજરોજ સાંજે શ્રી દેવી ભાગવત કથા દરમિયાન સન્માન થયું. તેમની વિશિષ્ટ ક્ષમતા સંપન્ન વિભૂતિ સ્વરૂપ ઉપસ્થિતિથી સૌ ધન્ય થયાં.

**● તા. ૨૮-૪-૨૦૧૯, રવિવાર, અમદાવાદ**

'ગુજરાત દિવ્ય જીવન સંઘ'નું પ્રાદેશિક સંમેલન આજરોજ વહેલી સવારથી પ્રારંભ કરી રાતના સાડા આઠ વાગ્યા સુધી ચાલ્યું. સવારે પ્રારંભિક જય ગણેશ ઈત્યાદિ પ્રાર્થના બાદ રાજસ્થાનના પિપલાંત્રી ગામના સરપંચશ્રી શ્યામસુંદર પાલિવાલજી દ્વારા ખૂબ જ આંતરપ્રેરણાપ્રદાયક પ્રવચન થયું. ત્યારબાદ ભવન્સ કોલેજના પ્રધાનાચાર્યા ડો. નીરજા અરુણ ગુપ્તાજી દ્વારા વર્તમાન શિક્ષણ અને આપણા ભવિષ્ય વિશે આત્મચિંતનપ્રેરક ઉદ્‌બોધન થયું.

મધ્યાહ્ન સભા મધ્યાહ્ન ધ્યાન સાથે સંપન્ન થઈ. ભોજન બાદ ફરીથી બપોરના બે વાગ્યાથી અઢી વાગ્યા સુધી સમૂહમાં 'શ્રી વિષ્ણુસહસ્રનામ' અને ત્યારબાદ સંસ્થાના પ્રન્યાસી આદરણીય શ્રી અરુણભાઈ ઓઝાએ 'ગુજરાત દિવ્ય જીવન'ના પ્રમુખ માસિક પત્ર 'દિવ્ય જીવન'ના અંકને વધુ લોકો સુધી કેમ પહોંચાડી શકાય તે વિષે ચર્ચા-વિચારણા કરી અને તેઓશ્રી તથા આશ્રમના ઉપાધ્યક્ષ શ્રી અતુલભાઈ પરીખ દ્વારા ૭૫૦ શાળાઓમાં એક વર્ષ માટે તથા ૭૫ આજીવન સભ્યો બનાવીને એક ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું.

ત્યારબાદ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે **''આચાર પ્રભવો ધર્મઃ''** આપણું આચરણ જ આપણો ધર્મ છે, વિષયક ઉદ્‌બોધન કર્યું. ત્યારબાદ શ્રી હરકેશ આશ્રમના અધ્યક્ષ ડો. સ્વામી મુક્તાનંદજી મહારાજે ''વર્તમાન રાષ્ટ્રના પરિપેક્ષ્યમાં આપણું કર્તવ્ય'' વિષયક ખૂબ જ પ્રેરણાદાયક તથા રાષ્ટ્રપ્રેમ સંવર્ધક ઉદ્‌બોધન કર્યું.

સાયંકાલીન ત્રીજી સભાનું અધ્યક્ષસ્થાન અને વક્તા બ્રહ્માકુમારી સુશ્રી શિવાનીદીદી રહ્યાં. સવારથી જ હજાર ઉપરાંત મુમુક્ષુઓની હાજરીમાં આ ત્રીજી સભામાં ઘોડાપૂર આવ્યું હોય તેવો ધસારો થયો. મુખ્ય સભાગૃહમાં જે લોકો પ્રવેશ ન કરી શક્યા તેમના માટે 'દશ્ય-શ્રાવ્ય' વિધિ વડે પ્રથમ માળે આવેલા સભાખંડમાં પણ બેસવા-જોવા-સાંભળવાની વ્યવસ્થા કરવામાં આવેલી. ૧૬૫૦થી વધુ ભક્તોએ પ્રવચનના અંતે ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યો.

**● તા. ૨૯-૪-૨૦૧૯, અમદાવાદ**

આજે શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવનનો અઢારમો પાટોત્સવ ઊજવાયો. વહેલી સવારથી નવચંડી- લક્ષ્મીહોમ પછી મધ્યાહ્ને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું.

સાંજે 'તત્ત્વતીર્થ'નાં પ્રમુખ સન્માનિત સંન્યાસિની સ્વામિની પૂજ્યા વિદ્યાપ્રકાશાનંદ માતાજીએ **''અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પુરુષઃ''** કયા કારણસર માનવી ઈચ્છતો ન હોવા છતાં પાપ કૃત્ય કરે છે, તેની પાસે આવું ખોટું કામ કોણ કરાવે છે, વિષયક ખૂબ જ મનનીય ઉદ્‌બોધન કર્યું.

રાત્રે આંતરરાષ્ટ્રીય નૃત્ય મહોત્સવનું આયોજન આશ્રમમાં થયું, જેમાં અમદાવાદ, આસામ, મણિપુર, કલકત્તા, જયપુર અને દિલ્હી અને ત્રિવેન્દ્રમના કલાકારોએ મણિપુરી, કથ્થક, ભરતનાટ્યમ્ ઉપરાંત કથકલી નૃત્યો પ્રસ્તુત કર્યાં.

**● તા. ૩૦-૪-૨૦૧૯, અમદાવાદ**

સાંજના ૬.૦૦ થી ૭.૩૦ વાગ્યા સુધી વહેલાલનાં પૂજ્ય સ્વામિની અનંતાનંદ માતાજીનું ''અધ્યાત્મયાત્રાની બે પાંખ : વિવેક અને ધૈર્ય'' વિષયક ખૂબ જ મનનીય પ્રવચન થયું.

ત્યારબાદ રાત્રે આંતરરાષ્ટ્રીય નૃત્ય મહોત્સવના બીજા દિવસે કથ્થક, મોહિની અટ્ટમ, કુચીપુડી, ભરતનાટ્યમ્, ઓડીસી નૃત્ય પ્રસ્તુત થયાં.

આ બંને દિવસના આંતરરાષ્ટ્રીય નૃત્ય મહોત્સવના સૌજન્યદાતા શ્રી જે.જી. કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, અમદાવાદ સાઉથ ઈન્ડિયન એસોસિયેશન, ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ તથા શિવાનંદ આશ્રમના સૌજન્યથી પ્રસ્તુત થયાં. બંને દિવસ જે.જી. કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના ડાયરેક્ટર અને વાયએમસીએ, અમદાવાદના નિર્માતા શ્રી જહોન જી. વર્ગીસ ઉપસ્થિત રહ્યા.

**● તા. ૧-૫-૨૦૧૯, અમદાવાદ**

આજરોજ 'ગુજરાત દિવસ' નિમિત્તે સાંજના ૫.૩૦ વાગ્યે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના ભવ્ય સભાગૃહમાં Gujarat Public Affairs Council of Canada (GPAC) અને ગુજરાત સમાજ (USA) દ્વારાપૂજ્ય સ્વામીજીને 'ગુજરાત રત્ન ગૌરવ' ટાઈટલથી સન્માનવામાં આવ્યા.

સાંજના ૬.૦૦ થી ૭.૩૦ વાગ્યા સુધી હેરંજના જ્ઞાનવિહાર આશ્રમના અધ્યક્ષ પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અસંગાનંદજી મહારાજે "અંતરયાત્રા" વિષયક ખૂબ જ મનનીય પ્રવચન કર્યું. રાત્રે નૃત્ય ભારતી સંસ્થાના કલાકારો દ્વારા અદ્‌ભૂત અને અવિસ્મરણીય નૃત્ય પ્રસ્તુત કર્યાં

**● તા. ૨-૫-૨૦૧૯, અમદાવાદ**

શિવાનંદ આશ્રમના વાર્ષિકોત્સવ પ્રસંગે આજરોજ સાંજના ૬.૦૦ થી ૭.૩૦ વાગ્યા સુધી શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ શ્રીમત્ સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજશ્રીનું "અધ્યાત્મદર્શનનું મૂર્ત સ્વરૂપ શ્રી રામકૃષ્ણદેવ" વિષયક ખૂબ જ પ્રેરણાદાયક પ્રવચન થયું. રાત્રે 'એકલવ્ય સંસ્કૃત અકાદમી'ના સૌજન્યથી સંસ્કૃતમાં ગરબા થયા.

**● તા. ૩-૫-૨૦૧૯, અમદાવાદ**

પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૭૫મા પ્રાગટ્ય પર્વ નિમિત્તે આજ વહેલી સવારથી વડોદરાના સુપ્રસિદ્ધ ગાયકવાડ બ્રધર્સ દ્વારા શરણાઈવાદન થયું. પ્રાતઃકાલીન પ્રાર્થના અને ધ્યાન બાદ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે 'ગુરુ મહિમા' વિશે પોતાની હૃદયની ભાવનાઓ પ્રસ્તુત કરી. યોગશિક્ષકો અને મુમુક્ષુઓ દ્વારા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન કરવામાં આવ્યું.

અલ્પાહાર પશ્ચાત્ સૌ આશ્રમ સ્થિત મંદિરોનાં દર્શને ગયા. ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજ તથા શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાઓની પૂજા બાદ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની પાદપૂજા પણ કરવામાં આવી. મધ્યાહ્‌ને આયુષ્ય હોમ પછી નારાયણ સેવા અને ભંડારાનું આયોજન થયું.

સાંજની સભાનો પ્રારંભ પણ શરણાઈવાદન અને ત્યારબાદ ડો. શિવાનીજીની સંસ્થાનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા મંગલ પ્રાર્થના પ્રસ્તુત થઈ. આદરણીયશ્રી લહેરીસાહેબ (નિવૃત્ત I.A.S.)ને "માનવભૂષણ" અને ડો. મિહિર ઉપાધ્યાયને "સંસ્કૃતભૂષણ" ઉપાધિથી ગુજરાત રાજ્યના આદરણીય મહામહિમ શ્રી ઓમપ્રકાશ કોહલીજી દ્વારા સન્માનવામાં આવ્યા. શ્રી જહોન જીવર્ગીસજીએ પૂજ્ય સ્વામીજીનું બહુમાન કર્યું. આદરણીય રાજ્યપાલ મહોદયે 'શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાન'માં "માનવતા સે" વિષય પરત્વે ખૂબ જ ઋષિતુલ્ય ઉદ્‌બોધન કર્યું.

રાત્રે પંડિત વિકાસ પરીખ, પંડિત નીરજ પરીખ, પંડિત માતંગ પરીખ પરિવાર દ્વારા ભવ્ય અને દિવ્ય દૈવી ગાયન પ્રસ્તુત થયાં. મહાનિશાધ્યાન સમયે શરણાઈવાદન થયું. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની ભૌતિક પૂજા પછી કાર્યક્રમનું સમાપન થયું. આ તમામ દિવસો દરમિયાન સવારે બે કલાક મહામૃત્યુંજય મંત્રના જપ અને દરરોજ રાત્રે કાર્યક્રમ બાદ ભોજન - મહાપ્રસાદની સેવા કરવામાં આવી.


**● તા. ૪-૫-૨૦૧૯, અમદાવાદ**

શિવાનંદ આશ્રમ, દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ અને ગુજરાત દિવ્ય જીવન સંઘ, અમદાવાદના વાર્ષિકોત્સવનું સમાપન આજરોજ 'સાધુ-ભોજન' ભંડારા અને સાંજે શ્રી શાસ્ત્રીજી ભરતભાઈ સાધુની વ્યાસપીઠ પર શ્રી સુંદરકાંડ પારાયણથી થયું. **સમગ્ર ઉત્સવ દરમિયાન જેટલાં પ્રવચન થયાં તેના સારનો આ અંકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.**

આ સમગ્ર ઉત્સવમાં આશીર્વાદ આપનાર ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજ પ્રેરિત શિવાનંદ આશ્રમમાં જ દીક્ષિત સંતો છે તે સૌ છેક ગંગોત્રી, બદરીનારાયણ, જગન્નાથપુરી, શ્રીરામેશ્વરમ્, હૃષીકેશ, હરિદ્વાર અને નર્મદાતટથી પધાર્યા. સંતોની ઉપસ્થિતથી સમગ્ર કાર્યક્રમની શોભા વધી તેમજ સંતોનાં દર્શનથી સૌ પાવન થયાં.

આ પ્રસંગમાં ભાગ લેવા શિવાનંદ યોગ સ્ટુડિયો તાઈપી-તાઈવાનથી ૩૨ યોગપ્રેમીઓ યોગી જેમ્સ લોની અધ્યક્ષતામાં આવ્યા. તદ્‌ઉપરાંત ભક્તો લખનઉ, દિલ્હી, ભુવનેશ્વર, બરહમપુર અને સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા પંજાબથી આવ્યા.

ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના પવિત્ર આશ્રમમાં સૌએ પધારી જે સમયદાન કર્યું, ઉપસ્થિતિથી અનુગ્રહિત કર્યા તેથી આશ્રમ સંચાલનકર્તા સૌનો આભાર માને છે.


SUVARNAKALA®
Gold, Diamond & Silver Jewellery
BIS Approved Jeweller
આભૂષણ
જે આકર્ષણ જગાવે...
અમદાવાદ
સી.જી. રોડ
"નેશનલ પ્લાઝા"
લાલ બંગલાની સામે
સેટેલાઇટ
"વીનસ એમેડીયસ"
જોધપુર ચાર રસ્તા BRTS બસ સ્ટેન્ડ સામે
www.suvarnakala.com
BIS Hallmarked Jewellery
Follow us

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




**શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.**
**ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!**


**રામદેવ**

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

**રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા.લિ.**
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity







'ગુજરાત દિવ્ય જીવન સંઘ'ના વાર્ષિક સંમેલન નિમિત્તે તા. ૨૮-૪-૨૦૧૯ના રોજ વક્તાઓ :
(૧) શ્રી શ્યામસુંદર પાલિવાલજી (૨) ડૉ. સ્વામી મુક્તાનંદજી મહારાજ (૩) ડૉ. નીરજા અરુણ ગુપ્તા
(૪) ડૉ. બ્રહ્માકુમારી શિવાનીજી (૫) ઉપસ્થિત ભક્ત મુમુક્ષુ સમુદાય (તા. ૨૮-૪-૨૦૧૯)



પૂજ્યા સ્વામિની અનંતાનંત માતાજીની દિવ્ય ઉપસ્થિતિ અને ઉદ્‌બોધન (તા. ૩૦-૪-૨૦૧૯)



પૂજ્ય શ્રી સ્વામી અસંગાનંદજી મહારાજની દિવ્ય ઉપસ્થિતિ અને ઉદ્‌બોધન (તા. ૧-૫-૨૦૧૯)



પ્રાકટ્ય મહોત્સવની પ્રભાતે બાળકો દ્વારા આનંદ-કિલ્લોલ (તા. ૩-૫-૨૦૧૯)



બાળ ચિત્રકાર અચ્યુત યતિન દ્વારા પૂજ્ય સ્વામીજીને બાલકૃષ્ણની છબીનું પ્રદાન (તા. ૩-૫-૨૦૧૯)

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI



પૂજ્ય શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજનું ઉદ્‌બોધન અને સંત સમાગમ (તા. ૨-૫-૨૦૧૯)



સંતો માટે પ્રીતિ ભોજન (તા. ૪-૫-૨૦૧૯)



મહાનિશાધ્યાન પૂર્વે પરીખ પરિવાર દ્વારા ભક્તિ સંગીત (તા. ૩-૫-૨૦૧૯)



શિવાનંદ યોગ સ્ટુડિયો તાઈપી-તાઈવાનના યોગમુમુક્ષુઓનો પ્રમાણપત્ર વિતરણ સન્માન સમારોહ



સૂર, તાલ અને નૃત્યનો સંગમ

નવગુજરાત સમય દ્વારા શિવાનંદ આશ્રમ ખાતે વર્લ્ડ નૃત્ય મહોત્સવનું ચિત્રદર્શન

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234